સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૬ | અંક : ૭ | ઓગસ્ટ - ૨૦૧૭

## ૧૫મી ઓગસ્ટ
## સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા





# ડો. રઘુભાઈ નાયક

**જન્મજયંતી : ૧૫ ઓગસ્ટ ૧૯૦૭**

લોકશાહી દેશ સમૃદ્ધ હોય ત્યાં પણ જેમ નાગરિકને હક્કો છે, તે મુજબ જ નાગરિકને ફરજો પણ છે. પોતાની ફરજો અદા નહીં કરનારને હક્કની વાત કરવાનો કોઈ અધિકાર ન હોઈ શકે. જે દેશ ઘણી બાબતોમાં સંજોગોવસાત પછાત રહી ગયો હોય તો તે દેશના નાગરિકોએ તો પોતાના હક્કો અંગે થોડા સમય માટે ઘણો ત્યાગ કરવો પડે, અને હક્કના ભોગવટા કરતાં ફરજની અદાગીરી વધારે કરવાની રહે. આ એક અત્યંત મહત્ત્વની અને અગત્યની ગંભીર જરૂરિયાત છે. જે આપણે દરેક નાગરિકે સમજવી પડશે અને તે પ્રમાણે વ્યવહાર-વર્તન કરવાં પડશે.

# ઘરશાળા

**ઓગસ્ટ - ૨૦૧૭**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૮૬**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ £ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ £ |


**કાર્યાલય :**
**‘ઘરશાળા’ શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


મારી શૈક્ષણિક વિભાવનાઓ — ડૉ. મોહનભાઈ પંચાલ / ૪
સંપાદકીય — હેતલ શાસ્ત્રી / ૫
સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૬
અંગ્રેજી ભાષાનું શિક્ષણ — હરભાઈ ત્રિવેદી / ૧૧
સરસ્વતી વિકાસગાથા — કેશુભાઈ પટેલ / ૧૬
બાળસાહિત્યકાર ચિનુ મોદી (૧૯૩૯-૨૦૧૭) — ઈશ્વર પરમાર / ૨૧
બાળ ઉછેર : તલવારની ધાર ! — હરેશ ધોળકિયા / ૨૭
અખૂટ મૂડી : સંસ્કાર — રણછોડ શાહ / ૨૯
આધુનિક શિક્ષણમાં માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીની આવશ્યકતા — સંજય કોરિયા / ૩૧
“મા” — જાની દિપાલી કિરીટભાઈ / ૩૫
પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય (સન્માન) — પાલખીવાલા અમિતા / ૩૬

વિદ્યાર્થી આલમ

પર્યાવરણ અને આપણે — શેખ નરરહ / ૪૦
શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧


## “ઘરશાળા”
## શૈક્ષણિક માસિક
## લેખક જોગ - વાચકો જોગ
## માહિતી મોકલવા માટે ઈ-મેઈલ

**gharashala@saraswatividyamandal.org**

## વાંચવા માટે

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## સહાનુભૂતિ અને ઐક્યની ભાવનાઓનો વિકાસ

શિક્ષણ પ્રક્રિયા થકી વિદ્યાર્થીઓ જ્ઞાન, કૌશલ્ય અને તે બંનેનો ઉચિત વિનિયોગ કરવાનું શીખે છે. પણ તેથી વિશેષ તો તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય, જીવન જીવવાની કલા અપનાવે અને એક સર્વાંગી તાલીમ મેળવીને પૂર્ણ માનવ બનવાની દિશામાં ડગલાં ભરે, તે જોવાનું છે. અને તેનું ઉત્તરદાયિત્વ શિક્ષકને સોંપવામાં આવ્યું છે.

આ વિશિષ્ટ ભૂમિકા ભજવવા માટે શિક્ષકે વિદ્યાર્થીઓની વિવિધ ભાવનાઓ અને સંવેદનાઓને સહાનુભૂતિપૂર્વક સ્વીકારવી ઘટે, એટલું જ નહિ તેમના ઉત્તરોતર વિકાસ પ્રતિ નોંધપાત્ર પ્રયત્નો કરવા જોઈએ.

બાળકોમાં રહેલી સામાજિકતાને ઓળખી તેની કદર કરવાથી તેઓમાં એકબીજા પ્રત્યે સહાનુભૂતિ (sympathy) જન્મે છે. સહાનુભૂતિનો વિકાસ થતાં તેઓ વચ્ચે ઐક્ય (unity) ની ભાવના પ્રગટે છે. એકતાની ભાવનાનો પારસ્પરિક વિનિયોગ થતાં તેમાંથી સહકારની ભાવના પેદા થાય છે.

આવી, સહાનુભૂતિની, ઐક્યની અને સહકારની ભાવનાઓ વિકસાવવામાં જ શિક્ષણનું સાર્થક્ય રહેલું છે. વળી આ અને આના જેવી બીજી સકારાત્મક ભાવનાઓ વિકસાવતાં દેશદાઝ અને રાષ્ટ્રપ્રેમ જેવી ભવ્ય અને પ્રેરક સંવેદનશીલતા નિષ્પન્ન થાય છે.

આ પ્રકારની ઉદાત્ત અને પોષક ભાવનાઓ જગાડવા તથા તેમનો ઉત્તરોત્તર વિકાસ કરવા માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓને સમૂહજીવન ગાળવાની, જૂથપ્રવૃત્તિઓ કરવાની તકો પૂરી પાડવી ઘટે. સમૂહભોજન, સમૂહપ્રાર્થના, સમૂહકવાયત, પ્રવાસ-પર્યટન જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. તેમ કરવાનું સીધું પરિણામ એ આવે છે કે, વિદ્યાર્થીઓની સંવેદનાઓ સંતોષાશે અને અધ્યયન-તનાવ કે દૂરાનુકૂલન ઘટી જશે.

# સંપાદકીય

**હેતલ શાસ્ત્રી**

## ઉત્સવ

*માનવીનો મૂળભૂત સ્વભાવ આનંદ મેળવવોનો છે. જિજ્ઞાસાવૃત્તિને સંતોષવાનો છે. કુદરતનું અનુપમ સર્જન જોઈને રોમાંચિત થવાનો છે. પૃથ્વી પર અવતરણ પામતો પ્રત્યેક શિશુ વિશિષ્ટ-સૌંદર્યાત્મક દૃષ્ટિ ધરાવતો હોય છે. સામાન્ય રીતે બાળક ૧૦ વર્ષનું થાય ત્યાં સુધી તેનો જીવન પ્રત્યેનો રોમાંચ, ઉત્સાહ, જિજ્ઞાસાવૃત્તિ કુદરતી રીતે તેની સાથે વહન પામતી હોય છે. બાળકના વૃદ્ધિ અને વિકાસની સાથે આપણે (માતા-પિતા, શાળા, રાજ્ય) એવી તકો વધારવાની છે અથવા તકોનું નિર્માણ કરવાનું છે કે જેથી બાળકનું ભાવિ સફળ, પ્રેમાળ, આનંદમય બને, મુક્ત બને, જીવંત બને. આ જીવંતતા માટે બાળકને ચિત્ર, રંગો, નૃત્ય, સંગીત, માટીકામ, વાજિંત્રવાદન, પુસ્તકોની દુનિયાનો પરિચય કરાવવો પડે. પ્રકૃતિના વિવિધ અંગો પશુ, પંખી, જંગલો, નદી, સમુદ્ર, ઝરણાં, ફૂલો, પાંદડાં, ખડકો-અફાટ રણમાં રહેલ કુદરતી સૌંદર્ય સાથે બાળકનો નાતો જોડવો પડે. પરિણામ સ્વરૂપ માનવીનું જીવન સ્થિર, સંતુલિત, પ્રાકૃતિક બની શકે.*

*બાળક શાળામાં પ્રવેશે ત્યારે એક મોટા ઓરડામાં વિવિધ વાજિંત્રો ગોઠવાયેલા હોય તેને જોવાનો, અડવાનો, અવાજ સાંભળવાનો લ્હાવો મળે. વાજિંત્ર-નિષ્ણાત કોઈ સૂરીલું વાજિંત્ર વગાડતા હોય અને વર્ગખંડ સંગીતમય બની ગયેલ હોય. અન્ય વર્ગખંડમાં બાળકો નૃત્ય નિષ્ણાત સાથે મળીને નૃત્ય કરતાં હોય. બાજુના વર્ગખંડમાં વિવિધ રંગોની વચ્ચે વિદ્યાર્થીઓ અને ચિત્ર-નિષ્ણાત પીંછીની એક લસરકી મારીને રંગોની છોળો ઉડાડતા હોય. બગીચામાં માળીની આસપાસ વીંટાયેલ બાળકો ફૂલો, પાંદડાને વિસ્મયકારક નજરે જોતા હોય અને ફૂલોના રંગો જેવા રંગો બનાવવાની મથામણ કરતા હોય. શાળાના મોટા મેદાનમાં ખુલ્લા આકાશ નીચે ઝરમર વરસતા વરસાદમાં વિવિધ રમતોના જૂથ સાધન-સામગ્રીથી સજ્જ થઈને રમત-નિષ્ણાત સાથે રમતાં હોય. વિદ્યાર્થીઓની સા રે ગ મ પ ધ ની.... સરગમથી દિવાલો ગૂંજતી હોય. માટીના વિવિધ આકારો વિદ્યાર્થીઓ સામે તેના સર્જન બદલ પ્રસન્નતાની લાગણીવાળા દેખાતા હોય. નાના ભૂલકાઓ રંગબેરંગી વેષભૂષામાં સજ્જ થઈને નાટકના સંવાદો બોલતાં હોય, હાસ્યની છોળો ઉછાળતા હોય. નાટક-નિષ્ણાત દિશાસૂચન કરતા હોય. બાળક શાળામાં પ્રવેશે ત્યારે આ બધાને જૂએ, માણે અને અલગ અલગ વિષયોને પોતાના રસ સાથે અજમાવે. કોઈ એક વિષયમાં રસ પડતા તેને અપનાવે. સંભવિત તેના શોખનો વિષય બને, જે તેના ભાવિને સમૃદ્ધ બનાવે, નિજાનંદ અપાવે.*

*આવી સુંદર વ્યવસ્થા સ્થાપિત થયા બાદ, 'કલા-ઉત્સવ', 'ખેલ-મહાકુંભ ઉત્સવ', 'યોગ-ઉત્સવ' ના પરિપત્ર થયા વગર ઉત્સવોનું સ્વયંભૂ પ્રગટીકરણ ન થાય તો જ આશ્ચર્ય.*

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# આફતમાંયે આશીર્વાદ

"હવે આપણે શું કરીશું ?"

"આ મુશ્કેલીમાંથી માર્ગ કેમ નીકળશે ?"

"શાળાનું કામકાજ હાથ ધર્યાને હજુ તો થોડો જ સમય થયો છે, ત્યાં એક બીજી મુશ્કેલી થઈ. શાળાનાં જૂના સૌ શિક્ષકોએ રાજીનામાં આપી દીધા ?" શાળાના શિક્ષકોએ આપી દીધેલાં રાજીનામાંથી મનમાં અકળામણ થઈ આવતી. તેથી વારંવાર રઘુભાઈ અને હું એકલાં પડતાં ત્યારે એ અકળામણ બહાર આવી જતી. રઘુભાઈ પણ અકળામણ અનુભવતા પણ મને સ્વસ્થતાથી જવાબ આપતાં.

"આ મુશ્કેલીમાંથી જરૂર આપણે રસ્તો કાઢીશું." મારી જેમ મૂંઝાવાને બદલે તેઓ રસ્તો શોધવાના પ્રયત્નો કરતા. અને મને આશ્વાસન આપતા. પણ તેઓ પણ મનમાં આ પરિસ્થિતિની ઉપર વિચારે તો ચડી જતાં. થોડું મૌન જાળવી પાછા કહેતા, "આવી અકળામણો તો 'આગે કદમ બઢાઓ.' એવું આપણને સમજાવે છે." છતાં મારા મન પર તો વિચારોના વાદળો વારંવાર છવાઈ જતાં પણ મનને મજબૂત કરતી હતી.

લીમડાનું એક ઘટાદાર વૃક્ષ, અમારી એ અંધારી-અજવાળી-ઓરડીની બરાબર સામે જ હતું. તેની લાંબી ઘટાદાર ડાળીઓ અમારા રૂમ સુધી આવી જતી. આ લીમડાની શીળી છાયા અમને બહુ ગમતી. શાળા જ્યારે ચાલુ ન હોય ત્યારે અમે એની છાયા નીચે બેસતાં - અને નાનકડા દોઢ વર્ષનાં પ્રશાંત સાથે રમતાં અને ચા-નાસ્તો પણ ત્યાં કરતાં. અમે શાળામાં હોઈએ ત્યારે પણ પ્રશાંત ત્યાં જ રમતો. અમે તેને માટે થોડી રેતી આ ઝાડ નીચે નંખાવી હતી.

આજે રવિવારની રજા હતી. સરસ્વતી શાળાના આગલા પ્રિન્સિપાલ પાસેથી વારસામાં મળેલા પહોળા અને બેસવાની મજા પડે એવા બાંકડા હતા. રઘુભાઈ એક બાંકડાને જાતે રંગવા બેઠા હતા. ત્યારે લક્ષ્મણ એવો જ બીજો બાંકડો રંગવા લાગી જતો. આ બંને બાંકડા હવે રૂપાળા લાગતા હતા. આ ઘટાદાર લીમડાની નીચે આ બાંકડાઓ ગોઠવીને ચા-નાસ્તો કરવાની અમને જે મજા પડતી હતી - તે ઑર જ મજા હતી. એ અનુભવનાં સ્મરણો તો હજુએ ભૂલાતાં નથી. આજે આ સ્મરણયાત્રા લખું છું ત્યારે પણ એ ઘટાદાર લીમડાની નીચે બેઠી છું, અને આહ્‌લાદક હવાનો સ્પર્શ મારા શરીરને જાણે સ્પર્શી જતો હોય - એવું લાગે છે. આખા દિવસના કામ પછી આ જગા અમારે માટે એક 'ગમતું સ્થળ' બની ગઈ હતી. એ વૃક્ષ અને એની નીચે પ્રશાંતનું રમવું - એ અમારા પરિવારનો આનંદ માણવાનો પ્રસંગ બની ગયો હતો. એ ઓરડીની પાસે એક જૂનો સિમેન્ટનો જે ઓટલો હતો એને રિપેર કરાવીને અમે ખપાટિયા જાળી કરાવી. એ જાળી કરાવ્યા પછી બેસવાની નાની રૂમ બની ગઈ. એ છાપરામાંથી ઉપર લીમડાની ડાળીઓ પડતી તેથી એ રૂમ ઠંડો રહેતો. એ નાની રૂમમાં અમે નાનો હીંચકો નંખાવ્યો. આ હીંચકા પર પ્રશાંતને ઊંઘાડી દેવાનું સારું ફાવતું. બાજુમાં લીમડાની ઘટાદાર ડાળીઓ આ પતરાંની છતને ઢાંકી દેતી હતી. આધુનિક યુગમાં, મોર્ડન ઘરો તેનો શણગાર આ બધું પણ સરસ છે. આજનું મારું ઘર પણ સરસ છે. પણ ૧૯૪૪-૪૫-૪૬, વર્ષોમાં ઠીક કરેલો એ રૂમ, રંગેલા બાંકડાઓ, પરસાળ, ઝાડ વગેરેનું દૃશ્ય મનમાં જ્યારે ખડું થાય છે, અને એ થઈને અનુભવ ચિત્ર સ્મરણોમાં બેઠું છે એ યાદ આવતાં જ લીમડાની ઝૂલતી ડાળીઓ પંખાની જેમ હવા નાખતી હોય એવું લાગે છે. હૃદયમાં ૫૦ વર્ષ પહેલાં પડેલી ભાવનાઓ જાગી ઊઠે છે. આજની વૃદ્ધાવસ્થા જાણે યૌવન પાછું ન લાવતી હોય ? ઘણી વખત જાણે સ્વર્ગ અહીં જ છે એમ લાગતું. ફારસી કાલેના શબ્દો "હમી નસ્તો" યાદ આવે છે.

અરે પેલી મૂંઝવણની વાત પણ થોડીવાર ભૂલાઈ ગઈ ખરું ને ?

ફરી ફરી પાછી એ નવા શિક્ષકો મેળવવાની મૂંઝવણ આવી. એ અકળામણ સળવળી ઊઠી. એ ઘટાદાર લીમડો-થાક ખાવાનું અમારું સ્થળ બની ગયો. તેમજ મૂંઝવણો,

મુશ્કેલીઓ આવે ત્યારે ઢળતા દિવસની સાંજે અમે એની નીચે આપોઆપ બેસી જતાં. શાંતિથી વિચાર કરવાની તક આ ઝાડની નીચે મળતી. જાણે એ અમારું પ્રેરણા-સ્થાન ન હોય?

"આગે કદમ બઢાઓ"ની ભાવનાને અહીં વેગ મળતો.

આજે રવિવાર હતો. સવારની ઠંડી હવામાં એ લીમડા નીચે બેસીને અમે ચા પીતાં હતાં. ત્યારે ય મારાથી "હવે આપણે શિક્ષકો વિના શું કરીશું?" એ પ્રશ્ન પૂછાઈ ગયો. આ વિચાર મને છોડતો ન હતો. વારંવાર આવું બોલીને રઘુભાઈને હું વધારે મૂંઝવું છું. એમ જાણવા છતાં હું બોલી પડતી. પાછા શાંત બનીને ચા પીવાનું ચાલતું. બીજી વાતો કરવા લાગતાં હતાં. ત્યાં રઘુભાઈએ કોઈને જોયાં.

"જૂઓ જૂઓ સામે, દરવાજામાંથી કોણ આવી રહ્યું છે? ડૉ. ગાંધી અને એમનાં પત્ની કાંતાબહેન રવિવારે ફ્રી હોવાથી આવી પહોંચ્યાં. આવી પછાત લત્તાની શાળામાં અમે કામ કરવા લાગી ગયાં હતાં - છતાં એમની દોસ્તી એવીને એવી જ રહી હતી. નજીક આવીને કહે,

"કેમ ભાભીશ્રી, એકલાં એકલાં ચા પીવો છો? એમનો એ રમુજી સ્વભાવ મૈત્રીને વધારે આનંદિત બનાવતો. એમના એ રમુજી અવાજે વાતાવરણ બદલી નાખ્યું. સૌ હસવા લાગ્યાં. અમે પણ હળવા મૂડમાં આવી ગયાં, તેઓ એમના ફ્રી સમયમાં વારંવાર અમારી ખબર કાઢી જતાં. થોડી વાર પછી અમે - અમારી મૂંઝવણની વાત કરી." આપણે શાળા લીધી ત્યારે જે જૂનવાણી શિક્ષકો કામ કરતા હતા તે સૌએ રાજીનામાં આપી દીધાં છે. તેનો તો વાંધો નથી પણ રસ્તો કાઢવાની મથામણમાં અમે પડ્યાં છીએ." રઘુભાઈએ પોતાની શૈલીમાં સ્વસ્થતાથી ગંભીર વાત કહી. ડૉ. ગાંધી તરત જ સમજી ગયા. કહેવા લાગ્યા, "જૂઓ રઘુભાઈ! કાલે સવારે તમે મારા દવાખાને આવો, મારા એક પેશન્ટ દરદી છે." અને એ શિક્ષક છે. આપણે એને વાત કરીએ. તેઓ સારા શિક્ષકના પરિચયમાં હશે જ. આ જગામાં, આ શાળાને ઊંચી લાવવાના તમારા પ્રયત્નોમાં અમે તમારી સાથે જ છીએ. ડૉ. ગાંધીએ રઘુભાઈના ખભા પર હાથ મૂકી મૈત્રીભર્યા અવાજે કહ્યું :

"તમારા જેવા મિત્રો સાથે છે - એ એક અમારી તાકાત છે. પણ શાળાઓ શરૂ થાય એ પહેલાં શિક્ષકો મળી જાય તો સારું" પછી તો બીજી નાની મોટી વાતો કરી, અમે છૂટાં પડ્યાં.

બીજે દિવસે સવારે રઘુભાઈ ડૉ. ગાંધીને દવાખાને પહોંચી ગયા. તે વખતે ડૉ. ગાંધી કોઈની સાથે વાતો કરતા હતા. "આવો આવો રઘુભાઈ! આ મારા મિત્ર મિ. તલાટી તેઓ પણ એક શાળામાં કામ કરે છે. તો લ્યો હવે તમે બંને વાત કરો."

આમ ઓળખાણ કરાવીને ડૉ. બીજા દરદીને તપાસવા લાગ્યા. જતાં જતાં કહે કે, "મિ. તલાટી રઘુભાઈ સાથે કામ કરવાથી - પણ શિક્ષણક્ષેત્રે ઘણું શીખી શકશો." મિ. તલાટી બોલ્યા, "ડૉક્ટર! હું પોતે પહેલો એમની સાથે જોડાવા તૈયાર છું અને બીજા મારા શિક્ષકમિત્રોને મળીને તમારા યજ્ઞમાં જોડાવા વિનંતી કરીશ. તમારા આ સરસપુર લત્તાનાં બાળકોને ભણાવવાના પ્રોજેક્ટની વાત ડૉ. ગાંધીએ મને લંબાણથી કરી છે. યજ્ઞ જરૂર સફળ થશે."

"એ વાત તો ખૂબ ખુશ થવા જેવી છે. તમે પણ શિક્ષણમાં નવા નવા પ્રયોગો પ્રોજેક્ટો થાય-એવા પ્રગતિશીલ શિક્ષકોને મેળવી આપો તો રંગ રહી જાય. સારા લત્તાના બાળકોને મળે છે એવું બધું યે આ લત્તાનાં બાળકોને આપવું છે." રઘુભાઈએ મિ. તલાટી સાથે ઘણીયે બીજી વાતો કરીને શિક્ષણનું કામ કરવાના તેમના વિચારો વ્યક્ત કર્યાં. મિ. તલાટી પણ "સારા શિક્ષકોને શોધી કાઢી શકીશું." એવી આશા આપીને છૂટા પડ્યાં.

એકાદ અઠવાડિયા પછી બે શિક્ષકો "અમને મિ. તલાટીએ મળવા મોકલ્યા છે." એમ કહેતા મળવા આવ્યા. સાથે ઊભેલાએ બીજા ભાઈએ કહ્યું - "અમને ડૉ. ગાંધીએ પણ વાત કરી છે. અમે હરભાઈ ત્રિવેદીને પણ ઓળખીએ છીએ. નૂતન શિક્ષણના એમના વિચારોથી અમે પરિચિત છીએ." એવી વાત કરી. એ હતા મિ. શુકલ. આમ અઠવાડિયામાં જે ચાર શિક્ષકો મળ્યા, એમાંથી ત્રણ તો પ્રગતિશીલ વિચારવાળા હશે એવી આશા બેઠી. મનમાં ને મનમાં આનંદ અને સંતોષ થયો. અમારી વાતોમાં ઈન્ટરવ્યૂ થઈ ગયો. અમારા વિચારો સાથે તેઓના વિચારો મળતા આવતા હતા. આમ ચાર-પાંચ શિક્ષકો તો શાળા શરૂ થતાં પહેલા જ મળ્યા અને રજા હોવા છતાં વેકેશનમાં જ એમને એપોઈન્ટમેન્ટ આપી દીધી. આમ એક સારા

શિક્ષક બીજા સારા શિક્ષકને ખેંચી લાવ્યા હતા.

એક શિક્ષક હતા. મિ. પાઠક, તેઓને મળતાં એમ લાગ્યું કે તેઓ સાહિત્યના શોખીન હશે.

જૂનના મધ્યમમાં શાળા ઊઘડી. પહેલે જ દિવસે પ્રાર્થનામાં નવા શિક્ષકોની ઓળખાણ બાળકોને કરાવી. તેઓનાં મોં પર આશ્ચર્ય હતું. અને વધારે સારું શીખવશે એવી આશા પણ હતી. પાઠક ગુજરાતી સાહિત્યના શોખીન તો મિ. શુકલ નવા નવા પ્રોજેક્ટ કરવામાં રસ લેતા અને અંગ્રેજી ભણાવતાં. બહેન કાંતાબહેન તો જાણે નાના બાળકોની "માતા" જેવાં બની ગયાં. પમી છઠ્ઠીની બાળકોને ભણાવવામાં જ એમને રસ હતો. બીજી કોઈ શ્રેણીમાં એમને રસ ન હતો. વળી બીજા એક શિક્ષક... જ્ઞાન મળે એવો શોખ હતો. તેથી અમને લાગ્યું તે શાળામાં નવા જોડાયેલા શિક્ષકોમાં જુદી જુદી શક્તિઓ છૂપાયેલી હતી. સાહિત્ય વિજ્ઞાન અને ભાષામાં રસ લેનારા શાળા ખૂલતાં પહેલા આ સૌ શિક્ષકો સાથે પાંચ દિવસ સુધી ૧૧થી ૫ અભ્યાસક્રમ અને બીજી પ્રવૃત્તિઓના વિચારની 'આપ-લે' કરી.

આમ નવી "શિક્ષક મંડળી" અને અમારી વચ્ચે ઠીક ઠીક સમજણ અને મેળ ખાવા લાગ્યો.

ગુજરાતી શિખવનાર મિ. પાઠક અભ્યાસક્રમ ભણાવતાં ભણાવતાં પણ બીજા સાહિત્યકારો તથા લેખકોમાં, વિદ્યાર્થીઓમાં રસ ઊભો કરવા લાગ્યા હતા. અમારી આ નાનકડી સંસ્થાના એ સાહિત્યકાર હતા. વિદ્યાર્થીઓ વીંટળાયેલા રહેતા. તેથી એક દિવસ મેં એમને કહ્યું કે - "વિદ્યાર્થીઓને 'સાહિત્ય-પ્રવૃત્તિ' કરાવો તો ?" જરૂર, પણ કેવી જાતની પ્રવૃત્તિ ? તમારું શું સૂચન છે ? તેઓને આ વાતમાં ખરેખર રસ પડ્યો.

આપણે એક "સાહિત્યપત્રિકા" શરૂ કરીએ અને એના તંત્રી સાહિત્યમાં રસ હોય એવા વિદ્યાર્થીને બનાવીએ. એ તંત્રી બને અને તંત્રીને દોરવણી તમે આપો. એમાં જ સાહિત્યકારોનાં જીવનચરિત્રો ફોટા વગેરે આવે. આ પત્રિકા 'હસ્તલિખિત' જ હોય. ધીરે ધીરે એમાં આપણા બાળકો પણ લખે. શહેરમાં ચાલતી સાહિત્ય-પ્રવૃત્તિના સમાચાર પણ હોય અને બીજું પણ ઉમેરી શકાય. આ વિચાર તમને કેવો લાગે છે ?"

"વાહ જશીબહેન ! સુંદર વિચાર છે - મને ગમી ગયો." એમની લાક્ષણિક સાહિત્યભાષામાં તેમણે જવાબ આપ્યો. તો હસ્તલિખિત સાહિત્ય-પત્રિકા શરૂ કરાવો - આપણા ક્લાસ બહારની વર્ગની દીવાલો એ શાળાને શોભાવશે." મેં મારા મનની વાત સ્પષ્ટ કરી. "હું તમારી સાથે જ છું." આ પ્રવૃત્તિ માટે જ્યારે તમારે મળવું હોય ત્યારે મળો. હું ત્યારે ફ્રી છું એમ જ માનજો." એમનાં મોં પર સ્મિત ફેલાઈ ગયું. તેઓ તે દિવસથી આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને ખૂબ પ્રેરણા આપવા લાગ્યા. કોઈવાર તો વિદ્યાર્થીઓ જ કવિતા પણ લખતા.

જરૂર પડ્યે મને વારંવાર મળી જતાં. કોઈ કોઈ વાર એમાં ચિત્ર શિક્ષકની મદદ મળતી. પત્રિકા રંગબેરંગી લાગતી. "બહેન તમારી દોરવણીથી અમારી આ પત્રિકામાં ઘણું વૈવિધ્ય આવ્યું છે." મિ. પાઠકે એકવાર કહ્યું.

"પણ તમારો ઉત્સાહ ન હોત તો ? કોને સજેશન્સ આપત ?" પ્રવૃત્તિના કેન્દ્રમાં તો તમે જ છો ને ? મેં કહ્યું. મારી પાછળ તો તમે પણ કેન્દ્રમાં છો." અમે હસી પડ્યા. આમ કનૈયાલાલ મુન્શી, રમણલાલ વસંતલાલ દેસાઈ- વગેરેનાં જીવનચરિત્રો પત્રિકામાં આવી પણ ગયાં. વળી ચિત્ર શિક્ષકે "સાહિત્ય-પત્રિકા"નું મથાળું રંગ-બેરંગી રીતે બનાવી દીધું. તે કાયમ પત્રિકા ઉપર લગાડી દેવામાં આવતું. ગુજરાતી સાહિત્ય-પત્રિકા જોઈને મિ. શુકલ અંગ્રેજી સાહિત્યની પત્રિકા શરૂ કરવા ઉત્સુક બન્યા. અને આમ બીજે અઠવાડિયે અંગ્રેજી સાહિત્ય-પત્રિકા બહાર પડી. એમાં અંગ્રેજી સાહિત્યકારોનાં ફોટાઓ અને પરિચય અપાવા લાગ્યા. સંગીતપત્રિકા, વિજ્ઞાનપત્રિકાઓ શરૂ થઈ ગઈ. આ બધી પત્રિકાઓથી શાળાની દીવાલો શોભાવવા લાગી.

**સંસ્કાર અને શાળા**

આ પ્રવૃત્તિએ વિદ્યાર્થીઓના અક્ષરો સુધાર્યા અને વિચારોનું સ્તર ઊંચું કર્યું. ચિત્ર-પત્રિકામાં હવે શાળાના જ બાળકોનાં ચિત્ર અને તેનો પરિચય આપવા લાગ્યાં. તેથી વાલી અને બાળકોને શિક્ષકો સાથે કામ કરવામાં રસ પડવા લાગ્યો. નાગરિક પત્રિકાએ તો ઘણું મહત્ત્વનું સ્થાન લીધું. શાળાના સારા સમાચાર, વર્ગ-પ્રવૃત્તિને શહેરમાં બનતા સારા પ્રસંગો મુકાવા લાગ્યા. અમે પણ એ પત્રિકા વાંચવા તરત જ પહોંચી જતા. સૌથી સરસ એક ક્લબની શરૂઆત થઈ તે હતી "સાંસ્કૃતિક-પ્રવૃત્તિ ક્લબ". તેમાં નાટકો વંચાય-

બાળકો વાંચે, સંગીત ગવાય, નૃત્ય થાય વગેરે-વગેરે-એ ક્લબમાં બધી જ ક્લબનાં બાળકો આખરે રસ લેતા થઈ ગયેલ. આ સાંસ્કૃતિક ક્લબમાંથી એક સરસ વાત બની. તે વર્ષાન્તે નાટકોનું - એન્યુઅલ ફંક્શન આ લત્તામાં લોકપ્રિય બન્યું. આ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં રઘુભાઈનો સાથ... એમનું સ્તર હતું. શાળા આવી પ્રવૃત્તિઓના રણકારથી ગૂંજી ઊઠી. શાળામાં સાહિત્ય કલાનું વાતાવરણ સર્જાતું રહ્યું. આ સાંસ્કૃતિક ક્લબની જવાબદારી મારી હતી. એ ક્લબ ચલાવતી. નાટ્ય પ્રવૃત્તિમાં મારી નાની બે બહેનો - બહેન અરુણા અને ઈન્દુબહેન મદદ કરતી, પોતે પણ એક પાત્ર બની જતી. આ બંને બહેનોના સહયોગથી અમારાં વર્ષાન્ત સંમેલન માટે, ઘણાનાં અભિપ્રાયો સરસ આવતા. ખુદ સ્વ. ઝીણાભાઈ દેસાઈ તો અમારાં નાટ્ય-કાર્યક્રમો પર ઘણાને કહેતા કે "કાર્યક્રમનું સ્તર પ્રોફેશનલ છે ?" આમ અમારી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એક નાનકડું થીએટર બની જતી. એમાં શાંતિનિકેતનના સંગીતની છાયા સ્પષ્ટ દેખાતી કારણ-રઘુભાઈનું વિદ્યાર્થી જીવન શાંતિનિકેતનમાં (યુનિવર્સિટી અભ્યાસ દરમિયાન) વીત્યું હતું.

આમ હવે અભ્યાસક્રમ (ભણાવવાના કામ) સાથે પૂરક-પ્રવૃત્તિઓ અને નાની નાની ક્લાસ પિકનિક વગેરે અનેક કામો શાળામાં થવા લાગ્યાં. અને હવે બે માસ શાળા ચાલી તેથી "પરીક્ષા આવશે" એ વિચારે પરીક્ષાનો ડર દૂર કરવા શું કરવું ? એ વિચાર કરવાનો સમય આવી પહોંચ્યો.

પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ - પરીક્ષા, શાળાનું સંચાલન વગેરેમાં શિક્ષકોની દૃષ્ટિ કેળવાય, અને સમજણ વધે તો દરેક કાર્ય કરવામાં સરળતા થાય. સુસંગતતા વધે. આમ શાળાના એકેએક અંગની સમજણ શિક્ષક-મંડળીમાં વધારવી જોઈએ. અમારા મનમાં ચાલતાં મનોમંથનની વાત શિક્ષકોને કહી. આમ તો કોઈ પણ પ્રવૃત્તિમાં શાળાનાં શિક્ષકો કદી "ના" ન પાડતા. ત્યારે એવો સમય હતો કે શિક્ષકોને સમયની પા-બંધી નો'તી.

"તો ચાલો, આપણે શિક્ષકો સૌ મળવાનું નક્કી કરીએ તો ?" નૂતન-શિક્ષણની સમજણ ધરાવતા ભાઈએ કહ્યું. શિક્ષક મંડળી મળવાની વાત સૌને ગમી ગઈ.

**શિક્ષકસભાનો જન્મ :**

અમને એમ લાગતું કે અમે શિક્ષણમાં જે કંઈ ફેરફારો લાવવા પ્રયત્ન કરતા હતા તે કાર્યમાં શિક્ષકોએ પણ માનસિક તૈયારી કરવી જોઈએ.

તેમાં કોઈ કોઈ વાર હેતુ અને દૃષ્ટિના તફાવતને કારણે ધાર્યા કરતાં ઊલટું જ થયું હતું. અમને થયું કે જો શિક્ષણ મંડળીમાં સાથે બેસી, ઊભા થતા પ્રશ્નો, કરવા ઇચ્છતાં કાર્યો, પ્રવૃત્તિઓની વિશદ્ ચર્ચા, કરવાની પ્રણાલિકા ઊભી કરીશું તો કામની સરળતા તેમજ અસરકારકતામાં "આસમાન જમીનનો" ફરક પડશે. અમને બંનેને વધુ આત્મસંતોષ થશે.' એ ઉપરાંત બાળકોના વલણ, વર્તન અને કામમાં એકરૂપતા તથા સ્વાભાવિકતા વધશે. સૌ કાર્યકરોનો 'એપ્રોચ' યાને અભિગમ જો સરખો લાગે તો મનના તનાવ ઓછા થાય અને પરિણામો ઝડપી બને. વાલીઓને પણ ધીરે ધીરે સમજાવા લાગે કે પોતાના બાળકમાં આ શાળામાં "એટહોમ" - પોતાનાં જ ઘરમાં રહેતો હોય તેવી ભાવના જન્મશે અને વધશે.

અમારી આ ભાવના અને મૂંઝવણ કેટલાક શિક્ષકો સમક્ષ રજૂ કરી. તેમને ગળે તે ઊતરી. અને થોડા દિવસો બાદ તેઓનો (શિક્ષકોના) પ્રતિભાવ થોડો થોડો તો જાણવા મળ્યો હતો. "તેઓ સૌ આવી સાપ્તાહિક સભામાં જરૂર હાજર રહેશે."— ભાગ લેશે, જેથી શાળામાં ચાલતું કામ પૂર્ણ-સમજણ સાથે ચાલે. અમારે મન આ વાત અત્યંત આનંદની વાત હતી. દરેક પ્રવૃત્તિમાં બાળકો હવે કેન્દ્રમાં હશે જ. તે સમય એટલે કે ૧૯૪૯-૫૦ની આ વાત છે. આજે ૧૯૯૫માં જે હવા કાર્યકરોમાં પ્રવર્તે છે તે જુદી જ છે. આજે તો સમયનાં બંધનો, એટલે કે થોડોક સમય પણ કામ કરવાના સમયમાં ગણી લેવામાં આવે છે. **ભારતના પ્રાચીન ઇતિહાસનો ઋષિમુનિ સાંભળે કે અહીં પ્રાર્થના પણ "વર્કિંગ કલાકોમાં ગણી લેવાય તો ? જીવનનાં બધા ક્ષેત્રોમાં પણ તેવા જ ફેરફારો, દુર્ભાગ્યે જોવા મળે છે. શિક્ષણનાં ધંધામાં સંઘ હોય, પગાર, કામ કરવાની સગવડ-અગવડ વચ્ચેની ચર્ચા જરૂર થાય. પણ માંગણીપત્રો, અને આંદોલનોનો માર્ગ જરૂર પડ્યે અપનાવો પડે. પણ કુમળી-વયના બાળકોને અને એડોલેસન્સમાં પ્રવેશતા યુવાનોને આપણે મિલોના સંચાઓ કે ફેક્ટરીની મશીનરીઓ સાથે ન સરખાવી શકીએ. કામના કલાકોની ગણતરી આ ઉગતા યુવાનોનાં શિક્ષણમાં ન હોઈ શકે એમાં જ શિક્ષકોનું ગૌરવ**

**છે. કારણ આપણે મશીનરી સાથે નહીં માણસ સાથે છીએ.** મશીનો સાથે કામ કરવામાં કદ, સમય, મહેનતનું પ્રમાણ નક્કી થઈ શકે. બાળકો સાથે કામ કરવામાં યાંત્રિક ગણતરી થાય તો શાળામાં જડતા લાવે. આ કામને તો "માતાના બાળ ઉછેર" સાથે સરખાવી શકાય. ૫૦ વર્ષ પહેલાં આવી સરખામણી ઓછી થતી હતી. ઘણાં ક્ષેત્રોમાં માનવીય-વ્યવહાર વધુ દેખાતો. શિક્ષક તરફ પિતા, માતા, ગુરુ, વડીલ, જેવી દૃષ્ટિ હતી. આજે તો શિક્ષકના સ્વમાન-કે પ્રતિષ્ઠા "ઠરાવ" નિયમ અને માગણી-પત્રથી માંગવામાં આવે છે. સન્માન કે પ્રતિષ્ઠા માંગવાથી કે ઠરાવથી કે કાયદાથી પ્રાપ્ત નથી થતાં. તે દ્વારા જે પ્રાપ્ત થાય છે તેમાં યંત્રની જડતા હોય છે.

એ વાત જવા દઈએ. પણ અમારી શાળા સરસ્વતી વિદ્યાલયની શિક્ષક સભાની શરૂઆત અત્યંત આનંદની વાત બની ગઈ. રાત્રે ઘરમાં બેઠેલા રઘુભાઈને મેં જોયા. એમનો ઉલ્લાસ સમાતો ન હતો. સાથે બેઠેલા એક મિત્રે પૂછ્યું. "કેમ આજે બહુ આનંદમાં છો ?" મેં કહ્યું, "તમે વેપારી છો. તમારે કામને અંતે નફો-તોટો આંકડામાં ગણવાનો, અમારો નફો-તોટો માનવીય સમભાવમાં જોવાનો હોય. એ માનવીય સમભાવ સાથે કામ કરવા અમારા સહકાર્યકરો સંમત થયા છે." એમનો આનંદ લાખોના નફા જેવો છે. હવે અમે દર સપ્તાહે ભેગા થવાના.

છ માસિક અને વાર્ષિક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને પરીક્ષાનો એક "મોટો હાઉ હોય છે તેથી બાળક જ્યારે ૩૦ દિવસ પછી પહેલી પરીક્ષા આપી દે ત્યારે તેને ૨૦%માંથી ગુણ આપી શકાય. જ્યારે બીજીના ૪૦% અને ત્રીજીના ૪૦% આ પરીક્ષા જો થાય તો ૨૦%ની પહેલી પરીક્ષાનો અભ્યાસક્રમમાંથી બીજી પરીક્ષા માત્ર ૨૦% માર્ક્સનું જ પૂછાય. પાછલી બંને પરીક્ષામાં બાળકને અભ્યાસક્રમનું ભારણ ઓછું થાય અને ગોખણપટ્ટી ઓછી થાય.

બીજો મોટો લાભ તો એ છે કે જો બાળક બે પરીક્ષામાં પાસ થઈ જ જાય તો એકાદ પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા હોય તો પણ નાપાસ ન થાય. કારણ ૬૦% માં તે સારું પરિણામ લાવ્યો છે. આ પદ્ધતિથી તો બાળકો પોતે પણ પોતાનું શું રિઝલ્ટ છે એ જાતે જ ગણી કાઢી શકે છે.

આ પદ્ધતિમાં બાળકોને જેવા પ્રશ્નપત્રો આપવાના હોય એ મેથડના બીજા પ્રશ્નો લખાવવા જોઈએ જેથી પ્રશ્નપત્રની રીતભાતથી વિદ્યાર્થી છેલ્લી ઘડીએ પ્રશ્નપત્ર મળતાં ડઘાઈ ન જાય, પરિચિત હોય, નમૂનારૂપ પ્રશ્નપત્રો બાળકને સાચા પ્રશ્નપત્રો લખવામાં મદદરૂપ થાય. એનો અર્થ એમ કે ખૂબ અઘરા અને અજાણ્યા પ્રશ્નપત્રો આપીને આપણે બાળકોને ડરાવવા નથી અને શિક્ષકોને લાભ નથી. પુનરાવર્તન કરાવતી વખતે આવા નમૂનાના પ્રશ્નપત્રો આપી શકાય.

થોડી ચર્ચાઓ થઈ પણ સૌને આ વાત ગમી ગઈ. પણ કેળવણી ખાતાને (જૂની પદ્ધતિથી ટેવાયેલા) આ વાત ગળે ઉતરાવતાં સમય લાગ્યો. પણ એ પદ્ધતિને સંમતિ અપાયા પછી - તો બીજી શાળાને પણ એ અમારી પદ્ધતિની ભલામણ કરતા થઈ ગયું. આમ ૧૯૪૭-૪૮માં અમારી શાળામાંથી બાળકો માટે "હાઉ" જેવી પરીક્ષાનો અંત આવ્યો. વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા હસતાં હસતાં આવતા અને જતાં કારણ અમે શિક્ષકોના પૂરા સહકારથી આ નિર્ણય લઈને અમલમાં મૂક્યો હતો. આ કંઈ ચમત્કાર ન હતો. આ એક શાળાની આખીયે શિક્ષક મંડળીનો સમજણપૂર્વકનો અભિગમ બન્યો હતો. પછી તો કોઈ પ્રશ્ન અધૂરો રહી ગયો હોય તો શિક્ષકસભામાં તેઓ જ કહેતા - "આ પ્રશ્ન પૂરો કરીએ તો શિક્ષકસભાનું કામ પૂરું થશે." પછી તો તેઓ પણ કલાકને બદલે વધુ સમય આપતા થઈ ગયા.

આ પરીક્ષા-પદ્ધતિની, અભ્યાસક્રમને ત્રણ ભાગમાં મૂકવાની વાત ૨૦%, ૪૦%, ૪૦% ગુણની વહેંચણી અને પરીક્ષાના પ્રશ્નો જેવા નમૂનારૂપ પ્રશ્નો-વગેરે સમજણ અને પદ્ધતિની વાત તે દિવસની સભામાં પૂરી થઈ. અમે સભા પૂરી કરીને બહાર આવ્યા ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે અમે તો કલાકથીયે વધારે સમય આ ચર્ચા માટે આપ્યો હતો. છતાં સૌના મોં પર સંતોષ અને સ્મિત સ્પષ્ટ દેખાતાં હતાં.

ઘરે જઈને જમીએ ત્યારે પણ અમે શાળાને અમારી સાથે જ જાણે લઈ જતા હતા. કારણ શાળામાં ઘર અને ઘરમાંય શાળા જેવું વાતાવરણ રહેતું.

આમ મનમાં હજુ એક વાત વારંવાર આવતી કે શાળામાં હજુ પણ સારા શિક્ષકો મળે તો બસ રંગ રહી જાય. બાળકોનું જીવનઘડતર કરવાની મહેનત સફળ થાય...

અમે જમતાં હતાં - ત્યાં ઘરનું બારણું ખખડ્યું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર)

# અંગ્રેજી ભાષાનું શિક્ષણ

**હરભાઈ ત્રિવેદી**

ભાવનગર.

(ગતાંકનું ચાલુ)

ત્રીજા પગથિયા વખતે બીજા વિદ્યાર્થીને કંઈ પણ ક્રિયા કરવાનું કહેવું અને પછી બીજાં જ વિદ્યાર્થીને તે શું કરે છે તેનો જવાબ આપવાનું કહેવું. તે આમ થાય :—

શિક્ષક કહે : Govind, take a chalk-stick and write on the black-board.

ગોવિંદ જવાબ આપે :— I take the chalk-stick and write on the black-board.

ગોવિંદ લખવા માંડે એટલે શિક્ષક પૂછે :— Kanji, what is he (govind) doing ?

કાનજી કહેશે : He is writing his name on the black-board.

આ રીતે ચાલુ વર્તમાનકાળને વાતચીતમાં પ્રવેશ કરાવી શકાય, ને પછી તો જુદાં જુદાં ક્રિયાપદો વડે તેની અનેકાનેક ક્રિયાઓ ચાલ્યા જ કરે, અને તે બાબત વિદ્યાર્થીના મગજમાં દૃઢ થતી જાય.

વર્તમાન અને ચાલુ વર્તમાનકાળ ઠીક ઠીક વાતચીતમાં બેસી જાય પછી તુરત જ ભૂતકાળ ઉપર જવાનું રહે. શિક્ષક એ કાળમાં આમ પ્રવેશ કરાવે. શિક્ષક વર્ગને સમજાવે કે ગઈ કાલે અથવા તો આજ સવારે મેં જે જે ક્રિયાઓ કરી હતી, અથવા તો હમણાં જ એકાદ ક્રિયા કરીને પછી હું થંભી જાઉં, ત્યારબાદ એ ક્રિયાઓને લગતી વાતચીત આપણે અંગ્રેજીમાં કરીશું.

પછી શિક્ષક લખતાં લખતાં બોલે :- I am writing in my note-book. લખી રહ્યાં પછી નોટ-બૂક અને પેન્સિલ નીચે મૂકે અને કહે:— I worte in my note-book.

પહેલાં એક વિદ્યાર્થીને પોતે અડે ને બોલે :- I touch him. પછી બેસી જાય અને કહે I touched him. પછી શિક્ષક પૂછે. Mansukh, touch the desk.

મનસુખ જવાબ આપે :- I touch the desk.

શિક્ષક પૂછે : What did you do ?

આ પ્રયોગ ઉપર વિદ્યાર્થીનું એકાએક ધ્યાન ખેંચાશે તે યાદ રાખવું. અને પછી હું તમને જ સવાલો પૂછવાનો છું તેમ જણાવીને આગળ ચાલવું.

મનસુખ જવાબ આપે. I touched the desk.

આવી જાતની જુદી જુદી ક્રિયાઓ જુદા વિદ્યાર્થીઓ પાસે કરાવવી અને What did you do ? એ પ્રશ્ન પૂછનારી વાક્યરચનાને વારંવાર પૂછ્યા જ કરવી. પછી બીજા વિદ્યાર્થી પાસે એકાદ ક્રિયા કરાવી પહેલાને પૂછવું કે what did he do ? તે સહેલું થઈ પડશે. આમ જે રીતે ચાલુ વર્તમાનકાળમાં ત્રણે પુરુષનો પ્રયોગ વાતચીત દ્વારા આપણે કરાવી લીધો હતો, તેવી જ રીતે આ ભૂતકાળમાં ત્રણે પુરૂષનો પ્રયોગ સહેલાઈથી કરાવી શકીશું.

શુદ્ધ પરિણામ આમ ગણાવી શકાય :—

સ. — Touch the desk.

જ. — I touch the desk.

સ. — What are you doing ?

જ. — I am touching the desk.

સ. — What am I doing ?

જ. — You are touching the desk.

સ. — What is he doing ?

જ. — He is touching the desk.

ભૂતકાળમાં આ પ્રમાણે આવશે :—

સ. — Touch the desk ક્રિયા થઈ રહ્યાં પછી બીજો સવાલ, What did you do ?

જ. — I touched the desk.

સ. — What did I do ?

જ. — You touched the desk.

સ. — What did he do ?

જ. — He touched the desk.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે ત્રણે પુરુષોને આપણે બંને કામમાં વગર આયાસે વાપરી-વપરાવી શકીએ છીએ. પછી સવાલ રહે છે કે પહેલો પુરુષ અને ત્રીજા પુરુષના બહુવચનોનો તેનો ઉકેલ સીધો જ છે. એક કરતા

વધારે વિદ્યાર્થીઓને સાથે રખાવી પછી તમામને એક જ ક્રિયા કરવાનું કહેવું અને What are you doing ? ના જવાબમાં "We" અને બીજી જ એક ટોળી પાસે તેજ પ્રકારની ક્રિયા કરાવી સવાલ પૂછે તેના જવાબમાં "They" એ બંને શબ્દોને પ્રવેશાવી દેવા. બંને શબ્દો દઢ થઈ જાય ત્યાં ક્રિયાઓ કરવાનું કામ ચાલુ રાખવું.

ભૂતકાળ પછી કેટલાંક ભવિષ્યકાળ લેવો પસંદ કરે છે અને જયારે કેટલાંક શક્યાર્થ લેવો પસંદ કરે છે. "આજે કરું છું.", "ગઈ કાલે કર્યું" તે વિચાર પરંપરા સાથે "આવતી કાલે કરીશ" તે બંધબેસતું આવી જાય છે. Bring you bag ના સવાલમાં વિદ્યાર્થી જવાબ આપે I will bring it tomorrow એ રીત અખત્યાર કરવા જેવી છે તેમ આપણે સહેજે માનીએ, પણ અમારો અનુભવ એવો થયો છે કે ભવિષ્યકાળ કરતા વિદ્યાર્થીને વધારે આકર્ષક કાળ શક્યાર્થ લાગ્યો છે. તેમાં ક્રિયાઓ જેટલી જ વિવિધતા લાવી શકાય છે. તેમાં વિદ્યાર્થી કરી શકે છે અથવા કરી શકશે તેવી પોતાની આત્મશ્રદ્ધાનું દર્શન કરાવી શકે છે. તેમાં વિદ્યાર્થી ક્રિયા કરી શકવાનો હોય તો પણ ના કહીને અને ન કહી શકવાનો હોય તો પણ હા કહીને વિનોદ મેળવી શકે છે. આટલા માટે ભૂતકાળ પછી તુરતજ શક્યાર્થ લેવો વધારે સારો ગણીએ છીએ. વળી જેટલી ક્રિયાઓ વર્તમાન કે ભૂતમાં કરી, કરાવી શકીએ તેટલી જ શક્યાર્થમાં પણ કરી, કરાવી શકાય છે. આથી વાતચીતના પ્રસંગને રસિક અને વિવિધતા ભરેલો પણ રાખી શકાય છે. દાખલા તરીકે :–

સ. – Can you touch the ceiling ?

જ. – Yes, I can touch the ceiling.

સ. – Touch the ceiling.

વિદ્યાર્થી ઠેકડો મારે અને કહે I cannot touch the ceiling.

વર્ગમાં પરિણામે હસાહસ અને આનંદ જામે.

સ. – Can you speak with you tongue ?

વિદ્યાર્થી કહે : I cannot speak with my tongue.

તુરત જ પોતે હસે અને બીજાને હસાવે.

વર્ગમાં આમ જુદી જુદી ક્રિયાઓ થતી જાય, શબ્દો તેમજ ક્રિયાપદોના પ્રયોગો દઢ થતા જાય અને આખો વર્ગ એક રસિક મતમય બની જાય.

પછી તો જે સંસ્કારો વર્તમાન, ચાલુ વર્તમાન અને ભૂતને વર્યા તેજ સંસ્કારો આ શક્યાર્થ માટે પણ બને; અને બધા પુરુષો અને વચનોના પ્રયોગો વર્ગમાં થઈ જાય. જેવું શક્યાર્થનું તેવું જ પછી ભવિષ્યકાળનું.

આટલું થઈ જાય એટલે વિદ્યાર્થીઓએ કામ ચલાવી શકાય તેટલી પ્રગતિ વાતચીતમાં સાધી છે તેમ સમજવું.

વાતચીત દ્વારા આ રીતે ભાષાનું શિક્ષણ આપનાર શિક્ષકે એક વાત ધ્યાનમાં રાખવાની રહે છે. વિદ્યાર્થીના જૂના જ્ઞાનની તપાસ, પ્રવેશની ચોકસાઈ અને જૂનાનવાનું સંધાણ બરાબર થયા છે, કે નહીં તે જોવા માટે અઠવાડિયામાં એક બે વાર તમામ વિદ્યાર્થીઓને સાથે પોતે એકલાએ જ પ્રશ્નોત્તરમાં ઉતરવું. અઠવાડિયામાં ચાલતો આવો એકાદ દિવસનો ક્રમ પણ વિદ્યાર્થીઓને વચ્ચે વચ્ચે ખૂબ ગમે છે.

અમારે ત્યાં માધ્યમિક શિક્ષણ અધ્યાપનમંદિર ચાલે છે. આ મંદિરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષના અંત ભાગમાં કોઈપણ એક વિષયના શિક્ષણનો પ્રયોગ કરવાનો હોય છે. એવો એક પ્રયોગ શ્રી એ અંગ્રેજી ભાષાના શિક્ષણનો કર્યો. આ પ્રયોગનું કામ પૂરા ત્રણ માસ ચાલ્યું. પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓની વચ્ચેથી જ તેમણે પકડ્યાં અને પોતે પ્રત્યક્ષ પદ્ધતિથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાનો પ્રયોગ કરેલો. પ્રયોગને અંતે તેમણે જે ટૂંકો અહેવાલ રજૂ કર્યો છે તે નીચે પ્રમાણે છે. એ અહેવાલમાંથી જે કેટલાક મુદ્દાઓ વિચારવા જેવા છે તેનો ટૂંકો વિચાર પણ અહેવાલને અંતે રજૂ કરવામાં આવ્યો છે. અહેવાલ અને તેના ઉપરની વિચારણા અંગ્રેજી ભાષાના શિક્ષકને ઉપયોગી થઈ પડશે તેમ લાગવાથી અહીં પ્રગટ કરવામાં આવેલ છે.

**અહેવાલ:**

ફેબ્રુઆરીની પહેલી તારીખે જ્યારે પ્રયોગ માટે શિક્ષણનું કામ મારે હાથે ધરવાનું હતું ત્યારે પ્રથમ શ્રેણીનો બ વિભાગ શ્રીભાઈને સોંપી અ વિભાગ જ પ્રયોગ માટે મારી પાસે રાખવો એવું મને કહેવામાં આવ્યું. બે ચાર

દિવસના એ વિદ્યાર્થીઓનાં પરિચય પછી મને એમ લાગતું હતું કે એ વિદ્યાર્થીઓમાંથી પણ ઘણું જાણવાનું મળશે. મારી ઈચ્છાને મંજૂરી મળતાં જ એ વિદ્યાર્થીઓનો ખૂબ ઉત્સાહપૂર્વક અભ્યાસ કરવાનો મેં પ્રયત્ન કર્યો.

શરૂઆતમાં તો મેં બ વિભાગના વિદ્યાર્થીઓ જોડે વાતો કરી; એ લોકોમાં મારે માટે શ્રદ્ધા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કર્યો અને કેટલેક અંશે હું તેમાં સફળ થયો હતો એમ એ લોકોએ પહેલા પખવાડિયામાં બતાવેલી અભિમુખતા ઉપરથી માનવાનું મન થાય છે.

હંમેશા એ લોકો માટે ઘણો વખત ગાળવો એ મારે માટે સંભવિત ન હતું. વળી આદર્શોનું માનસિક દર્શન જેટલું મનોહર હોય છે, તેટલું અને તેવું દર્શન પ્રત્યક્ષ થતા ઘણી મહેનત અને ધીરજની જરૂર પડે છે. ચિત્રવિચિત્ર કસોટીઓ થઈ તેમાં કેટલીક કસોટીઓમાંથી હું પસાર થઈ શક્યો નથી.

ચંચળ મનવાળા, અભ્યાસ તરફ ઓછામાં ઓછા અભિમુખ હોય તેવા વિદ્યાર્થીઓને મારા તરફ આકર્ષણ થયેલું જોયા પછી મારું કામ પતી જતું ન હતું. બલકે ઘણું બાકી રહેતું હતું. દરેક વિદ્યાર્થીમાં રસ ભિન્ન ભિન્ન હતો છતાંએ બને ત્યાં સુધી બધાયને પ્રત્યક્ષ પદ્ધતિની શરૂઆતમાં અભિનયકળા જોઈએ અને બાળકોને સ્વાભાવિક એવો વિનોદ (humour) પણ જોઈએ. ઉપરાંત આ વિનોદમાં કોઈ પણ રીતે કેળવણીને અંતરાય કરે તેવું કંઈ ન હોવું જોઈએ.

આ માટે નાનામોટા આયોજનો કરવા પડ્યાં હતાં, જેનો ઉલ્લેખ જુદે સ્થળે ટૂંકમાં કર્યો છે. અ અને બ એવા બે વિભાગો કરી નાખવામાં આવ્યાં હતાં. છતાં રમત જેવી બાબતોમાં તો બંને વિભાગોને એકી સાથે જ લઈ જવામાં આવ્યા હતાં. બહાર રમવા જવા માટે તો લગભગ એકેએક વિદ્યાર્થી આકર્ષાયો હતો પરંતુ ત્યાં પણ થોડું નિયમન, થોડી માનસિક મહેનત તો થતી જ, કારણ કે ગુજરાતી બોલવાનો નિષેધ હતો. એટલે થોડા દિવસ પછી રમતના કાર્યક્રમથી આકર્ષાઈને આવનાર વિદ્યાર્થીઓ બંધ થયા.

બ વિભાગમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ એવા હતા કે જે શાળામાં ગોઠવાઈ શક્યા જ ન હતા. બહુ જ થોડા વિષયોમાં પણ એ લોકોએ ચિત્ત પરોવ્યું હતું. જીવનને પ્રફુલિત કરનાર સ્વાભાવિક ઉલ્લાસની મોટી ઉણપ આ વિભાગમાં દેખાતી હતી (અ માં છેક એવું ન હતું) અને છેલ્લે સુધી આ ઉણપે મને મૂંઝવ્યા કર્યો છે. લગભગ બધા જ વિદ્યાર્થીઓ મધ્યમ વર્ગના હતા. કોઈ મજૂર કે અત્યંત ગરીબ વર્ગનો વિદ્યાર્થી હતો જ નહીં. એમને અહીં આવ્યા પછી કંઈ ઓછી સ્વતંત્રતા અને સગવડો મળે છે એમ તો નથી જ. છતાં એમનામાં જાણે જિજ્ઞાસાવૃત્તિ જ ન હોય, તેવું મને કોઈ કોઈ વાર દેખાતું. મધ્યમવર્ગના વિદ્યાર્થીઓની સ્વાભાવિક જિજ્ઞાસાવૃત્તિને પણ આટલી બધી દબાવવામાં આવતી હશે ?

પણ આમ કરતાં કરતાં મારો એક મહિનો તો એમની જોડે પસાર થઈ ગયો. ત્યાર પછી મારી વ્યક્તિગત મુશ્કેલીઓને લીધે, મારામાં રહેલી ખંતની ઉણપને લીધે કે પછી બાહ્ય ઉત્તેજનતાની અસરને લીધે, ગમે તેમ હોય પણ આ વિભાગનો ઠરીને રસપૂર્વક વિચાર કરતો હું અટક્યો. એક તરફ દેશમાં સત્યાગ્રહ મંડાયો અને બીજી બાજુ હોળીની રજાઓ આવી પહોંચી. મારા ચિત્તમાં પણ ક્ષોભ થયો હતો. પરિણામે હું અઠવાડિયા માટે બહારગામ ગયો અને વિતાવી આવ્યો બે અઠવાડિયા. એ પછી પણ થોડીક અસ્વસ્થતા રહી. પછીથી જ્યારે ધીરે ધીરે એ જતી રહી ત્યારે જાગીને જોયું તો પેલી અભિમુખતા ઓછી થઈ ગઈ હતી, અને મારૂં કામ કઠિન બનેલું હતું. જેમ તેમ કરીને બાકીના વખતમાં પદ્ધતિઓની અંદર સેળભેળ કરીને પણ બ વર્ગનું કામ આગળ ધપાવવામાં જ મેં મારૂં મન પરોવ્યું. પરિણામે સત્રાંતે વધારે નહીં તો બે વિદ્યાર્થીઓને તો ઉપર જવા જેટલી લાયકાત આવી હતી.

બ વર્ગના વિદ્યાર્થીઓમાં અ કરતાં પણ વધારે આત્મશ્રદ્ધાનો અભાવ હતો. સ્વયંસ્ફૂર્તિ ને સ્વાનુભવને આપણા સમાજમાં કે નિશાળોમાં બહુ ઓછો અવકાશ છે, અને તેને લીધે જ કદાચ આટલો બધો જાતમાં અવિશ્વાસ જન્મતો હશે.

બ વર્ગના બે વિદ્યાર્થીઓ સિવાય બાકીના વિદ્યાર્થીઓને અભ્યાસાભિમુખ કરવાના મારા પ્રયત્નો

સફળ થયા નથી, એમાં માત્ર વખતનો અભાવ જ કારણભૂત નથી; એક બીજું અગત્યનું કારણ તો એ હતું કે મારા પ્રયત્નો એકાંકી હતા. વિદ્યાર્થીઓને અભ્યાસાભિમુખ કરવા માટે અને ખાસ કરીને નવા આવનાર ચિત્રવિચિત્ર વિદ્યાર્થીઓને અભ્યાસાભિમુખ કરવા માટે ઘર અને આખી શાળાએ ખૂબ વ્યવસ્થિત પ્રયત્નો કરવા જોઈએ. એવા પ્રયત્નો બિલકુલ નથી થયા તેમ નથી છતાં એટલું તો દેખાયું છે કે એ પ્રયત્નો બહુ મોળા હતાં. દરેક શાળામાં અને ખાસ કરીને આપણી આવી સ્વતંત્ર શાળામાં તો નવા આવનાર વિદ્યાર્થીઓનાં ગોઠવાઈ જવાનો પ્રશ્ન ઘણો વિકટ હોય છે. ગૃહ અને શાળાએ ખૂબ પ્રેરક, અભ્યાસપ્રિય અને સંવાદી વાતાવરણ ઊભું કરવાની અત્યંત જરૂર રહે છે. સત્રની શરૂઆતથી જ એની થોડીઘણી ખોટ જણાતી હતી. આ ચર્ચાની બીજી બાજુ છે એ હું સમજું છું છતાં જે મુશ્કેલીઓ મને નડી છે, અને જે નિરાશા મને થઈ છે તેનો ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી.

બ વર્ગની હકીકતમાં લગભગ બધી બાબતો ઓછા યા વધતા પ્રમાણમાં અ વર્ગને પણ લાગુ પડે છે. પરંતુ અ વર્ગમાં એકાદ સિવાય બધા વિદ્યાર્થીઓ સરળ અને અભિમુખ હતાં, એટલે એ વર્ગમાં નોંધવા જેવી બાબત તો શિક્ષણ વિશે છે. પ્રત્યક્ષપદ્ધતિના પ્રયોગનો મને થોડો ઘણો અનુભવ થયો છે, એવો સંતોષ હું લઈ શકું તો તે આ અ વર્ગમાંથી જ છે.

પ્રત્યક્ષપદ્ધતિની સ્વાભાવિકતા, એનું ગૌરવ અને એની સફળતાની વાતો આપણી સંસ્થામાં જ નહીં, પણ બહાર ક્યાંયે ચર્ચાત્મક રહી નથી. એટલે પ્રત્યક્ષપદ્ધતિનાં ગુણગાન કરવાનાં મારે રહેતા નથી.

પ્રત્યક્ષપદ્ધતિમાં વિદ્યાર્થીની કક્ષા જોઈ રસદાયક લાગે તેવી નિત્ય જીવનની બાબતો ઉપર વાતચીત કરવી એ સૌથી મુખ્ય વસ્તુ છે. વાતચીત દરમ્યાન વર્ગમાંથી ગુજરાતીનો સદંતર બહિષ્કાર કરવામાં આવે છે. એટલે શિક્ષકનું કામ સૌથી વધારે કઠિન બને છે. પોતાની જાતને ભૂલી જઈ વાનરસેનામાં ભળી જઈ માનાપમાન ભૂલી જવા, એ લોકોની અનેક વિચિત્રતાઓ ગળી જવી ને હસતું મોં રાખવું, સાથે રમવું કુદવું અને છતાં શિક્ષણ અને કેળવણીનો હેતુ ધ્યાનમાં રાખી તેમના ચોમેર દોડતા ચિત્તની ઉપર આપણા કામની રસિકતારૂપી લગામથી કાબૂ જાળવી રાખવો, એ એક સાધના છે. મારી એ સાધના કેટલે અંશે સફળ થઈ છે એનો ઉલ્લેખ કરવો બહુ જરૂરી નથી.

અભિમુખ કરવાના હેતુથી અને વાતચીતને વધારે જીવંત અને રસદાયક કરવાની આશાથી અમે એકાદ માસ શાળાની બહાર જવાનું રાખ્યું હતું. બહાર જઈ ઝાડ ઉપર ચડવું, ઊતરવું, કૂદવું, દોડવું, રમવું, કવાયત કરવી વગેરે બાબતો થતી. રમતોમાં સર્કલ રનિંગ ને હુતુતુતુ એ રમતો રમાતી હતી. બહાર ફરતી વખતે પણ ભાગ્યે જ ગુજરાતીનો ઉપયોગ કરવામાં આવતો. રમતની વ્યવસ્થા વિદ્યાર્થીઓ બધી પોતે જ કરી લે, બે નેતા થાય, ઊભા થતાં પ્રશ્નોના નિવેડા લાવે, નિયમન સાચવે અને એ રીતે શિક્ષક વિના પણ રમી શકે તેવી રીતે કામ લેવાતું. આ દરમ્યાન ભણતર ચાલે છે એવું ભાન ભાગ્યે જ રહેતું. ધીરે ધીરે રમતમાં જોઈતી અંગ્રેજી વાતચીત દરેક વિદ્યાર્થી શીખી ગયો હતો. વર્ગમાં સમય પૂરો થયે જે થાક, જે કંટાળો થોડો ઘણો પણ દેખાતો તેવો તો દેખાય જ ક્યાંથી ? પણ વિશાળ આકાશ નીચે ખુલ્લા મેદાનમાં શિક્ષક વિદ્યાર્થીનો ભેદ ભૂલી જઈ રમત અને તોફાન કરતાં કરતાં આપોઆપ વિદ્યાર્થીમાં સ્વતંત્ર જુસ્સો કેળવાતો હતો. વર્ગની ચાર દીવાલો વચ્ચેનું ભણતર એ એક મોટું કામ વિદ્યાર્થીઓને દેખાતું તે અહીં નહોતું દેખાતું. અને ઉંધું ઘાલીને કામ કરવાથી જીવન વિશેની જે વિચિત્ર કલ્પના અજાણપણે વિદ્યાર્થીઓના મગજમાં બંધાતી હતી તે ભૂંસાઈ જતી જણાતી હતી. વિદ્યાર્થીઓના જીવનમાં આ રીતે ઉલ્લાસ જગાવવાનું સહેલું દેખાતું હતું.

અલબત્ત, શરૂઆતમાં આ નવીન ફેરફારથી મારો શિક્ષણનો હેતુ માર્યો જતો જણાતો હતો અને મારી ધીરજ ખૂટતી હતી; પરંતુ ધીમે ધીમે એમાં વ્યવસ્થા આવ્યે જતી હતી.

હવે મુખ્ય હેતુ કેટલો સચવાયો તેની વિગત જણાવું.

મારી પાસે જ્યારે પહેલી શ્રેણીના વિદ્યાર્થીઓ આવ્યાં ત્યારે કેવી વિચિત્ર અવસ્થા હતી તેનો ખ્યાલ આપવો અશક્ય છે. ત્રીજા ભાગના વિદ્યાર્થીઓ અંગ્રેજી અક્ષરો લખતાં જ શીખ્યા ન હતાં; અડધા ભાગનાને અક્ષરો ઓળખતાં આવડતાં ન હતા, બહુ જ થોડાં વિદ્યાર્થીઓને શબ્દનો સાચો સૂચિતાર્થ (Connotation) મનમાં ઉતર્યો હતો. What is this અને What is it made of? જેવા કેટલાક તદ્દન પ્રાથમિક પ્રશ્નો સિવાય બીજા પ્રશ્નોના જવાબો કોઈ જ દઈ શકતું ન હતું. અલબત્ત, ક્રિયાત્મક ભાવના, જે ક્રિયાપદો છે તે સારી સંખ્યામાં થયાં હતાં. હસ્તાક્ષર એકાદ વિદ્યાર્થી સિવાય કોઈના સારા ન હતાં.

શરૂઆતમાં મેં અ વર્ગ માટે સ્વાધ્યાયનો પ્રયોગ કરી જોયો. પણ ત્રણ અઠવાડિયાં પછી તે બંધ કરવો પડ્યો, એનું એક કારણ એ કે સ્વાધ્યાયમાં આપવા જેવું કામ ઝાઝું થયું જ ન હતું. અને બીજું સ્વાધ્યાયની કસોટી કરવામાં મને કેટલીક મુશ્કેલીઓ જણાતી હતી. મને કસોટી કેવી રીતે કરવી તેનો ખ્યાલ નહીં હોય કે બીજું કોઈ કારણ હોય, પણ કસોટી કરવામાં પ્રત્યક્ષ પદ્ધતિના કેટલાંક નિયમોનું જ ઉલ્લંઘન થતું લાગતું હતું.

જોડણી કરાવવાની શરૂઆત કરી હતી. પણ મને તે જરા વહેલી લાગી હતી, અને તે પણ થોડાં પ્રયત્નો પછી છોડી દેવી પડી હતી. આજે જેટલા શબ્દોનું એમને જ્ઞાન છે તેના પ્રમાણમાં તેની જોડણીનો એમને કંઈજ ખ્યાલ નથી.

મારી પાસે બાકી સમય બહુ થોડો રહ્યો હતો એટલે શબ્દનો સાચો સૂચિતાર્થ (Connotation) આપવાની મેં કેટલીક વાર ઉતાવળ કરી છે. અ વર્ગ પૂરતો મને સંતોષ છે કે એ લોકોને લગભગ બધા જ શબ્દોના connotation મળ્યાં છે.

હસ્તાક્ષરની બાબતમાં મને લાગે છે કે તે પ્રમાણે બહુ સંતોષકારક કામ થયું છે. એને માટે કોઈ ખાસ પદ્ધતિનું મને જ્ઞાન ન હતું. પાટિયા ઉપર આદર્શ હસ્તાક્ષરો લખી તેની નકલ કરાવવી, ઈચ્છા થાય ત્યારે ઘરેથી લખી લાવે, વાંકાચૂકા અક્ષરો સુધારી બતાવવામાં આવે, એ રીતે કામ લીધું છે.

ઉચ્ચારણમાં પણ સંતોષકારક સ્પષ્ટતા અને Accentuation આવ્યાં છે એમ લાગે છે.

**કવિતા શિક્ષણ :**

મને વર્ગ મળ્યો ત્યારે કામ એટલું ઓછું થયેલું હતું કે તેટલા જ્ઞાન ઉપર કવિતા આપવી મુશ્કેલ હતી. પાઠમાં વચ્ચે આવતી કવિતાઓ રસહિન, માત્ર વર્ણનાત્મક અને આ કક્ષાના વિદ્યાર્થીઓને ઝાઝો રસ ના આવે તેવી હતી. છતાં છેલ્લા મહિનામાં કવિતા તરફ વિદ્યાર્થીઓ દોરાયા હતાં. એકાદ બે પાઠ્યપુસ્તકમાંથી અને બીજી બે બહારથી એમ ત્રણ ચાર કવિતાઓ આજે વિદ્યાર્થીને કંઠસ્થ છે. કંઠસ્થ કરવાનું કદી કહેવામાં આવ્યું તો નથી જ. એક કવિતા તેમાં રહેલા સુંદર વર્ણન માટે તથા, બીજી બે તેના પ્રાસાનુપ્રાસ અને સંગીત માટે વિદ્યાર્થીઓએ કંઠસ્થ કરી. ચોથી કવિતા કેટલાંકે જ કંઠસ્થ કરી છે. તેમાં નર્યું લૂખું વર્ણન છે, છતાં અંગ્રેજી શીખાશે એવા ઉત્સાહથી તેમણે કંઠસ્થ કરી છે !

જ..... જેવા અકાળ વૃદ્ધ અને ગ.... અથવા શ.... જેવા અકાળ ગંભીર વિદ્યાર્થીઓ માટે આ શીખવાની પ્રત્યક્ષ પદ્ધતિથી કામ લેવું કઠિન લાગે છે. એ લોકોને કુદાવવા કે નચાવવા બહુ મુશ્કેલ છે.

બીજું આ પદ્ધતિની અંદર ઘણો વધારે વખત આપવો પડે છે. જે જગતના આ વિદ્યુતવેગી મુશ્કેલ જીવનમાં ભારે પડે છે. ઉપરાંત કોઈ વખત શિક્ષકની અગવડને લીધે તો કોઈ વખત શાળામાં પળાતા તહેવારોને લીધે તો કોઈ વખત બીજી લાંબી રજાઓને લીધે વારંવાર લાંબા ગાળા પડી જાય છે અને ઘરોમાં કંઈ શબ્દો કે વાતચીત એ લોકોને સાંભળવા મળતા હોતા નથી; એટલે કેટલીક મહેનતમાંથી કેટલીક એળે જાય છે. આ મુશ્કેલી છતાં આજે તો પ્રત્યક્ષ પદ્ધતિ સિવાય બીજી કોઈ વધારે હિતકારક રીત જણાતી નથી.

**વિચારણા :**

અહેવાલ અહીં પૂરો થાય છે. હવે તેમાંથી વિચારવા જેવા તાત્ત્વિક તેમજ પ્રાયોગિક થોડાંક મુદ્દાઓ વિચારીએ.

(ક્રમશઃ)

# સરસ્વતી વિકાસગાથા

**કેશુભાઈ પટેલ**

**પૂર્વ આચાર્ય, અસારવા વિદ્યાલય, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬.**

સુરત જિલ્લાનું એક ખોબલા જેવડું ગોકળિયું ગામ. નામ ચલથાણ. અહીં જનમ્યા મુ.શ્રી. રઘુભાઈ સન્ ૧૯૦૭ની પંદરમી ઑગસ્ટના શુભ દિને. (યોગાનુયોગ જૂઓ, આ જ દિવસે ચાળીસ વર્ષ પછી આપણો ભારત દેશ આઝાદ થયો.) માતા કાશીબા. પિતા મોરારજીદાદા. પાંચ સંતાનોમાં સૌથી નાના, તેથી ઓળખાયા પણ ''નાના''ના નામે જ. ચલથાણ અને ગોતા ગામમાં પ્રાથમિક શિક્ષણ લીધું. માધ્યમિક શિક્ષણ સુરત અને આણંદમાં. સુરતના અનાવિલ છાત્રાલયે આપ્યો શ્રી. ઝીણાભાઈ દેસાઈ-સ્નેહરશ્મિ સમો જીગરી દોસ્ત. આ દોસ્તી આજીવન જળવાઈ.

ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિનીતની પરીક્ષામાં વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થઈ સ્નાતક કક્ષાનો અભ્યાસ કર્યો. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના પ્રકૃતિની ગોદમાં ઢબુરાયેલા શાન્તિ નિકેતનમાં. અહીં જ પામ્યા ગુરુદેવ ટાગોરનું સાંનિધ્ય અને દીનબંધુ એન્ડ્રુઝ જેવા પ્રાધ્યાપકનો સાથ. દીનબંધુના અંગત મંત્રીની ફરજ પણ તેમણે સુપેરે બજાવી.

શાન્તિ નિકેતને બક્ષ્યો કેળવણી તરફનો નૂતન અભિગમ. અહીંથી જ લાગ્યું રવીન્દ્રસંગીતનું ઘેલું. ખૂબ પ્રભાવિત થયા ગુરુ-શિષ્યના સૌહાદપૂર્ણ સંબંધોથી અને બન્યા સજ્જ ભાવિ જીવનની કેડી પર પદાર્પણ કરવા. પગદંડો જમાવવા.

વિનીત વિદાયે ગુરુદેવ ટાગોરે આપ્યા આશિષઃ ''જ્યાં જાવ ત્યાં એક એક શાન્તિનિકેતનનું નિર્માણ કરજો. આ જ મારી ગુરુદક્ષિણા''.

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં મેળવ્યો પ્રવેશ. લીધી તાલીમ પૂર્વ પ્રાથમિક અને માધ્યમિક અધ્યાપનની. સાથે સાથે રંગાયા આઝાદીના કસુંબલ રંગથી પણ. ''મીઠાના સત્યાગ્રહ'' અને ''નાકરની લડત''માં વહોરી ધરપકડ. ભોગવી જેલની સજા. જેલવાસ દરમિયાન ચાલુ હતું મનોમંથન. અંતે તારવ્યું, ''ગુલામીની જંજીરો તૂટશે શિક્ષણ થકી જ, માટે શિક્ષણ જ મારો સ્વીકૃત ધર્મ.'' સજા પૂરી થતાં ''પ્યુપીલ્સ ઓન સ્કૂલ'' Pupils Own School - પૂનામાં પ્રાધ્યાપક બન્યા.

વધુ અભ્યાસ અર્થે પહોંચ્યા જર્મની. ફ્રાયબુર્ગ યુનિવર્સિટીમાંથી Ph.D ની પદવી મેળવી એક્સ્ટ્રા ફર્સ્ટ ક્લાસના ગૌરવ સાથે. જોડાયા મ્યુનિક યુનિવર્સિટીમાં. કર્યો અભ્યાસ શૈક્ષણિક મનોવિજ્ઞાનનો. ''ન્યૂ એડ્યુકેશન ફેલોશિપ'' અન્વયે વ્યાખ્યાન આપવા પહોંચ્યા ઈંગ્લેન્ડ. બીજું વિશ્વયુદ્ધ આ અરસામાં શરૂ થઈ ચૂક્યું હતું. જર્મનીથી આવેલા રઘુભાઈનો પાસપોર્ટ થયો જપ્ત. પરંતુ તેનાથી હારે તે બીજા, રઘુભાઈ નહીં. ફેરવ્યો અવરોધને અવસરમાં. ખૂંદી વળ્યા યુરોપના અન્ય દેશો. ત્યાંની શિક્ષણ સંસ્થાઓનો કર્યો અભ્યાસ. શિક્ષણ પ્રણાલીઓ વિશે જાણકારી મેળવી. પેરિસમાં વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડ સાથે મુલાકાત થઈ. આ એ જ રાજવી હતા જેમની સમયસરની આર્થિક સહાયે - શિષ્યવૃત્તિએ મુ. શ્રી. રઘુભાઈ માટે શિક્ષણ પ્રાપ્તિનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. વડોદરામાં પ્રોફેસર થવા આવી જવા કહ્યું.

વિયેનામાં મળી તક મહાન ભારત સેવક સુભાષચંદ્ર બોઝને મળવાની. આસામ જેવા સરહદી વિસ્તારમાં શૈક્ષણિક કાર્ય આરંભવા માટેનો પ્રસ્તાવ મુ.શ્રી. રઘુભાઈએ મૂક્યો. સુભાષબાબુની સલાહ : સરહદી વિસ્તારમાં એકધારું શિક્ષણકાર્ય અસંભવ. બીજે જવા વિચારો.

સ્વદેશ પરત ફરવાની મળી પરવાનગી. આવી પહોંચ્યા માદરે વતન. આવ્યા ભાવનગર. હીરાપારખુ મુ.શ્રી. હરભાઈએ ''ઘરશાળા''માં બનાવ્યા આચાર્ય. ''ઘરશાળા''ને આગવો ઘાટ આપવાનો કર્યો શુભ આરંભ. અહીં ભાવનગરમાં જ અનુભવી પરમ આત્મીયતા શ્રદ્ધેય માતા સંતોકબા અને મુ.શ્રી હરભાઈનાં સ્નાતક શિક્ષિકા પુત્રી સુ.શ્રી. જશીબહેન સાથે. બંનેને પોતાનું જીવન-ધ્યેય

"શિક્ષણ ક્ષેત્રે કશુંક નક્કર." અર્પણ કરવાનું લાગ્યું. સહવિચારથી પ્રેરાયા સહજીવન અર્થે. બન્યાં બેઉ એક. બન્યાં નાયક દંપતી. આ સુ.શ્રી. જશીબહેન એટલે આજે પણ ૯૯ વર્ષની વયે આપણા સૌની સાથે સહર્ષ બીરાજેલાં આપણાં મુ.શ્રી. જશીબહેન...... સૌના વહાલાં દાદી જશીબા.....

સુવિધાપૂર્ણ સ્થળે ચીલાચાલુ ઢબે શિક્ષણકાર્ય કરવાની ખેવના ક્યારેય ન હતી. મુ.શ્રી રઘુભાઈની મજૂરલત્તામાં શિક્ષણ સંસ્થા શરૂ કરવાની ઝંખના તીવ્ર બનતી જતી હતી. અમદાવાદના પૂર્વ વિસ્તારો સરસપુર, અસારવા, ગોમતીપુર જેવા વિસ્તારો ખૂંદી વળ્યા. સરસપુરમાં કોઈ શાળા બંધ થવાના ખબર મળ્યા. "ગરીબ વિસ્તારની એ શાળા શા માટે બંધ થવા દેવી ?" અંતરમાં ઝબક્યો આ વિચાર. થઈ મથામણ. મુ.શ્રી. જશીબહેન સાથે આવી કર્યું દર્શન આ કર્મભૂમિનું. નારાજ અને હતાશ જશીબહેનમાં ઉત્સાહનો કર્યો સંચાર. રંક જનોમાં શિક્ષણ-સંસ્કાર રેડવા કર્યું આહવાન. શાળાનું નામ "સરસ્વતી હાઈ સ્કૂલ." મળ્યા શાળા સંચાલકને. સંચાલકનો જવાબ : 'મને શાળા ચલાવવામાં રસ નથી. મેં રોકેલા રૂ. ૧૭,૦૦૦ મને આપી દો. શાળા તમારી." આટલા બધા પૈસા લાવવા ક્યાંથી ? રઘુભાઈ હામ ન હાર્યા. યાદ કર્યા સહૃદયી મિત્રોને. શેઠ શ્રી શાંતિલાલ શાહે રઘુભાઈના વિદેશમાં માણેલા આતિથ્યને યાદ કરી રૂ. ૧૦,૦૦૦ નો ચેક આપ્યો. પરમ મિત્ર છોટુભાઈએ રૂ. ૫,૦૦૦ની સહાય કરી અને આમ માધુભાઈ મિલની પતરાંની બે ચાલીમાં ચાલતી સરસ્વતી હાઈ સ્કૂલ પોતાને હસ્તક લીધી. ૧૯૪૪ની પહેલી નવેમ્બરે થઈ સ્થાપના સરસ્વતી વિદ્યા મંડળની. અનેક સમસ્યાઓ, અનેક પ્રતિકૂળતાઓ સામે ઝીંક ઝીલી. સામે પુરે તરવાની મોજ માણીને પણ નોખી માટીના આ માનવી - મુ.શ્રી. રઘુભાઈ, મુ.શ્રી જશીબહેને અનોખી રીતે સરસ્વતીનું સુકાન સંભાળ્યું. હાથ લાગી તે સામગ્રી અને ઊભી કરી ભૌતિક સુવિધાઓ. રેડ્યા પ્રાણ. આમ "ન દૈન્યં ન પલાયનમ્" સૂત્ર સાર્થક કર્યું. પંચાવન વિદ્યાર્થીઓ વાળી સરસ્વતી ધીરે ધીરે સુદૃઢ બનતી રહી; વિસ્તરતી પણ રહી માધુભાઈ મિલ કમ્પાઉન્ડ મધ્યે.

માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાંથી સરસ્વતીની ખ્યાતિ અન્ય વિસ્તારો સુધી પણ ફેલાઈ. તે વિસ્તારના લોકો મળ્યા રઘુભાઈ-જશીબહેનને. કરી વિનંતી શાળા શરૂ કરવા પોતાના વિસ્તારમાં. પ્રેમાગ્રહને વશ થઈ અસારવામાં પણ શરૂ કરી ભગિની સંસ્થા અસારવા વિદ્યાલય, બાલભારતી પ્રાથમિક શાળા જૂન ૧૯૫૩માં. મોરારજી દેસાઈના વરદ હસ્તે આ શાળા વિદ્યાર્થીઓને સમર્પિત થઈ. પ્રથમ આચાર્ય બન્યા મુ.શ્રી. જશીબહેન.

ત્યારબાદ સરસપુરમાં "હિમાંશુ બાલમંદિર", "સરસ્વતી કુમાર મંદિર-૨ (બે)" તથા અસારવામાં એક બાલમંદિર આરંભાયેલાં.

સરસ્વતી શાળાઓ હતી સહશિક્ષણ આપતી શાળાઓ. ત્યારે સરસપુર ભલે ગણાતું અમદાવાદનું ઉપનગર પણ માહોલ ગ્રામીણ વિશેષ. પોતાની દીકરીઓને આવી સંસ્થામાં મોકલતાં વાલીઓ અનુભવે કચવાટ. તેથી જ શ્રી. વિમળભાઈ શાહની રૂ. ૩૦,૦૦૦ની સહાય સાથે તેમના માતૃશ્રીના નામે માત્ર બહેનો માટેનું વિદ્યાલય શરૂ થયું. નામ જે. એન. બાલિકા વિદ્યાલય. પ્રથમ આચાર્ય બન્યા શકુન્તલાબહેન શાહ.

ત્યાં વળી ઊભું થયું એક સંકટ. અમદાવાદના રેલવે સ્ટેશનને વિસ્તારવા માટે સરસ્વતીનાં મેદાન તથા મકાનને આંચકી લેવા ચક્રો થયાં ગતિમાન. મકાન અને મેદાનનાં હસ્તાંતરણ સામે મુ. શ્રી. રઘુભાઈએ અદાલતનાં દ્વાર ખટખટાવ્યાં. પણ બધું ધૂળધાણી. સરસ્વતીના સંચાલન માટે સ્થપાયેલ સરસ્વતી વિદ્યા મંડળે રૂ. ૨૦,૦૦૦ વળતર લઈ માધુભાઈ મિલ કમ્પાઉન્ડની સરસ્વતી સખેદ છોડવી પડી.

સરસ્વતી શાળા વિશે સારો અભિપ્રાય ધરાવતા એક મિલમાલિક શેઠ શ્રી નવનીતભાઈ પરીખ શાળાની વહારે ધાયા. પોતાની પાસે હતો તે વિશાળ પ્લોટ શાળાને ઉપયોગમાં લેવા સમર્પિત કર્યો. સરસ્વતીના નવા ભવનનો અફલાતૂન

પ્લાન બનાવીને પ્લાનને સાકાર કરવાનાં થયાં મંડાણ.

લોકોની ભાગીદારી આ માટે મળી રહે તે હેતુથી વાલીઓ પાસેથી પણ એક એક રૂપિયો કરીને લાખેક રૂપિયા એકત્ર કરી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. સૌના સાથ-સહકારથી ઈ.સ. ૧૯૬૦ના જૂન માસમાં નવું અદ્યતન મકાન શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયના નામે થયું સાકાર અને ધમધમી રહ્યું વિદ્યાર્થીઓના કલશોરથી.

ઈ.સ. ૧૯૬૬ દરમિયાન સરસ્વતીના પ્રાંગણમાં જ મકાનનો બીજો બ્લોક નિર્માણ પામ્યો. આ બંને બ્લોક ધરાવે છે અદ્યતન સુવિધાઓ અને પૂરતી મોકળાશ. આ છે મુ. શ્રી. રઘુભાઈ અને મુ. શ્રી. જશીબહેનનાં સમણાંને સાકાર કરતાં પ્રસ્થાનો. આમ સરસ્વતી વિદ્યા મંડળે પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધીની છ શિક્ષણ સંસ્થાઓ ઊભી કરી. આ શાળામાં આજે લગભગ ૫૦૦૦ વિદ્યાર્થીઓ હાઉકલો કરતાં હલકારા લે છ. તેમના ચારિત્ર્ય તથા સંસ્કાર ઘડતરનું કાર્ય અહીં થાય છે.

ગુજરાતભરમાં જ નહીં પાટનગર દિલ્હી મુકામે પહોંચી સરસ્વતી શાળાઓની સુવાસ-ઈજ્જત દિલ્હી સ્થિત "ગુજરાત એજ્યુકેશન સોસાયટી" સ્થાપી રહી હતી. સરદાર પટેલ વિદ્યાલય શ્રદ્ધેય શિક્ષણકાર મુ.શ્રી. મૂળશંકરભાઈ ભટ્ટે સૂચવ્યાં છે બે નામ : મુ. શ્રી રઘુભાઈ અને મુ. શ્રી. જશીબહેનનાં દિલ્હીમાં ઈન્ડિયન કલ્ચર માટે અન્ડરસ્ટેન્ડિંગ ઊભું કરે તેવા માણસની જરૂર છે. ભાવિ ભારતીય રહે અને અંગ્રેજી જાણે તે આશય છે આ વિદ્યાલય પાછળ. મુ. શ્રી. એચ. એમ. પટેલ સાહેબનો આગ્રહ. "સરસપુર કરતાં અહીં (દિલ્હીમાં) કચરો વધારે છે; માટે તમારા બંનેની અહીં વધારે જરૂર છે. શ્રી મોરારજીભાઈ દેસાઈનું ઈજન.

થઈ મીઠી મૂંઝવણ. પોતાની શાળાના તેજસ્વી શિક્ષકોને શાળાની જવબાદારી અદા કરી શકવાનો અવસર પ્રદાન કરવા તથા બુદ્ધિજીવી વાલીઓનાં સંતાનોમાં રાષ્ટ્રીય અસ્મિતા જગાવવાનો અવસર લેવા રઘુભાઈ-જશીબહેન પહોંચ્યાં દિલ્હી. ફરી નવલાં નિર્માણ. સરદાર પટેલ વિદ્યાલયને દિલ્હીની ગણનાપાત્ર શાળા બનાવી.

ફક્ત બે વર્ષની લોન સર્વિસ પર ગયેલ બંને મુરબ્બીઓએ ૧૮ વર્ષ સુધી સરદાર પટેલ વિદ્યાલયમાં સેવાઓ આપી. નિવૃત્ત થઈ આવી ગયાં પોતાના માનસસંતાન સમી સરસ્વતીમાં.

આ શિક્ષણયાત્રામાં આમ તો એક અકેલા (આમ જોઈએ તો "બેકલા". મુ.શ્રી. રઘુભાઈ અને મુ.શ્રી. જશીબહેન માટે "બેકલાં".)

*"એક અકેલા ચલા થા અપની મંઝિલકી ઓર,*
*લોગ આતે ગયે કારવાં બનતા ગયા,*
*કારવાં બનતા ગયા,*
*સરસ્વતી કે કદમ બઢતે ગયે,*
*આગે બઢતે રહે, બઢતે હી રહે."*

સરસ્વતીને સુદૃઢ કરવામાં, શિક્ષણ દ્વારા ચારિત્ર્ય ઘડતર અને નૈતિક મૂલ્યોનું સંસ્કરણ કરવામાં, પૂર્વ વિસ્તારના લોકોને જ્ઞાનની કેડી પર ચાલતા કરવામાં અમોલ શિક્ષણશાસ્ત્રીઓ અને વહીવટી સૂઝ ધરાવતી પ્રતિભાઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આવો યાદ કરીએ તે સૌ પ્રાતઃ સ્મરણીય મહાનુભાવોને....

(૧) બાળકેન્દ્રી નૂતન શિક્ષણના પ્રણેતા મુ.શ્રી. હરભાઈ ત્રિવેદી.

(૨) સરસ્વતીના પ્રથમ દાતા અને પૂર્વ પ્રમુખ મુ.શ્રી. શાંતિલાલ મંગળદાસ શેઠ.

(૩) મુ.શ્રી. નવનીતલાલ રણછોડલાલ પરીખ : જેમણે સરસ્વતીને સમર્પિત કરી ૯૦૦ ચો.મી. જમીન સંચાલન સમિતિના આજીવન સક્રિય સભ્ય.

(૪) ભારત સરકારના પૂર્વ નાણાંમંત્રી તથા સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ ચૅરમેન મુ.શ્રી. એચ. એમ. પટેલ સાહેબ.

(૫) મુ.શ્રી. વિમળભાઈ શાહ : સરસ્વતી વિદ્યા મંડળ સંચાલન સમિતિના સક્રિય સભ્ય. જેમના દાન થકી જે. એન. બાલિકા વિદ્યાલય સાકાર થયું.

(૬) દોસ્તીના નાતે આર્થિક મૂંઝવણમાં સદાય ટેકણ લાકડી

સમા સરસ્વતી વિદ્યા મંડળના સભ્ય ડૉ. છોટુભાઈ પટેલ.

(૭) ડૉ. ગાંધી : બાળપણના મિત્ર આર્થિક મદદ માટે સદા તૈયાર. બાળકોની તંદુરસ્તીના હામી.

(૮) સામાજિક કાર્યકર : સરસ્વતી વિદ્યામંડળ સંચાલન સમિતિના પૂર્વ સભ્ય. સરસપુર નાગરિક બેન્કના આદ્યસ્થાપક મુ. શ્રી. અમૃતલાલ મગનલાલ પટેલ.

(૯) મુ. શ્રી. આનંદભાઈ અમીન : સરદાર પટેલ મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટી. સરસ્વતી વિદ્યામંડળના ચૅરમેન.

(૧૦) કાર્યદક્ષતા અને વહીવટી કુનેહના દ્યોતક મુ.શ્રી. હિમંતભાઈ દવે.

(૧૧) શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રિય અવૉર્ડ વિજેતા પૂર્વ આચાર્ય સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ સહમંત્રી મુ.શ્રી સુજ્ઞોમલ ગોપલાની.

(૧૨) મુ.શ્રી. વિઠ્ઠલભાઈ મંગળદાસ ઓઝા : સરસ્વતીના વિદ્યાર્થી, શિક્ષક, નિરીક્ષક, આચાર્ય. શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રિય અવૉર્ડ પ્રાપ્ત કર્યો. સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ મંત્રી.

(૧૩) સરસ્વતી વિદ્યામંડળના "Walking encyclopaedia of Account" સમા મુ.શ્રી. હેમુભાઈ ઠાકોર.

(૧૪) છએ સંસ્થાના સૌ પૂર્વ આચાર્યો, પૂર્વ કાર્યકર મિત્રો. વર્તમાન આચાર્યો તથા કાર્યકર મિત્રો. સરસ્વતી વિદ્યા મંડળના સૌ પૂર્વ તથા વર્તમાન કર્ણધારો.

(૧૫) And Last but not the Least. ઈ.સ. ૧૯૪૪ થી મુ.શ્રી. રઘુભાઈ, મુ. જશીબહેન સાથે જોડાયેલ Master of All સમા સેવકભાઈ શ્રી લક્ષ્મણભાઈને આપણાથી ન જ ભૂલાય.

આમ તો શિરસ્તો એવો કે શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ જોઈએ છે ? તો કરો અરજી સરકારમાં. કરો આત્મશ્રદ્ધા. આપો પ્રમાણપત્રો, ભલામણપત્રો. પણ આ તો રઘુભાઈ ! આવી અપમાનજનક પદ્ધતિ જરાય ન ગમે તેમને. અને છતાંય અવૉડ્‌ર્સ સામેથી આવી મળ્યા. રઘુભાઈને મેળવીને અવૉડ્‌ર્સ પોતે જ બન્યા ધન્ય. ઈ.સ. ૧૯૬૭ ઉત્તમ શિક્ષક દિલ્હી રાજયનો અવૉર્ડ. ઈ.સ. ૧૯૭૬માં પદ્મશ્રી અવૉર્ડથી થયા સન્માનિત. ઈ.સ. ૧૯૯૯માં સિસ્ટર નિવેદિતા સ્કૂલ, રાજકોટ તરફથી આજીવન સિદ્ધિ અવૉર્ડ મુ.શ્રી. જશીબહેન સાથે. તે જ વર્ષે મુ.શ્રી. જશીબહેન સાથે આજીવન ઉન્નત શિક્ષણ સાધના એકલવ્ય અવૉર્ડથી પણ થયા સન્માનિત.

"કદમ અસ્થિર હોય તેને રસ્તો નથી જડતો,

અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો"

ના ન્યાયે શિક્ષણને સ્વીકૃત ધર્મ માની કાર્ય કરતા કાર્યકરોની મહેનત રંગ લાવી. ઈ.સ. ૧૯૪૪થી શરૂ થયેલી સરસ્વતીની સફર ૧૯૯૪ અને ત્યાંથી પણ આગળ અવિરત ચાલતી રહી છે. સને ૧૯૯૪ એટલે સંસ્થાનું સુવર્ણ જયંતી વર્ષ. (આજથી બે વર્ષ બાદ ૨૦૧૯માં સંસ્થાનું અમૃત પર્વ ૭૫ વર્ષ આવશે.) ૫૦ વર્ષની ઉજવણી. પૂર્ણ હર્ષોલ્લાસથી ઉજવાઈ સુવર્ણ જયંતી. પચાસ વર્ષની ઉજવણીમાં તો ૫૦ દીવડાઓ જ શોભે ને ! પ્રગટી ઊઠી ૫૦ ઝગમગ દીવડાઓની હાર. સાથે સાથે ગગન મધ્યે મસ્તીથી તરી રહ્યા પૂરા પચાસ ફુગ્ગાઓ. સૌનાં હૈયાં છલકાઈ રહ્યાં અકથ્ય ઉમંગથી.

સંગીતવૃંદના બુલંદ કંઠે ગવાયું :

*"પચાસ પચાસ દીવાઓ પ્રગટાવો.*
*પચાસ પચાસ ઘંટારવ વગડાવો.*
*આજ ઉત્સવ છે પચાસ વર્ષનો."*

પછી તો "મુક્તિનું વા'ણું" , "આનંદની હેલી", "કોણ આજે રહે બંધ બારણે ?" ગીતોના તાલે સૌ ઝૂમી ઊઠ્યાં. રંગારંગ કાર્યક્રમમાં "અદ્‌ભુત હૈ યહ દેશ"ની ઝાંખીથી સૌની છાતી ગજગજ ફૂલી.

અને... અને પછી સરસ્વતી પ્રાંગણમાંથી નીસરી એક ભવ્ય રેલી. સરસપુરની સડકો પર રેલાવા લાગી એ રેલી. મુ.શ્રી. રઘુભાઈ-જશીબહેનનું ફૂલહાર, કુમકુમ-અક્ષતથી થતું ઠેર ઠેર સ્વાગત. સરસપુરે વધાવ્યા પ્રેમથી હોંશથી પોતાના "શિક્ષણના આ જોગંદરોને ચામુંડા પુલ પરથી રેલી રેલાઈ અસારવા પ્રતિ. સામે છેડે ઢોલ, ત્રાંસાં શરણાઈ વગાડતું આવ્યુ આનંદવિભોર એક વૃંદ કર્યું સામૈયું.

''અસારવા વિદ્યાલય'' શિક્ષણનાં યોગી યુગલનું, પોતાનાં ગુરુદંપતીનું. હૈયે હરખ ન માય. ભવ્ય ભૂતકાળને સંભારતાં રહ્યાં સૌ. ત્યાં તો સ્વપરિચય આપતાં આપતાં ત્રણ ચાર ભાઈઓએ રઘુભાઈને ઉંચક્યા. બેસાડી દીધા એક ભાઈના ખભા પર. રઘુભાઈ બોલી ઊઠ્યા, ''તમને ભાર લાગશે. આટલો બધો ભાર...'' બાજુમાં ઊભેલા વડીલ વચ્ચે જ બોલી ઊઠ્યા, ''એ સાહેબ મારા ! ખભાને ખેસનો ભાર લાગે ખરો ? માથાને પાઘડીનો ભાર ન લાગે હોં. તમ આવ્યે અમારાં જીવન ધન્ય. ઉજળાં જ ઉજળાં.''

બાલભારતીનાં મેદાનમાં થઈ પૂર્ણાહુતિ. આવાં ભાવસભર દશ્યો હજુયે છે હૃદયમાં અંકિત.

મુ.શ્રી. રઘુભાઈ - જશીબહેનની શાળાઓમાં ઘણી ઘણી આગવી પ્રણાલીઓ છે. તેવી પ્રણાલીઓ મુ.શ્રી. રઘુભાઈએ તેમના ગુરુવર્યો પાસેથી આત્મસાત્ કરી હતી. આ ઉપલબ્ધિઓને નમન.

(૧) ચલથાણની પ્રાથમિક શાળાના ગુરુ શ્રી. છોટુભાઈ સાહેબ પાસેથી શીખ્યા કરકસરનો પાઠ.

(૨) શ્રી. છગનભાઈ ઘાંચી સાહેબે વિદ્યાર્થીઓની ભૂલો, ક્ષતિઓ તરફ ઉદારતા દાખવવાનું શીખવ્યું.

(૩) વિદ્યાર્થીઓ માટેની અનુકંપા તથા શારીરિક શિક્ષા તરફની નફરત શ્રી. દયાશંકર શુક્લ સાહેબ પાસેથી આત્મસાત્ કરી.

(૪) શ્રી ઈશ્વરભાઈ સાહેબ પાસેથી શાળાની ચાર દીવાલો બહારના શિક્ષણનું મૂલ્ય સમજ્યાં. અમલમાં પણ મૂક્યું.

(૫) અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ માટે ચિંતા કરવાનું શીખવ્યું શ્રી છોટુભાઈ દેસાઈ સાહેબે.

(૬) કવિવર રવીન્દ્રનાથ ટાગોર, મુ.શ્રી. હરભાઈ ત્રિવેદી તથા જર્મનીના માર્ગદર્શક પ્રો. ફીશર તરફથી શૈક્ષણિક ફિલસૂફી તથા શૈક્ષણિક અભિગમ કેળવવાનું દૃષ્ટિબિંદુ સાંપડ્યું.

સરસ્વતીની વિકાસ-યાત્રામાં સંસ્થાના પ્રતીક અને ધ્યેયનું પણ છે અનોખું અને આગવું પ્રદાન. પ્રતીકમાંનાં ત્રણ પાંદડાં તે શરીર, મન અને આત્મારૂપી જીવનનાં ત્રણ અંગો છે. માનવીની પ્રકાશ ને પ્રગતિની ઝંખનાઓનું સૂચક છે આ સૂર્યમુખીનું ફૂલ. પાણીનાં મોજાં જેવી ત્રણ ઊભી રેખાઓ સૂચવે છે : જીવન તો છે વહેતી ધારા. સરસ્વતીના નાગરિકોનાં શરીર, મન અને આત્મા સદૈવ પ્રગતિ અને પ્રકાશના પંથે રહી પોતાનાં જીવન ઉજાળે એવી ભાવના એમાં સમાવિષ્ટ છે.

પરંતુ .... પરંતુ મુ.શ્રી રઘુભાઈનો આદર્શ તો હતો ને ત્યારથી જ અને હવે ખાસ સરસ્વતી વિદ્યા મંડળ પરિવારનો રહ્યો છે : "Grow More". વધુ ને વધુ વિકસતા રહો, સદા વિકસતા રહો. તે આદર્શના પ્રતીક સમાન છે; થોડા સમય પહેલાં અસારવા વિસ્તારમાં આવેલી બાલભારતી પ્રાથમિક શાળા સંકુલની ખરીદી તથા ત્યાં જ નવનિર્મિત શાંતિકુમાર કોઠારી વિદ્યાલય તા. ૯-૧-૨૦૧૭ના શુભ દિને ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના વરદ્ હસ્તે આ વિદ્યાભવન વિદ્યાર્થીઓને સમર્પિત થયું. આ સુવિધાયુક્ત વિદ્યાભવન પામીને સૌ વિદ્યાર્થીઓ, સૌ વાલી મિત્રો, ગૌરવાન્વિત થયા છે. આ છે સરસ્વતી વિકાસગાથા રઘુભાઈએ પાંચ પગલાં પાડ્યા ત્યાંથી જશીબહેન સમી કેડી મળી. અને પછી બેઉ રસ્તે પડ્યાં તો રણમાં રસ્તા પડી ગયા.

પણ હા ! આ છેલ્લું સોપાન નિઃશંક નથી જ. આ છેલ્લું સોપાન માટે થનગનતા આ ચરણારવિંદોને થાક નથી અને હૈયાં કહે છે :

*''હે જુસ્તજુ કિ ખૂબ સે હૈ ખૂબતર કહાં,*
*અબ દેખિયે જાકર રુકતે હૈં કદમ કહાં.''*

કારણ કે;

*''તેરે ચરણોંમેં સાહસ હૈ ભિડને કો ચટ્ટાન સે,*
*નયી દિશામેં નયે કદમ રખને કો તૂં આઝાદ હૈ.*
*સરસ્વતી કે નયે સિપાહી તૂઝે કહાં આરામ હૈ,*
*ચલના તેરા કામ હૈ, ચલના તેરા કામ હૈ.*
*રખ દે નયા કદમ, રખ દે નયા કદમ.''*

ઑગસ્ટ માસ મુ.શ્રી રઘુભાઈના જન્મ માસ (૧૫ ઑગસ્ટ) તેમને જન્મદિનની શુભેચ્છાઓ.

# બાળસાહિત્યકાર ચિનુ મોદી (૧૯૩૯-૨૦૧૭)

**ઈશ્વર પરમાર**

'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો.:૯૪૨૭૨૮૪૭૪૨

ચૌદેક વરસની ઉંમરનો નટખટ ચિનુ વીસ-પચીસ તોફાનીઓની ટણકટોળીનો સરદાર હતો. એમાંથી એને અલગ પાડવા તેના પિતાજી એને ધોળકાથી અમદાવાદ શહેરમાં ખેંચી લાવ્યા અને એને અહીંની હાઈ સ્કૂલમાં દાખલ કરી દીધો હતો. અહીં એ જેમ તેમ જેવું તેવું ભણતાં ભણતાં એસ.એસ.સી.ની પરીક્ષામાં પાસ પણ થયો અને કૉલેજમાં દાખલ થયો. કૉલેજમાં સહાધ્યાયી સુધીર માંકડે એને બે'ક ચોપડીઓ આપી. તેમાંની કવિતા વાંચીને ચિનુએ એક કવિતા રચી અને તે યુવા-અધ્યાપક નિરંજન ભગતને બતાવી. એમણે એને નાસીપાસ કર્યા વિના માર્ગદર્શન આપ્યું.

હાઈ સ્કૂલમાં શિક્ષક અમુભાઈ પંડ્યાથી માંડીને પીએચ.ડી. કક્ષાએ વિદ્વાન મોહનભાઈ શં. પટેલના સાહિત્ય-સંસ્કાર ઝીલ્યા. મોહનભાઈએ ચિનુ મોદીની બાળકો પ્રત્યેની પણ પ્રીતિને પિછાણીને, પ્રૌઢવયના એ વિદ્યાર્થીને, રચાતું બાળસાહિત્ય અવલોકવા અને લખવાને પ્રેર્યા. આના પરિણામે બહુઆયામી સર્જક ચિનુ મોદી ભલે કવિ-ગઝલકાર, નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક અને પત્રકાર તરીકે પંકાયા પણ સાથોસાથ તેઓ એક વિશિષ્ટ બાળસાહિત્યકાર તરીકે પણ પોંખાયા.

બાળસાહિત્યક્ષેત્રે એમનું પ્રદાન ઈયત્તાની દષ્ટિએ ભલે અલ્પ રહ્યું પરંતુ ગુણવત્તાની દષ્ટિએ નમૂનેદાર ગણાય. આ ક્ષેત્રમાં ચિનુ મોદીનાં ત્રણ પુસ્તકો રન્નાદે પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયાં છે : (૧) તરંગમાલા (૨૦૦૫); (૨) પ્રાણીલોક (૨૦૦૮); અને (૩) નાનાં માટે નાનાં નાટક (૨૦૧૬). ચિનુ મોદીથી બાળસાહિત્ય-વિવેચનનું પુસ્તક આપવાનું રહી ગયું તે કમનસીબે રહી જ ગયું ! આમ છતાં બાળસાહિત્યક્ષેત્ર અંગેના સામયિકોમાં પ્રકાશિત એમનાં કેટલાક અવલોકન-મૂલ્યાંકન આજે પણ દિશાદર્શક અને પ્રેરક જણાય છે.

**ચિનુ મોદી દ્વારા બાળ સાહિત્યનું અવલોકન-મૂલ્યાંકન**

(૧) બાળસાહિત્ય માટેની ચિનુ મોદીની નિસબત શબ્દો દ્વારા કેટલીક વાર વ્યક્ત થતી રહી છે. એમણે ડૉ. કોયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત એક પરિસંવાદમાં બાળાસાહિત્યમાં કૃતકતા ઉખરાઈ સંદર્ભે કહ્યું, ‘‘કોઈ પણ સાહિત્યમાં એમ બાલસાહિત્યમાં પણ કૃતકતા અને ખરાઈ કૃતિની ભાષાના આધારે જ નક્કી કરી શકાશે. ભાષાની કૃતકતા અનુભૂતિની ખરાઈનેય હણી નાખતી હોય છે... બાળકને વાંચતાં વાંચતાં કઠે તે કૃતક અને વાંચ્યા પછી ક્યાંય સુધી યાદ રહે ખરાઈ. પોતાની આ સ-ઉદાહરણ રજૂઆતમાં ચિનુ મોદીએ બાલકાવ્યમાં લય અને તેની જાળવણી અને પ્રાસમાંય સવિશેષ અંત્યાનુપ્રાસની બાબતે સાહજિકતાને જરૂરી ગણાવેલ છે. (સૌજન્ય : 'શિશુલોક' જાન્યુઆરી, ૧૯૫૧).

(૨) સર્જાતા બાળકાવ્ય પ્રતિ ચિનુ મોદીની ભૂમિકા એક ચાહક અને ભાવક ઉપરાંત સમીક્ષક તરીકેની પણ રહ્યા કરી. એમના મતે 'બાળકો માટેની, બાળકોને ગમી જતી, બાળકોની મનોસૃષ્ટિને પ્રગટ કરતી પદ્યાત્મક રચના' એ બાળકાવ્ય છે. ચિનુ મોદીએ ડૉ. કોયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત એક પરિસંવાદમાં બાળકાવ્યઃ સર્જકની કસોટી સંદર્ભે સમગ્ર ચર્ચાના સાર રૂપે કહ્યું, બાળકોને જેમ એમની બોલાતી - સમજાતી ભાષામાં રસ પડે, ગમ્મત પડે છે એમ અને એ જ રીતે Fancy, Fantacy, એમની રમતો અને ગમતોમાં જ રસ પડે છે એવું નથી. મોટાને મજા પડતી અનુભૂતિઓનું ભાષાગત સરલીકરણ થાય તો બાળકો એ ગીતો હોંશે હોંશે ગાય છે. દેશભક્તિ, પ્રભુભક્તિ ઈત્યાદિ ભાવો પુખ્તભાવો હોવા છતાં બાળકો માટે એ અનિવાર્ય રીતે અનુભવાડાવવા પડે. એમને ક્રમે ક્રમે એમાં રસ પણ પડે છે. રાષ્ટ્રગીત એ બાળકાવ્ય ન હોવા છતાં બાળકો માટે પણ અનિવાર્ય કાવ્ય છે....

બાળક લખે તેને બાળકાવ્ય કહી દેવામાં ચિનુ મોદી માનતા નથી. બાળકો માટે કાવ્યલેખન માટે એમણે ભાષા અને ભાવની કાવ્યશિસ્તની તાલીમ અનિવાર્ય છે. આમ ચિનુ મોદીએ બાલકાવ્ય અને બાળકો દ્વારા કાવ્યલેખન અંગે ઊંડાણથી વિચારેલ છે. (સૌજન્ય : 'બાલકાવ્ય : સર્જન અને ભાવન' સંપા. મોહનભાઈ શં. પટેલ અને ડૉ. રજનીકાન્ત જોશી, ૧૯૯૪. વિક્રેતા : રન્નાદે પ્રકાશન, અમદાવાદ.)

(૩) ચિનુ મોદીને ગુજરાતી બાળસાહિત્યની ગુણવત્તા અંગે ભારોભાર અસંતોષ રહ્યા કર્યો. તેમના મતે 'આપણી નિજની ભાષામાં સૌથી ઓછી ગુણવત્તાવાળું સાહિત્ય કયું એમ પૂછીએ તો કહેવું પડે કે બાળસાહિત્ય...' બાળસાહિત્યકારોને અંતરાવલોકન કરવા પ્રેરતી આવી તીખી આલોચના એમણે પોતાના લેખ બાળાસાહિત્ય બાલ્યાવસ્થામાં કરી છે. ખાસ કરીને બાલકાવ્ય સંદર્ભે એમણે આકરી પ્રતિક્રિયા આપી છે : બાળસાહિત્યના નામે ભૂલભરેલાં જોડકણાં લખનારાઓને બાળકાવ્ય સુધી પહોંચતાં તો વરસોનાં વરસો લાગશે. જોડકણાંમાં લયભંગ હોય, બાળકોને અઘરા પડે એવા શબ્દો હોય, ઘણી વાર આ શબ્દોના અંગવિચ્છેદ આડેધડ થયા હોય એવા ઉદાહરણો અપરંપાર છે.....

આ લેખમાં એમણે માત્ર ટીકા જ કરી છે એવું નથી. એમણે બાળસાહિત્યકારોમાં ઘનશ્યામ દેસાઈ, રમેશ પારેખ અને લાભશંકર ઠાકરને ખૂબ આદરભેર સંભાર્યા પણ છે અને બાળસાહિત્યની રંકાવસ્થા દૂર કરવા માટે આ મુજબ રચનાત્મક સૂચન પણ કરેલ છે : સારા બાળસાહિત્ય માટે સર્જકોને બાળસાહિત્યના વિધવિધ સ્વરૂપોની શિસ્ત અને એનાં એ સ્પેફિક્સ જાગ્રત કરવાનો ઉપક્રમ હવે યોજાવો જોઈએ. બાળકો માટેનું સાહિત્ય સર્જવાની ઈચ્છાવાળાઓની વર્કશોપ દરમિયાન આ શિસ્ત અને એસ્થેટિક્સ બેઉથી પરિચિત કરવાનો ઉપક્રમ સેવવો પડે. કેવળ પરિસંવાદો કે બાળસાહિત્યની રંકાવસ્થા વિશેના વલોપાતને બદલે આવડી ગયેલું ભૂલવવું પડશે. પાટીને કોરી કરવી પડશે અને નવે નામે બાળસાહિત્યની બારાખડી ઘૂંટાવવી પડશે. વિશ્વસાહિત્યનો સંપર્ક જ નહીં, બાળસાહિત્યમાં 'શું ન ચાલે' એ વિશે સ્પષ્ટતા કરવાના દિવસો આવી ગયા છે. (સૌજન્ય : 'ઈન્ડિયા ટુડે', ૨૧ ફેબ્રુઆરી-૫ માર્ચ, ૧૯૯૫).

આમ ચિનુ મોદીની સાચા બાલકાવ્ય અંગેની પરખ પારદર્શક જણાઈ આવે છે. સમગ્રતયા બાલસાહિત્યની સ્થિતિ-પરિસ્થિતિ અંગેનું એમનું અવલોકન બાલસાહિત્યકારોને નિરાશાજનક અનુભવાય પરંતુ એમના અવલોકનનો આંશિક સ્વીકાર કરવો રહ્યો. વાસ્તવમાં તો છે જ. બાકી તો સાહિત્ય જ નહીં, પરંતુ જીવન વ્યવહારના તમામ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત કંઈ પણ મેળવવા માટે ઢગલાબંધ પ્રાપ્યમાંથી વીણવું જ પડે છે—ચાહે તે મેથી-મરચાં હોય કે વાર્તા-કવિતા ! આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે ચિનુ મોદીએ જે રચનાત્મક સૂચનો કરેલ છે તે અપનાવવા જેવાં છે જ છે.

**તરંગમાલા**

ચિનુ મોદીએ બાળસાહિત્યક્ષેત્રે બાળવાર્તાઓ આપીને બાળકોને ખુશખુશાલ કર્યા છે. ખાસ તો આ 'તરંગમાલા' થકી આપણા બાળસાહિત્યમાં એક અનોખું આભૂષણ ઉમેરાયું છે. ઉત્તર કિશોરવય અને પૂર્વતરુણવયનાં બાળકો તો આ વાર્તાઓ એકથી વધુ વાર વાંચીને હસતા રહે એવી એ મજેદાર છે. આ પુસ્તકમાં કુલ પાંચ વાર્તાઓ સંગ્રહિત થયેલ છે. દરેક વાર્તાને ત્રણથી પાંચ પ્રકરણો છે. આથી બાળકોને લાંઆઆઆબી વારતા વાંચ્યાનો સંતોષ !

આ વાર્તાઓ દ્વારા બાળસાહિત્યકાર ચિનુ મોદીએ બાળવાચકોને હસાવતું અને તેથી પ્યારું લાગે તેવું પ્રૌઢવયનું આભશંકર નામનું પાત્ર આપ્યું છે. આ આભશંકર તોરીલા અને તરંગી ગૃહસ્થ છે. તરંગી એવા કે એમને પાંખોવાળા માણસ થવાની હોંશ થાય; એમને ઘર નજીકના મંદિરમાંની માતાજીની મૂર્તિ સ્વરૂપના માતાજી હાજરાહજૂર સ્વરૂપે પોતાની સાથે વાતો કરે એવો મનોરથ થાય; એમને ઘરમાં જીન (ભૂત) પાળવાનો ઉમંગ થાય; એમને ઢગલાબંધ સોનું સંઘરવાની લાલચ થાય અને એમને જાદુઈ ચશ્મા પહેરવાની ધૂન લાગે ! એમની આવી બધી વિચિત્ર હોંશ, મનોરથ, ઉમંગ.... લાલચ ને ધૂન : જે કહો તે, આ વાર્તાઓમાં ફળે પણ છે અને તેથી આભશંકરને માથે અને સાથે થતું રહે છે રમૂજનું એવું રમખાણ કે ના હસવું હોય તોય હસી પડાય !

પાંખ મળતાં આભશંકરે એવાં 'પરાક્રમો' કર્યા કે છેવટે હૉસ્પિટલમાં સારવાર લેવી પડી ! માતાજી હાજરાહજૂર થયા પછી એવા બખડજંતર થયા કે પછી માતાજીને જ વિદાય કરવા પડ્યા ! જીન તો પાળ્યું પણ જીવલેણ નીવડ્યું ! સોનું સંઘરવાની લાલચે એમને (ભલે ને સપનાંમાં) સોનાનું ઢીમચું બનાવી દીધા ! જાદુઈ ચશ્મા પહેરીને આભશંકરને પોતાની રૂડી ઓળખ તો થઈ પણ એ માટે કેટલાય ચિત્રવિચિત્ર ચહેરાઓ જોવા પડ્યા !

આ પુસ્તકના લેખક ચિનુ મોદીની તરંગલીલા એવી તો ધસમસ છે કે જે તે વાર્તા વાંચવી શરૂ કર્યા પછી એ

બાળવાચકથી અધૂરી રાખી જ ન શકાય, પૂરી વાંચીને જ જંપ વળે ને તે પછીની વાર્તા વાંચવી શરૂ કરવા પાનું ફેરવી જ જવાય ! વાર્તાઓના અંત પણ અદ્‌ભુત અને અણધાર્યા છે. આવી વાર્તાઓના નાયક આભશંકર પ્રૌઢવયના હોવા છતાં એ પ્રિય જ લાગે ! વાર્તાઓ દ્વારા ઉપદેશ આપવાની અણખપતી ઉમંગથી લેખત અલિપ્ત રહી શક્યા છે. પુસ્તકમાનાં પ્રસંગચિત્રો પણ બાળકો માણે તેવા મજેદાર છે.

વાર્તાઓમાં જોડકણાંની ખોટ સાલે છે. એકાદ વાર્તામાંનો યુવા-સહજ પ્રેમ-પ્રસંગ, બાળકની હત્યા, સ્વયં આભશંકરનું મૃત્યુ અને કેટલાક અંગ્રેજી શબ્દોનો અનાવશ્યક ઉપયોગ ટાળવા જેવી બાબત લેખાય. જો કે વાર્તાઓના ધસમસ પ્રવાહને લીધે એવી મર્યાદાઓ કિનારે રહી પણ જાય એમ માનીએ.

ગુજરાતી સાહિત્ય પરિષદના નટવરલાલ માળવી (બાળસાહિત્ય) પુરસ્કારથી પોંખાયેલ આ પુસ્તક 'તરંગમાલા' આનંદ ખાતર આનંદની નેમથી રચાયેલ હોવાથી બાળવાચકો એ મળતાંવેંત વાંચશે અને વંચાવશે.

**પ્રાણીલોક**

ચિનુ મોદીને એક હાસ્યકાર તરીકે પણ નવાજી શકાય ! આ પુસ્તક દ્વારા એમણે હાસ્યસભર વારતાનો એક નવતર પ્રયોગ કરી બતાવ્યો છે. આ પુસ્તકમાંની પાંચેય વારતાઓનાં શીર્ષકો જે તે વારતાના નાયકની જાતિ પરથી બાંધ્યા છે : ૧. હાથી ૨. ઘોડો ૩. ઊંટ ૪. વાનર ૫. ઉંદર ! હળવી શૈલીમાં લખાયેલી આ વારતાઓ દ્વારા વાચકને કોઈ ઉપદેશ દેવાની નેમ લેખકે રાખી નથી. બસ, આનંદ ખાતર આનંદ !

'હાથી' નામની વારતામાં ભગવાન શંકર દ્વારા ગુસ્સામાં પોતાના દીકરાનું મસ્તક કાપી નાખવાથી માંડીને તેના ધડ પર હાથીનું મસ્તક ચોંટાડી દેવા સુધીની ઘટમાળ છે. શિવ-પાર્વતી-ગણેશ-નંદી-નારદ વગેરે જેવા પૌરાણિક પાત્રો ધરાવતી આ વારતામાંના આધુનિક ઢબછબના સંવાદો અને ધડાધડ પ્રસંગો, વળાંકો અને થતી ભાગદોડ રમૂજ કરાવે છે.

વારતામાંના કાલ્પનિક ઉડ્ડયનો આનંદ આપે છે. જેમ કે ફેલાતી આગના સંદર્ભે : 'અગ્નિ પવન પર બેસી પહાડ તરફ ઊડવા માંડ્યો..' કેટલીક ઉક્તિઓ બાળવાચકને પરોક્ષ ચાહે સચોટ શીખ આપી રહે છે, જેમ કે, જેનું મસ્તક ગણેશના ધડ પર હવે ગોઠવાવાનું છે તે હાથી રાજકુમ- કહે છે : '...પણ અમે એટલું જરૂર જાણીએ છીએ કે એકના બલિદાનથી અનેકના જીવ બચી જતા હોય તો એક જણે એ બલિદાન હસતાં આપવું જ જોઈએ.' જોકે શિવજીની આવી ઉક્તિ બાળભોગ્ય ન લેખાય : 'હવે જે સમય આવે છે એમાં તો બધા પ્રકારનાં દાંત રાખવા પડે. ખાવાના જુદા અને ચાવવાના જુદા. હવે એવા જ માણસો સુખી થવાનાં !

બીજી વારતા 'ઘોડો' પણ પૌરાણિક પાત્રો અને સંદર્ભ ધરાવે છે. એમાં સૂરજદાદાના સાતમા ઘોડાને આકાશેથી ઊતારીને પૃથ્વી પરની ઘોડાગાડીએ જોતરવામાં આવેલ છે ! સૂરજદાદાનો એ સાતમો ઘોડો પોતાના જીવનના દૈનિક ક્રમને ચીલે ચીલે ચાલ્યા કરવાને બદલે એ ચીલો કાપવાના ઉધામાં કરે છે ને છેવટે દયનીય સ્થિતિમાં મુકાઈ જાય છે. જો કે નવતર જીવન જીવવાની ઘોડાની ધૂનને દાદ અપાઈ જાય એવી છતાં રમૂજી રજૂઆત અને આવી કથ્યશૈલી બાળવાચકને જકડી રાખે છે :

'વરસ

બે વરસ.

ત્રણ વરસ.

પછી એને સીમનોય કંટાળો આવવા માંડ્યો....'

સૂરજદાદાના બીજા ઘોડાની આ ડાહી વાત બાળવાચકે ગાંઠે બાંધવા જેવી ખરી : 'જો ભાઈ, દેવાનાં કામમાં આળસ સારી નહીં. આળસ તો ઊધઈ. ઊધઈ લાકડું કોરી ખાય, આળસ દેહ પોલો કરે. આળસુ જીવે પણ શ્વાસ લે એટલું જ.'

આ વારતા તરુણ - વાચકો માણે તેવી છે.

ત્રીજી વારતા 'ઊંટ' બાળભોગ્ય કે બાળયોગ્ય જણાતી નથી, જો કે પ્રૌઢ-વાચકો આ રમૂજી વારતા ભલે માણે. 'આપણે જરા પ્રેમમાં પડ્યા છીએ' એમ કહીને ડૉ. ઊંટડિયાની સલાહ લેવા ગયેલ પ્રેમી યુવા-ઊંટના હવાતિયાં પ્રૌઢોનું મનોરંજન કરે તે ઢબે રજૂ થયા છે.

ચોથી રમૂજી વારતા 'વાનર' પ્રૌઢોની જેમ તરુણવયના વાચકો માણે તેવી છે. વનનો વૈભવ અને તેમાં વસતા પ્રાણીઓનું વહીવટી તંત્ર રસપ્રદ છે. પાંચ વરસની મુદત માટે ચૂંટાયેલા કપિરાજ, માતૃવત્સલા કપિરાણી, વારતા-નાયક કપિરાજકુમાર અને તેના બે મિત્રો - આ બધા પાત્રો પોતપોતાની રીતે રમૂજ રેલાવે છે, એમાંય કપિરાજકુમારના

વિવિધ તોફાનો અને તેની આંખે થતું નગર દર્શન ખરેખર હસાવે તેવું છે. શહેર નજીકના રસ્તે આવતા ધાબાંના માલિક સાથેનો કપિરાજકુમારનો પ્રમાણિક વ્યવહાર તો દંગ કરી દે તેવો છે !

છેલ્લી વારતા 'ઉંદર' પણ શિવ-પાર્વતી-ગણેશ-સરસ્વતી જેવા પૌરાણિક પાત્રોનો સંદર્ભ ધરાવે છે. ગણેશ માટે યોગ્ય વાહનની ગોત કરવા ચર્ચા ચાલવી, ઉંદરોને ભાંગ ચડવી, મૂષકરાજ માટે લચપચતા લાડુની ઉંદરો દ્વારા દોડધામ, ઉંદરોનું સરઘસ જેવી અંકોડાબધ્ધ ઘટનાઓ વાચકનો રસ-તંતુ લંબાવતી રહે છે. લાડુમાં ઘીના પ્રમાણ અંગેના હુકમ અને છેવટે હુકમની જ હકાલપટ્ટી દ્વારા વારતાને સુખાંત અપાયેલ છે !

આ વારતામાં એક ફિલ્મી ગીતનું થયેલું અનુકરણ તેમજ 'બે વહુનો વર દુઃખી જ હોય' જેવી ઉક્તિ બાલભોગ્ય તો નથી જ. ગુજરાતી બાળકો માટેની વાચન-સામગ્રીમાં અંગ્રેજી ભાષાના શબ્દોનો ઉપયોગ પણ અનિવાર્યતઃ જ થાય તે ઈચ્છનીય છે. તેના ઉપયોગ વગર હાસ્ય-પ્રવાહ અસ્ખલિત વહ્યો જ છે ને ? આ વારતા પ્રૌઢ વયના વાચકો માટેની જણાય છે. વારતાઓ સાથે મુકાયેલ મોટા કદનાં પાત્રોનાં અને પ્રસંગોના ચિત્રો વારતાઓ માણવાનો મારગ મોકળો કરી આપે તેવા મજેદાર છે.

આ પુસ્તકમાંની પાંચેય વારતાઓ બાળકો માટેની હોવાનું લેખકને અભિપ્રેત નથી. પુસ્તકના શીર્ષક નીચે તે 'અબાલવૃદ્ધની વારતાઓ ' હોવાનું એટલે કે બાળકથી માંડીને વયોવૃદ્ધ વાચકો માટેની હોવાનું જણાવાયેલ છે. જો કે બાળકો માટેની વાચન સામગ્રી પ્રૌઢવયના વાચકો માટેની સામગ્રીથી સ્વતંત્ર જ હોય તે ઈચ્છનીય છે.

**નાનાં માટે નાનાં નાટક**

ગુજરાતી બાલસાહિત્યક્ષેત્રે બાળકો માટેનાં નાટ્યસ્વરૂપોનાં પુસ્તકોનાં પ્રકાશન અંગેની સ્થિતિ કંગાળ કહેવાય તેવી છે. દર વર્ષે માંડ પાંચ-સાત પુસ્તકો પ્રકાશિત થતાં હોય છે. એકાદ વર્ષ તો એકેય પુસ્તક પ્રકાશિત થયું નહોતું ! બાળનાટ્યક્ષેત્રે શાસ્ત્રીય અને સૂઝપૂર્વકનું કામ કરવાનું કૌશલ્ય ધરાવતી વ્યક્તિ પણ આંગળીના વેઢે ગણાય તેટલી જ છે ! ખરેખર બાળસાહિત્ય અને તેમાંય સફળ બાળનાટક લખવું અઘરૂં છે. એ લખવા માટે રંગમંચીય અનુભવ અને અવલોકન પણ જરૂરી ગણાય.

બાળકોને પણ એમની વય-કક્ષાને અનુરૂપ લખાયેલ નાટકો જોવાનું તથા ભજવવાનું ગમતું હોય છે. ગુજરાતી બાળકોના સદ્ભાગ્યે નાટ્યક્ષેત્રના કર્મશીલ સર્જક ચિનુ મોદીએ ૭૬ વર્ષની વયે, પોતાની ચિર વિદાયનાં એક વર્ષ પહેલાં 'નાનાં માટે નાનાં નાટક' પુસ્તક ધરીને તેમને ન્યાલ કર્યા છે.

આ પુસ્તકમાં ચિનુ મોદીએ બાર બાળનાટકો સમાવેલ છે. તેમાંનાં છ હિતોપદેશ તથા છ ઈસપની નીતિકથાઓ પર આધારિત છે. વિષ્ણુ શર્મા અને ઈસપની વાર્તાઓ તો કેવળ કથાબીજ જ છે; અહીં તો તેની આગવી, રસાળ, સમયાનુરૂપ અને રમ્ય એવી રજૂઆત છે કે એ હોંશે હોંશે બાલરંગમંચ પર ભજવાઈને સાર્થક થાય.

બાળનાટકનો એક હેતુ બાળવાચક અને બાળપ્રેક્ષકના ચિત્તમાં વધુ સારા જીવન માટે સંસ્કાર-સિંચન કરવાનો છે. બાળનાટકની રચનાને અનુરૂપ વસ્તુનું ચયન કરવા માટે લેખકે ઉક્ત લેખકોની અનેક કૃતિઓમાંથી સુયોગ્ય વીણણી કરેલ છે આથી જ તેમાં ઔદાર્ય અને અભય જેવા જીવન મૂલ્યો તેમજ સારી સંગત અને પરોપકાર જેવા જીવન-વ્યવહારના સંકેતો રચાયેલા જણાય છે. ઉદાહરણ સ્વરૂપે કૃતિ 'બીક નથી ઠીક'માં નદીમાં કૂદી પડવા ઈચ્છતાં ડરપોક સસલાંને યોગ્ય સમજ આપીને આપઘાત કરતા અટકાવાયા છે. નાટક 'મોટાનો લઈએ ના વાદ'માં છેલ્લે ફેરિયો સચોટ કહે છે : 'જે કામ કરો, જીવજાન રેડીને કરો - સસલાંની જેમ ચાલો, આવજો.'

નાટ્યકથા વસ્તુનો પ્રાણ છે સંવાદ. આથી આ કૃતિઓમાં બાળરુચિને લક્ષમાં લઈને સંવાદો એવા જ રચાયા છે જે ટૂંકા, પાત્રોને અનુરૂપ, સહેલાઈથી યાદ રહે અને સમજાય તેવા સરળ, વેગવંત અને અનુસંધાન જાળવે; ઉદાહરણ સ્વરૂપે 'દોઢ ડહાપણ'માં ધોબીની ઉક્તિ : 'કોઈ મારો બાપો નથી ! હવે જો ભોંક્યો છે ને તો ટીપી ઘાલીશ…' કૃતિ 'સારાની સંગત'માં ખેડૂતની ઉક્તિ : 'કેમ ? મારા ખેતરનો પાક તમારા બાપનો માલ હતો કે હેંડ્યા આવેલાં ?'બાળકનું ભાષાજ્ઞાન વિકસે અને સરળતા રહે તે માટે 'મોટાનો લઈએ ના વાદ'માં ફેરિયો 'બી.સી.' શબ્દનો પ્રયોગ કરીને સામાને સમજાવે છે : 'બિફોર ક્રાઈસ્ટ - ક્રાઈસ્ટ ઈશુ ખ્રિસ્ત જન્મે એ પહેલાં..' એ જ રીતે

'દોસ્તી'માં ઉંદરમામા કહે છે : 'સંસ્કૃતમાં અમને મૂષક કહેવામાં આવે છે.' આ જ ઢબે 'વિલંબિત' અને 'શબ્દવેધી બાણ' જેવા શબ્દો પણ સમજાવવા જેવા હતા. જો કે બીજી કૃતિમાં શબ્દ 'દર્ભ' સ્પષ્ટ રીતે સમજાવાયો છે. બાળકની જિજ્ઞાસાને લક્ષમાં લઈને પુસ્તકની પ્રથમ કૃતિના આરંભે જ સર્જક વિષ્ણુ શર્માનું પાત્ર યોગ્ય સમયે કહે છે : 'હિતોપદેશ એટલે શું - એમ ? જે વાર્તા માણસના હિત માટે ઉપદેશ આપતી હોય એ હિતોપદેશની વાતો. સમજાયું ને ?' જોકે એ જ કૃતિમાં 'જો ક્યાંય માદા કૂતરું દેખાયું કે લાલિયા (કૂતરા)નું ભસવાનું બદલાઈ જાય.' જેવી ઉક્તિ ટાળવા જેવી હતી.

કૃતિઓમાંના સંવાદોનું ટૂંકાપણું મોટેભાગે જળવાતું રહ્યું છે; જેમ કે 'નાગનો જ વેશ'માં —

'વેશગાર : તો ગુણીજનો, એક જંગલમાં નાગ રહે — કોણ રહે ?

ભવાયા : નાગ…

વેશગાર : ફણાધારી નાગ… કેવા નાગ ?

ભવાયા : ફણાધારી નાગ.

વેશગારઃ નાગ શું ખાય ?

ભવાયો-૧ઃ ડ્રાઉં… ડ્રાઉં….

વેશગારઃ દેડકાં-ફેડકાં ખાય ?

ભવાયાઃ ખાય-મોજથી ખાય..'

કથાને વેગ આપવા મૂળ સર્જક વિષ્ણુ શર્મા કાળી રાતનું વર્ણન કરવાની સાથે રંગભૂમિ પર ચોરને હાજર કરવા આગળ બોલે છે : 'એવામાં…એવામાં… રાતના અંધારાનો લાભ લઈ આવ્યો ત્યાં ચોર….' ત્યાં ચોર સ્ટેજ પર આવે છે ને કથા આગળ વધે છે.

કૃતિઓમાં જ નહીં પરંતુ અન્ય કૃતિઓ વચ્ચે અનુસંધાન જાળવવાનું લેખકનું કૌશલ્ય દાદ માંગી લે છે; જેમ કે 'લોભને નહીં થોભ' પછીની કૃતિ 'બુદ્ધિ'માં આરંભમાં જ વિષ્ણુ શર્મા આવીને કહે છે : 'કેં સમજ્યા ? આપણે ત્યાં કહ્યું છે ને કે લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે.' 'દોસ્તી'માં આધુનિક સમયની સાથે આવું અનુસંધાન પણ બાળકોને ખૂબ ગમે તેવું છે કે જેમાં ટીચર અને સ્ટુડન્ટને ગેટ આઉટ કરે છે !

બાલનાટકમાં ગીત-સંગીત ને જોડકણાંની પ્રસ્તુતિ બાળકોને તેમજ મોટેરાંને પ્રસન્ન કરે છે. આપુસ્તિકમાંના ઘણાખરા નાટકો આ આભૂષણથી સજ્જ છે. જેમકે 'કૂકડે કૂક'માં —

'કૂ…ક…ડે…કૂ…ક
કૂ…ક…ડે…કૂ…ક
જાગો ઊઠો થઈ સવાર,
રાત વીતી, ગયો અંધાર.'

એ જ ઢબે 'મોટાનો લઈએ વાદ'માં ફેરિયાના જોડકણાંમાંનું એક —

'મોટો મોટો દેડકો
મારે મોટો ઠેકડો
નદીએ જાય
મળે એ ખાય.'

'કોની સંગત કરાય ?' માં સાધુનું આ ગીત પ્રેક્ષકોને પણ ગુંજવા પ્રેરે તેવું છે : 'સબકી સંગત મત કર, મનવા;/ સબકી સંગત મત કર;/ અપની પરછાંઈસે, પ્યારે કભી કભી તૂ ડર, મનવા - સબકી….'

સંવાદમાં લય (ઉ.દા. 'સોનાનું પણ પિંજર'માંની અને 'મોટાનો લઈએ ના વાદ'માંની કેટલીક ઉક્તિઓ) અને હાસ્યતત્વ (ઉ.દા. પ્રથમ કૃતિમાં કૂતરાંની ભસાભસ) ગૂંથવાની સાથે સીધો ઉપદેશ પણ ન ગૂંથીને બાળકોને અણગમતો ડોઝ પીવામાંથી બચાવી લીધા છે. આમ છતાં પાત્રોની ઉક્તિ અને શૈક્ષણિક પરિસ્થિતિ સર્જીને સંસ્કાર-સિંચનની તક તો લીધી છે; જેમ કે, 'કૂકડે કૂક'માં કૂકડો શિયાળના વખાણોથી સાવધ રહે છે. તો વળી, 'બીજા માટે વાવે'માં ઘરડો માણસ પોતે જ બીજા માટે આંબો રોપીને કહે છે : 'બધું આપણા માટે કરવું જરૂરી નથી, બીજા માટે વાવે એ ભગવાનને ભાવે, હોં —'

કૃતિઓની રજૂઆતમાં અનુભવાતી નાટ્યાત્મકતા બાળપ્રેક્ષકોમાં વિસ્મય અને જિજ્ઞાસા જગાડતી રહે છે; જેમકે પ્રથમ કૃતિના આરંભે જ મૂળ સર્જક વિષ્ણુ શર્મા રંગભૂમિ પર આવીને કહે છે : 'મને ઓળખ્યો ? બસને ભૂલી ગયા આ સેવકને ? તમને 'પંચતંત્રની' વાતો મેં પીરસેલી - યાદ આવ્યું ? આવે જ ને…' પછી વિષ્ણુ શર્મા બોલતા બોલતા અંદર જાય છે અને એનો અવાજ સંભળાય છે : 'નાનું અમથું ગામ હતું…' કૃતિ 'લોભને નહીં થોભ'માં વાઘ મોંએથી વટેમાર્ગુનું પોટલું ખોલે છે એ ક્ષણો વિસ્મય

સાથેની જિજ્ઞાસાની છે. કૃતિ ‘બુદ્ધિ’માં જંગલમાં લહેરથી ચાલતા ગધેડાને વાઘ અચાનક ગળેથી પકડે છે તે દશ્યમાં રોમાંચક વિસ્મય છે.

બાળકો માટેનાં નાટકો સુખાંત જ હોય, ખોટું કરનાર તકલીફમાં કે હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાય જ એ અપેક્ષિત છે. કૃતિ ‘બુદ્ધિ’માં ગધેડાની લાતથી વાઘનો દાંત તૂટી જાય છે એ અને પંખીને પિંજરામાંથી મુક્તિ કરાવતી સુખાંત કૃતિ ‘સોનાનું, પણ પિંજર’માં વિષ્ણુ શર્માને એક છોકરી ઊઠબેસ કરાવે છે એ દશ્યો હસાવે તેવાં છે. આ પુસ્તકમાં એ બાબતે એકાદ-બે અપવાદ સિવાય એ અપેક્ષા અન્ય કૃતિઓમાં જળવાયેલ છે; જોકે ‘લોભમાં નહીં થોભ’માં છેલ્લે વાઘ દ્વારા વટેમાર્ગુ પર તરાપ અને બ્રાહ્મણની મરણ-ચીસોના દશ્યને બદલે એવું સંકેત દ્વારા સૂચવાવું ઘટે છે નાટકમાં છે તેવું સ્ટેજ પર દેખીને તો બાળક ડરે એવું બને.

‘નાનાં માટે નાનાં નાટક’ની પાત્રસૃષ્ટિ એટલી વૈવિધ્યપૂર્ણ છે કે બાળકો આભા થઈને આનંદિત થાય. એમાં કૃતિઓના મૂળ સર્જકો વિષ્ણુ શર્મા અને ઈસપ તથા પુસ્તક-લેખક ચિનુ મોદી ઉપરાંત ગ્રીસ દેશના પ્લેટો-સોક્રેટિસ ને... ને... ગણપતિ પણ પાત્રરૂપે પધારે છે ! પાત્રોમાં રાજા-રામી-દીવાન-ચાકર-ગુલામ ઉપરાંત વટેમાર્ગુ, મદારી-ફેરિયો-ખેડૂત ને સાધુ પણ ખરા ! વિદ્યાર્થી હોય તો શિક્ષક તો હોય જ; એકાદ છોકરો ને છોકરી છે તો ટોળાંમાં ને રાજદરબારમાં તો કેટલા બધાં બાળકોને સામેલ કરી શકાય ! પશુઓના પાત્રોમાં સામેલ છે : ગધેડું, કૂતરું, વાઘ, સિંહ, સાપ, સસલું, શિયાળ, ઉંદર ને દેડકાં ! ને પંખીઓમાં કૂકડો-કબૂતર-કાગડો-હંસ ને ઘુવડ ! પૂછો બાળકોને, શું થવું છે તમારે ? ખરેખર બાળકોને સમાવિષ્ટ કરતાં નાટકોની ઓછપ હવે કૈંક તો પુરાશે !

શર્મા-ઈસપની પુરાતન કહેવાય એવી પસંદિત વાર્તાઓને આધુનિક રંગમંચીય પ્રયુક્તિઓ (ટેકનિક) દ્વારા ચિનુ મોદીએ સમયાનુરૂપ નૂતન પરિવેશ આપ્યો છે ને મૂળ કૃતિને વિશેષ રસપ્રદ બનાવી છે. એ રીતે થયેલા કેટલાક દશ્ય-પરિવર્તનો બાળ-પ્રેક્ષકોને ખરેખર રોમાંચ આપે છે. કેટલાક દાયકાથી ઝાંખું પડતું ભવાઈ-રંજન કેટલીક કૃતિઓ દ્વારા લેખકે ફરી તાજું કરીને લેખકે ઊછરતી નવી પેઢીને સાંસ્કૃતિક વારસાની ઝલક આપી છે. આ પુસ્તકમાંના નાટકોની ભજવણી કરીને બાળકોમાં મનોરંજન અવશ્ય સંસ્કાર-સિંચન થઈ શકશે.

અનેક સાહિત્યસ્વરૂપોમાં યશસ્વી પ્રદાન કરનાર સર્જક ચિનુ મોદીએ પોતાની કલમના જોરે બાળકોને પણ જલસા કરાવ્યા છે તથા બાળસાહિત્યક્ષેત્રે ઓછું થતાં યાદગાર પ્રદાન કર્યું છે અને તેય પોતાની પાછલી વયે ! એમને શતશઃ વંદન !

---

**સ્મરણયાત્રા**

‘‘ઓહો, આવો આવો ભરતભાઈ, તું ક્યાંથી ?’’ મેં પૂછ્યું.

‘‘હું વડોદરાથી આવ્યો, મોટીબહેન. આ તારો ભાઈ બી.એસ.સી. થઈને હવે દવાનો રિપ્રિઝેન્ટટિવ થયો છે. રઘુભાઈ કહે, ‘‘તો તમે અમારી વિજ્ઞાન લેબોરેટરીમાં થોડો સમય ગાળો તો લેબોરેટરીને સરખી રીતે વિકસાવી શકીએ. આ વખતે તમારી પાસે સમય છે.’’ રઘુભાઈ તો જેને મળે તેના દ્વારા શાળાને વિકસાવવાની તક ઝડપી લે. મેં કહ્યું, ‘‘ભરત ! લે તારા બનેવી તો તનેય કામમાં લગાડવાની વાત કરે છે.’’ ‘‘તો એમાં શું ? મારી શક્તિ દવા વેચવાની સાથે - કેળવણીનામાં ક્ષેત્રમાં પણ વપરાય તો શું ખોટું ?

‘‘બહેન ! તમે એકલાં કંઈ નાનાભાઈના (હરભાઈના) દીકરી નથી હોં. આપણા બંનેના પિતા શિક્ષક છે. તે પણ ચીલાચાલુ શિક્ષક નહીં - હોં’’. રઘુભાઈએ ભરતની વાતને ટેકો આપ્યો. અમે ત્રણેય ખૂબ હસી પડ્યાં. ‘‘કેવી એ વાત હતી ?’’

સાંજ પડી - ભરત કહે, ‘‘ચાલો આપણે ત્રણેય સાબરમતી આશ્રમ જઈને નદીને કિનારે બેસીએ.’’

અમે ત્રણેક કલાક સીંગચણાં ખાતાં ખાતાં પસાર કર્યા. મહાત્માજીની યાદ પણ આવી. રાત્રે ઘરે ગયા.

લક્ષ્મણ હસતો હસતો ઊભો હતો. ‘‘કેમ લક્ષ્મણ આજે કંઈ મૂડમાં.’’ મેં પૂછ્યું, ‘‘જૂઓ તો ઘરમાં કોણ છે ?’’ નાનાભાઈ (હરભાઈ) અને ઇન્દુબહેન ભાવનગરથી બાએ મોકલેલ ખાવાનું ખોલતાં હતાં. સૌએ બાએ મોકલેલો પ્રસાદ ખાધો. ક્યાંય સુધી વાતો કરતાં હતાં.

‘‘ચાલો હવે સવારે શાળાની વાતો કરીશું. સૌ સૂઈ ગયા. સૂતાં સૂતાં હું વિચારી રહી હતી કે ‘‘આફત આશીર્વાદરૂપ બની ગઈ છે. કેવા સંજોગો ? કેવો ઉકેલ ? શાળા વધુ બાળકોમય બની છે.

# બાળ ઉછેર : તલવારની ધાર !

**હરેશ ધોળકિયા**

ન્યૂ મિન્ટ રોડ, ભુજ-કચ્છ.

પરણેલા યુવાનો પતિ-પત્ની બંને નવાં નવાં માતા પિતા થવાનાં હોય છે ત્યારે કે માતાપિતા થઈ જાય છે પછી અનેકોને જિજ્ઞાસાપૂર્વક પૂછતાં હોય છે કે તેમણે ઉત્તમ માતા પિતા કેમ થવું ! તેમની આ જિજ્ઞાસા યોગ્ય હોય છે, કારણ કે શારીરિક રીતે તો માતાપિતા થવું અતિ સરળ છે. તેમાં ખાસ બુદ્ધિ વાપરવાની જરૂર નથી હોતી. જેટલી બુદ્ધિનો ઉપયોગ ઓછો, તેટલાં તરત માતા પિતા થઈ શકાય છે, જરા પણ બુદ્ધિનો ઉપયોગ ન કરાય તો અનેક વાર ! પણ બાળકને ઉછેરવું તે તો તલવારની ધાર પર ચાલવા જેવું છે. પળેપળ સજાગ રહેવું પડે છે. નવાઈ લાગે છે કે વગર વિચાર્યે અને યોગ્ય તાલીમ લીધા વગર યુવાનો કેમ માતા પિતા થવાની ઈચ્છા રાખે છે યા થઈ જાય છે ! એટલે જ મોટા ભાગનાં બાળકો મોટાં તો થઈ જાય છે, પણ બહુ જ ઓછાં બાળકોને યોગ્ય અને જરૂરી તાલીમ મળે છે અને સમજુ બને છે. એટલે સ્વસ્થ માતા પિતા કેમ થવું તે તેમણે પળેપળ વિચારવાની અને તાલીમ લેવાની જરૂર હોય છે. ઉત્તમ સલાહકારની, જેઓ માતા પિતા તરીકે સફળ થયાં હોય તેમની કે કોઈ વિચારકની સલાહ લેતા રહેવું જોઈએ.

આવો સવાલ એક વિચારકને પૂછાયેલ અને તેમણે જે જવાબ આપેલ તે પણ માતા પિતાઓને ઉપયોગી થાય તેવો છે. તેથી સંક્ષિપ્ત અહીં રજૂ કરેલ છે.

તે કહે છે કે માતા પિતાએ સૌથી પહેલું કામ કરવાનું છે કે તેમણે બાળકના મનને તેમના વિચારો કે ખ્યાલોથી પ્રભાવિત કરવાનું નથી. કેમ ? કારણ કે મોટા ભાગનાં માતા પિતાઓનું મન પોતે જ ખોટા ખ્યાલો, ધારણાઓ, પૂર્વગ્રહો, સંકુચિતતાઓથી ગ્રસ્ત હોય છે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, વાદો વગેરેના અનેક વિચારોથી તેમનું મગજ ગૂંચવાયેલું હોય છે. મોટા ભાગના ખ્યાલો ખોટા હોય છે. વાસી હોય છે. હવે જો આ કચરો બાળકના મનમાં ઘૂસાડવામાં આવે તો બાળક પણ તાજગીપૂર્વક ઉછરવાને બદલે આ કચરાને વહન કરનાર કચરાપેટી જ બની જશે. તો પછી બાળકને કેળવણી કેમ આપવી ? તેને કેમ ઉછેરવું ?

માતા પિતાએ એક જ કામ કરવાનું છે કે બાળકને જાગૃત અને બુદ્ધિશાળી બનવા માટેનું પ્રોત્સાહન આપવાનું છે. તેને પ્રશ્નો પૂછતાં, શંકા કરતાં, જિજ્ઞાસા વ્યક્ત કરતાં શીખવવાનું છે. દરેક બાળક પાસે - આમ તો વ્યક્તિ પાસે - પોતાના જીવનને સુંદર બનાવવા માટે પૂરતી બુદ્ધિ હોય છે. આપણે કોઈ પણ પ્રાણીને જોઇશું તો તે જન્મથી જ પૂર્ણ હોય છે. એક કીડી જન્મે છે ત્યારે તે કીડી તરીકે સરસ રીતે જીવવા પૂરતી બુદ્ધિ ધરાવે છે. હા, તે માણસ જેમ ન વર્તી શકે, પણ કીડી તરીકે તો સરસ રીતે રહી શકે. આવું બધાં જ પ્રાણી માટે છે. દરેક વ્યક્તિ પાસે સરસ રીતે જીવવા પૂરી બુદ્ધિ હોય છે.

પણ સમસ્યા ક્યાં ઊભી થાય છે ? માતા પિતા બાળક બુદ્ધિશાળા થાય તેમ તો ઈચ્છે છે, પણ તેની રીતે નહીં, પણ તેઓ ઈચ્છે તે રીતે ! માતા પિતાનો બુદ્ધિશાળી હોવાનો ખ્યાલ એ હોય છે કે તેમનું બાળક મોટું થઈ ડૉક્ટર બને. સંભવ એ હોય છે કે બાળક મોટું થઈ ઉત્તમ સુથાર બનવા માગતું હોય. તેનામાં તે શક્તિ હોય. પણ માતા પિતા તો તેને ગમે તેમ કરીને ડૉક્ટર બનાવવા માગે છે. એમાં કંઈ તેમની ઈચ્છા એવી નથી હોતી કે વિશ્વમાં ઉત્તમ ડૉક્ટરોની જરૂર છે કે તેઓ ઈચ્છે છે કે તેમનું બાળક ડૉક્ટર થઈ વિશ્વની પીડા ઓછી કરે. કે ઉત્તમ સંશોધન કરી રોગો ઓછા કરે. ના, આમાંથી કોઈ વિચાર તેમના મગજમાં હોતો નથી. તેઓ તો બાળકને એટલા માટે ડૉક્ટર બનાવવા માગે છે કારણ કે સમાજમાં ડૉક્ટરની પ્રતિષ્ઠા વધારે છે. કારણ કે ડૉક્ટર ખૂબ કમાય છે. તેઓ ભવિષ્યમાં તેના નામે અભિમાન લઈ શકે કે, "જૂઓ, મારો પુત્ર કે પુત્રી ડૉક્ટર છે.". માતા પિતા બાળકનો આશ્રય લઈ વટ પડાવવા માગે છે.

પણ આ તો હકીકતે બાળકની બુદ્ધિને ખલાસ કરવાનો માર્ગ છે. માતા પિતા પોતે પોતાના જીવનમાં જે ન કરી શક્યાં તે કામ બાળકને પૂરું કરવાનું નથી. તેમની અધૂરી ઈચ્છાઓ બાળકે પૂરી કરવાની નથી. બાળક પાસે તો એ કરાવવાનું છે જેની તેમણે કલ્પના પણ ન કરી હોય. બાળકે

તો તેના જીવનમાં કશુંક નૂતન અને શ્રેષ્ઠ કરવાનું છે. પણ તેની ક્ષમતા મુજબ. ત્યારે અને તો જ તે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરશે અને પ્રગતિ કરશે. બાળકમાં જે ક્ષમતા હોય, તેનામાં જે શક્તિ હોય, તેમાં જ તેને આગળ વધારવાનું છે. તો જ તે પૂર્ણ રીતે જીવી શકશે. માતા પિતાની હઠથી તે જો અનિચ્છાએ ડૉક્ટર બનશે, તો કદાચ તે કમાશે ખૂબ, પણ અંદરથી આનંદથી જીવી તો નહીં જ શકે.

દરેક બાળક પાસે તેના જીવનને પૂર્ણ રીતે જીવવા માટે પૂરતી બુદ્ધિ હોય છે. માતા પિતાએ પોતાની મૂર્ખાઈઓ થોપવાને બદલે કેવળ એવું પર્યાવરણ સર્જવાનું છે જેમાં આ બુદ્ધિ સોળે કળાએ વિકસી શકે. હા, તેઓ શિક્ષકો, મિત્રો, સમાજ વગેરેના પ્રભાવને રોકી નહીં શકે, પણ જો તેમણે બાળકને વિચારતાં શીખવ્યું હશે, તો તે બુદ્ધિપૂર્વક નિર્ણય લેશે. તેની બુદ્ધિ ફૂલ જેમ ખીલી નીકળશે.

માતા પિતાએ પહેલો તો એ વિચાર મનમાંથી હટાવવાનો છે કે બાળક જન્મે એટલે તેને શીખવવાનું શરૂ કરવાનું છે. આ ખ્યાલ તો બાળકને ખલાસ કરી નાખશે. હકીકતે તો જ્યારે બાળક જન્મે, ત્યારે તેને શીખવવાને બદલે માતા પિતા માટે શીખવાનો સમય શરૂ થાય છે. કારણ એ છે કે તેમણે જ પોતાના જીવનમાં એટલું ગુમાવ્યું છે કે તેઓ વાસી થઈ ગયાં હોય છે — ભલેને યુવાન હોય ! બાળકે તો હજી જીવન સામે જોવાનું શરૂ જ કર્યું છે. તેમણે તેના સાથે બેસી તેની આંખે જીવનને નવી રીતે, તાજગીપૂર્વક જોવાનું છે. તેમણે ત્યારે એટલું જ કરવાનું છે કે તે તેને પ્રેમ અને ટેકો આપે. આમ કરશે તો બાળકની બુદ્ધિ સ્વયં વિકસવી શરૂ થશે. કેવળ તેની આસપાસ સ્નેહાળ પર્યાવરણ સર્જવાનું છે જ્યાં તેની બુદ્ધિ ખીલી નીકળે. બસ ! આટલું જ કરવાનું છે.

અહીં પણ અનેક માતા પિતા એ ભૂલ કરી બેસે છે કે તેઓ માને છે કે બાળકને પ્રેમ આપવો એનો અર્થ તે જે માગે તે આપવાનું છે. જો તેઓ પણ બુદ્ધિપૂર્વક બાળક સામે જોશે તો સમજી શકશે કે બાળકને બધું જ આપવું એ તો તદ્દન મૂર્ખાઈ છે. તેને ''પ્રેમ'' કહેવો તો શુદ્ધ મૂઢતા છે.

તો પછી શું કરવું ?

તેને એવી રીતે તૈયાર કરવાનું છે કે તે ગમે તે સ્થિતિમાં મુકાય, ત્યારે તે તેને આનંદથી માણી શકે એવી રીતે જીવે. તેને અનુકૂલન શીખવવાનું છે. અને તે માગે તે આપી દેવાથી નહીં શીખી શકે.

અને બાળકને સુંદર રીતે ઉછેરવાની પાયાની શરત છે કે તેમણે પણ આનંદથી જીવવાનું છે. અત્યારે તો મોટા ભાગનાં માતા પિતાને ખુદને જ ખબર નથી કે આનંદથી કેમ જીવાય ! તેઓ થોડું પણ અવલોકન કરશે તો તેમના ઘરમાં, આસપાસ, તે બે વચ્ચે જ, સતત ગુસ્સો, તાણ, ભય, ચિંતા, ઈર્ષ્યા વગેરેનું જ પ્રદર્શન ભરાય છે. આ બધું જ વ્યક્ત થયા કરે છે. અને બાળક સામે પણ આ બાબતો રજૂ થયા કરે છે. તો બાળક શું શીખશે ? તે કેવળ આ નકારાત્મક બાબતો જ શીખ્યા કરશે.

એટલે જો હકીકતે બાળકને સ્વસ્થ રીતે ઉછેરવા ઈચ્છતાં હોય, તો પહેલાં તો માતા પિતાએ પોતે જ તેમની જીવવાની રીત બદલાવવી પડશે. જો તેઓ જ પોતાને બદલાવવા અસમર્થ હશે, તો તેમનાં બાળકને સારી રીતે ઉછેરવાનો સવાલ જ ક્યાંથી ઊભો થશે ? કૂવામાં જ નહીં હોય તો હવાડામાં ક્યાંથી આવશે ? બાળક તો વડીલોની નકલ કરે છે. તે તેમની નકારાત્મકતાની જ નકલ કરવાનું. તે તેમના જેમ જ ઝગડા કરવાનું. ફરિયાદો કરતા શીખવાનું. આળસુ થવાનું. ખા ખા કર્યા કરવાનું.

માતા પિતા થવું, આગળ કહ્યું તેમ, તલવારની ધાર પર ચાલવા બરાબર છે. બાળકને જન્મ આપતાં પહેલાં સેંકડો - ના, હજારો વાર વિચાર કરવાનો છે. શું સમાજને સામાન્ય, સરાસરી, બુદ્ધિહીન, પરંપરાગત, વિચારહીન વ્યક્તિ આપવી છે ? આમ કરી સમાજને વધારે બગાડવો છે ? સમાજમાં બેવકૂફો વધારવા છે ? ઝનૂનીઓ વધારવા છે ? આ તો ભયાનક ગુનો છે. જૂની ભાષામાં કહીએ તો પાપ છે. તે કરવાનો કોઈને હક નથી. રામનારાયણ પાઠકની વાર્તા 'મુકુંદરાય'માં પછી પિતા પસ્તાઈને ''નખ્ખોદ-નખ્ખોદ'' બોલે છે તેના કરતાં પહેલેથી જ વંધ્ય રહેવું પુણ્ય છે.

બાળકને સામાન્ય ઉછેરવાનો કોઈ માતા પિતાને અધિકાર નથી.

# અખૂટ મૂડી : સંસ્કાર

**રણછોડ શાહ**

૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુવાડી, જેતલપુર રોડ,
વડોદરા-૪૦૦૦૦૭. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

સૌ કોઈ પોતાના સંતાનોને દિલથી વ્હાલ કરે છે. પ્રત્યેક બાળક તેના માતા-પિતા માટે અત્યંત કીંમતી હોય છે. સંતાનોને વારસો આપતા કેટલાક લોકો અન્યોથી જુદા પડે છે. થોડાક વાલીઓ સંતાનોને અઢળક ધન આપવાની ઈચ્છા ધરાવતા હોય છે. સમગ્ર જિંદગી દરમિયાન સખત અને તનતોડ મહેનત કરી પ્રાપ્ત કરેલી સંપત્તિ વારસદારોને આપવાની ઘણા લોકોની વૃત્તિ હોય છે. સંતાનોને કોઈ સંઘર્ષ જ ન કરવો પડે તેટલું ધન આપતાં મમ્મી-પપ્પા આનંદની અનુભૂતિનો અનેરો અનુભવ કરે છે. યેન-કેન પ્રકારેણ પ્રાપ્ત કરેલું ધન બાળકોને વડીલોના મૃત્યુ બાદ ગૌરવ અપાવે છે કે શરમ ? તે નક્કી કરવાનું કઠિન છે. પરંતુ કેટલાક લોકો સંતાનોને સંસ્કાર, પ્રામાણિકતા, મૂલ્યોની જાળવણી, નિષ્ઠા, વફાદારી જેવા ગુણોની મૂડી આપવાનું યોગ્ય માને છે. આ મૂડી અમૂલ્ય અને અવિનાશી હોય છે.

ટોમ સ્મિથ નામના એક વ્યક્તિએ તેના મૃત્યુ સમયે સંતાનોને બોલાવી શીખામણ આપતાં જણાવ્યું કે જો તેઓ જીવનમાં માનસિક શાંતિ ઈચ્છતા હોય તો પોતે જે પગલે ચાલ્યા છે તે રસ્તે આગળ વધો. તેની પુત્રી સારાએ કહ્યું, ''પિતાજી, તમારા બેન્કના ખાતામાં અત્યારે એક પણ પેની નથી. બીજા પપ્પાઓ કે જેમને તમે લાંચિયા અને પ્રજાના પૈસાની ચોરી કરતા જણાવતા હતા તેઓ તેમના સંતાનો માટે ખૂબ મોટી મિલ્કત મૂકીને જાય છે. અરે ! આપણે જે ઘરમાં રહીએ છીએ તે પણ ભાડાનું છે. માફ કરજો પણ હું તમારા રસ્તે ચાલીશ નહીં. અમે અમારો રસ્તો અમારી રીતે શોધી લઈશું.'' થોડાક સમય બાદ ટોમ સ્મિથ પોતાની પ્રામાણિકતાપૂર્વક જિંદગી અને માન્યતાઓ સાથે આ વિશ્વ છોડીને જતા રહ્યા. અંતિમ ક્રિયા પૂર્ણ કરીને સૌ છૂટા પડ્યા.

ત્રણ વર્ષ બાદ સારા એક બહુરાષ્ટ્રીય કંપનીમાં ઈન્ટરવ્યૂ આપવા ગઈ. ત્યાં કમિટીના અધ્યક્ષે પૂછ્યું, ''તમે સ્મિથ એટલે કોણ....?

સારાએ જવાબ આપ્યો, ''હું સારા સ્મિથ છું. મારા પિતા ટોમ સ્મિથ હવે સ્વર્ગસ્થ છે.'' અધ્યક્ષે વચ્ચેથી અટકાવીને કહ્યું, ''અરે ! તું ટોમ સ્મિથની પુત્રી છે ?'' ચૅરમેને કમિટીના બીજા સભ્યોને સંબોધીને કહ્યું, ''આ શ્રીમાન સ્મિથે તો મારા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડમિનિસ્ટ્રેશનના સભ્યપદ માટેના અરજી ફોર્મમાં સહી કરી આપી હતી. તેમની ભલામણને કારણે જ તો આજે હું આ જગ્યા ઉપર છું. તેઓ મને ઓળખતા પણ નહોતા છતાં તેઓએ મને ખૂબ મોટી મદદ કરી હતી.''

તેઓએ સારા તરફ જોયું અને બોલ્યા, ''હવે મારે તમને કાંઈ પૂછવાનું નથી. તમારી આ જગ્યા માટે પસંદગી કરવામાં આવે છે. આવતીકાલે આવી તમે તમારો નિમણૂક પત્ર લઈ જજો.''

સારાને કંપનીના કૉર્પોરેટ એફેર્સના મૅનેજર પદે નીમવામાં આવ્યા. આ જવાબદારી નિભાવવા માટે બે કાર સાથે ડ્રાઈવર પણ આપવામાં આવ્યા. રહેવા માટે ઑફિસની બાજુમાં જ વિશાળ અદ્યતન બંગલો આપવામાં આવ્યો. એક લાખ ડોલરનો પગાર તથા અન્ય તમામ સવલતો પૂરી પાડવામાં આવી.

બે વર્ષ બાદ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર અમેરિકાથી આવ્યા અને પોતે રાજીનામું આપી કોઈને એ જગ્યા ઉપર નીમવા માંગે છે તેમ જણાવ્યું. આ જગ્યા માટે ઉચ્ચકક્ષાની નીતિમત્તાવાળી વ્યક્તિની શોધ શરૂ થઈ. કંપનીના પરામર્શકે ફરીથી સારા સ્મિથનું નામ સૂચવ્યું. રૂબરૂ મુલાકાત દરમિયાન સારાને તેની સફળતાનું રહસ્ય પૂછતાં તેણે અશ્રુસભર વાણીમાં જણાવ્યું, ''મારા પિતા મારે માટે સફળતાનો રસ્તો કંડારી ગયા છે. તેઓના મૃત્યુ બાદ મને સમજાયું કે તેઓ આર્થિક રીતે ગરીબ હતા પરંતુ વફાદારી, પ્રામાણિકતા, શિસ્ત, નિષ્ઠા, નિસ્બત અને અન્યોને મદદ

કરવાની વૃત્તિ બાબતે અત્યંત સમૃદ્ધ હતા.'' આટલું બોલતાં બોલતાં તો તે ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. સૌને આશ્ચર્ય થયું. તેને કારણ પૂછતાં ઉત્તર આપ્યો, ''તેમના મૃત્યુ સમયે મેં તેમની પ્રામાણિકતા અને અન્ય સદ્‌ગુણોની તુલના પૈસા સાથે કરી હતી. તેઓના મૃત્યુ સમયે મેં તેમનું અપમાન કર્યું હતું. મને આશા છે તેઓ કબરમાંથી મને જરૂરથી માફ કરી દેશે. મેં જે કાંઈ કર્યું તે મારી જાતે કર્યું નથી પરંતુ તેઓના રસ્તે ચાલવાનો પ્રયત્ન કર્યો છે.'' સારાને પુનઃ પૂછવામાં આવ્યું કે તેઓ ભવિષ્યમાં પણ પિતાના પગલે જ ચાલશે ને ? તેનો પ્રત્યુત્તર હતો, ''હું તેમને અત્યંત ચાહું છું. મારા બેઠકખંડમાં તેમનું સંપૂર્ણ કદનું ચિત્ર છે. મારા ઘરના પ્રવેશ દ્વારા પાસે તેઓની પ્રતિમા છે. તેઓ મારે માટે ઈશ્વર છે.''

નામ પ્રાપ્ત કરવામાં સમય લાગે છે. નીતિ, પ્રામાણિકતા, જાત ઉપરનો કાબૂ અને ભગવાનનો ડર માણસને સંપત્તિવાન તો ન બનાવે. ક્યારેક કદાચ તેના બેન્ક એકાઉન્ટમાં બહુ મોટી રકમ ન પણ હોય. પરંતુ સંતાનો માટે ઉત્તમ સંસ્કારનો વારસો મૂકી જવો તે સૌથી મોટી મૂડી છે. સંપત્તિથી સંસ્કાર ખરીદી શકાતા નથી પણ હા, સંસ્કારથી ધન પ્રાપ્ત થઈ શકે છે. પેઢીઓથી અપાતો સંસ્કારનો વારસો જ ચિરંજીવી હોય છે. જ્યારે ધન-દોલત ક્ષણ ભંગૂર હોય છે.

પૂનામાં એક પારસી પૂનાવાલા કુટુંબ રહે છે. ડૉ. સાયરસ પૂનાવાલા, પૂનાવાલા ચૅરિટેબલ ટ્રસ્ટ અને બીજા અનેક ઉદ્યોગોના ચૅરમેન અને મૅનેજિંગ ડિરેક્ટર છે. તેઓ પાસે એક ગંગાદત્ત નામનો ડ્રાયવર હતો. તેઓની લિમોઝીન ગાડી છેલ્લા ૩૦ વર્ષથી ચલાવતો હતો.

શ્રી પૂનાવાલા એક અગત્યના કામે મુંબઈ ગયા હતા. ત્યાં અચાનક તેઓએ ગંગાદત્તના અવસાનના સમાચાર જાણ્યા. જેવા આ સમાચાર મળ્યા કે તુર્તજ પોતાની તમામ મુલાકાતો રદ કરી નાંખી. ગંગાદત્તના કુટુંબીજનોને વિનંતી કરી કે તેઓ પરત આવે ત્યાં સુધી તેમની દફનવિધિ કરવી નહીં. હેલિકોપ્ટર દ્વારા તુરત જ પૂના આવ્યા.

પૂના પહોંચ્યા બાદ તેઓએ કારને ખૂબ ભવ્ય રીતે શણગારવાની સૂચના આપી. તેઓએ જણાવ્યું કે આ કાર ખરીદી ત્યારથી ગંગાદત્ત જ ચલાવતા હતા. તેમના શબને આ કારમાં જ સ્મશાનભૂમિમાં લઈ જવામાં આવશે. ગંગાદત્તના કુટુંબીજનોએ આ વાત સ્વીકારી. ત્યારબાદ તેઓ જાતે ગાડી ચલાવીને ઘરેથી સ્મશાનઘાટ સુધી અંતિમ સંસ્કાર માટે લઈ ગયા.

પૂનાવાલાને જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ જવાબ આપ્યો, ''ગંગાદત્તે દિવસરાત જોયા વિના મારી સેવા કરી છે. જ્યારે તે અનંતની યાત્રાએ જઈ રહ્યા છે ત્યારે તેમને માટે આટલું કરવાની તો મારી ફરજ છે.'' વધુમાં જણાવ્યું, ''ગંગાદત્ત ગરીબાઈમાંથી ઊંચે આવ્યા છે. તેણે બંને સંતાનોને ઉચ્ચશિક્ષણ આપ્યું છે. તેની દીકરી તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને તે સાચે જ પ્રશંસનીય છે.''

તેઓનો અંતિમ અભિપ્રાય તો કોઈપણ સજ્જન વ્યક્તિને શોભા આપે તેવો છે, ''સૌ ધન કમાય છે. તેમાં કંઈપણ વિશિષ્ટ નથી. પરંતુ આપણને સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરનાર સૌના ઋણી રહેવું તે આપણી પ્રાથમિક અને અત્યંત જરૂરી ફરજ જ નહીં, જવાબદારી છે. અમને અમારા ઉછેર દરમિયાન વડીલો મારફત આ સંસ્કાર કાળજીપૂર્વક આપવામાં આવ્યા હતા માટે જ હું આજે આ કરી શક્યો.''

અત્યંત પ્રેરણાદાયી ઉદાહરણ છે. સંસ્કારનો વારસો આપવો હોય તો બાળકોના બાલ્યકાળથી જ તે બાબતની કાળજી રાખવી પડે. બાળકો વડીલોના વર્તનની બારીકાઈથી નોંધ લેતા હોય છે. મોટાઓ કરશે તેવું જ તેઓ કરશે. મોટા થયા બાદ સંસ્કાર, સારા વિચાર તથા સારી વર્તણૂંકને આરોપન કરવાનું કાર્ય ખૂબ કઠિન હોય છે. જે ઘરમાં સંસ્કારનો વારસો હોય ત્યાં સંપત્તિનો નિવાસ હોય જ પરંતુ તેનાથી ઊંધુ ન પણ હોય. બાળકોને ધન નહીં આપીએ તો ચાલશે પરંતુ સદ્‌ગુણો આપવાનું ક્યારેય ચૂકવા જેવું નથી.

# આધુનિક શિક્ષણમાં માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી (ICT)ની આવશ્યકતા

**સંજય કોરિયા**

હરિકૃષ્ણનગર-૨, ગંગાભુવન વિસ્તાર, જસદણ, જી. રાજકોટ.
મો. ૯૮૯૮૦૦૧૯૮૨

**૧.૦ પ્રસ્તાવના** : પ્રત્યાયન એ પ્રત્યેક માનવીની એક અગત્યની પ્રવૃતિ છે. માનવી એકલો રહી શકતો નથી, તે પ્રત્યાયનને જીવનની જરૂરિયાત ગણે છે. પ્રચલિત પ્રત્યાયન અભિગમો, (૧) વાતચીત, (૨) પત્રવ્યવહાર, (૩) ટેલિફોન અને (૪) ફેક્સ મશીનથી આપણે સૌ પરિચિત છીએ. પ્રત્યાયન ટેકનોલૉજી પ્રવર્તમાન સમયમાં એક નવી જ વિસ્મયકારક પરિધિમાં પ્રવેશી છે. પ્રત્યાયનનાં વિવિધ માધ્યમોનાં જોડાણને કારણે આ ટેકનોલૉજી સામાન્ય માણસના માન્યામાં ન આવે તેટલી વિકસી છે. અહી વિગત હવે શબ્દો કે વિષયવસ્તુ જ નથી રહી પણ ચિત્રો, અવાજ, દસ્તાવેજ અને સાંખ્યિકીઓ (data)ને આવરે છે અને તેનું પ્રત્યાયન ઝડપી અને ઓછું ખર્ચાળ તેવું શકય બન્યું છે.

ઈન્ફોર્મેશન ટેકનોલૉજી એ બહુવિદ્યાકીય વિદ્યાશાખા બની ચૂકી છે. આથી તેમાં અભ્યાસો અને તે અભ્યાસોનાં પરિણામોના ઉપયોગનો વ્યાપ ઘણો મોટો છે. ઈન્ફોર્મેશન ટેકનોલૉજીનાં મુખ્ય બે ક્ષેત્રો પ્રત્યાયન ટેકનોલૉજી અને કમ્પ્યૂટર ટેકનોલૉજી શિક્ષણની મુખ્ય પ્રક્રિયાઓ અધ્યાપન, મૂલ્યાંકન, સંશોધન અને વ્યવસ્થાપન સંબંધિત સમસ્યાઓ ઉકેલવામાં મોટો ફાળો આપી શકે તેમ છે. આ માટે માહિતીનું સ્વરૂપ, પ્રત્યાયન સિદ્ધાંતો અને કમ્પ્યૂટરનો યોગ્ય રીતે પરિચય મેળવી તેનો વિદ્યાર્થીઓના પક્ષે સ્વ-અધ્યયન, શિક્ષકના પક્ષે અધ્યાપન, મૂલ્યાંકન, અને સંશોધન કાર્યમાં શ્રેષ્ઠ રીતે ઉપયોગ થઈ શકે તે સમજવાનો સતત પ્રયત્ન કરવાનો રહે છે.

જે રીતે પુસ્તકો પરંપરાગત અધ્યાપનને પૂરક બન્યા છે, તે જ રીતે કમ્પ્યૂટર્સ અધ્યાપનને એટલે કે શીખવા-શીખવવાની પ્રક્રિયાને પૂરક બની રહ્યા છે. શિક્ષણમાં કમ્પ્યૂટર્સનાં પ્રભાવશાળી ઉપયોગ અંગે કોઈ શંકા નથી. પરંપરાગત અધ્યાપન અને કમ્પ્યૂટર આધારિત અધ્યાપન વચ્ચે જો કોઈ મહત્વનો ભેદ હોય તો તે માહિતી-જ્ઞાનની પ્રસ્તુતિ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કમ્પ્યૂટર આધારિત અધ્યાપન પરંપરાગત અધ્યાપનની તુલનામાં વધુ અસરકારક જોવા મળી રહ્યું છે. શિક્ષણનાં પ્રત્યેક પાસાઓમાં કમ્પ્યૂટરની વિધેયાત્મક અસર હંમેશાં જોવા મળી છે.

**૨.૦ માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીની સંકલ્પના :** માહિતીનો વિસ્ફોટ થયો છે. ભણેલ વ્યક્તિ પણ અનુભવે છે કે તે અભણ છે, કારણ કે માણસ માહિતીના આ વિસ્ફોટ સાથે બંધબેસતો થઈ શકતો નથી. તેને બંધબેસતો થવામાં માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી મદદ કરી શકે છે. આધુનિક સમયમાં આ માહિતી વિસ્ફોટના વ્યવસ્થાપન માટે માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી અનિવાર્ય બની છે. સૌ પ્રથમ તેના વિવિધ પાસાઓને સમજીએ.

**૨.૧ માહિતીની સંકલ્પના** : માહિતીની સરળ અને લોકભોગ્ય વ્યાખ્યા આ પ્રમાણે છે : કોઈ પણ વિષય વિષે વિવિધ સ્વરૂપે, અલગઅલગ રીતે ભાર મૂકીને તેમજ વિવિધ ઊંડાણથી જેની મદદથી સ્પષ્ટતા મેળવવામાં આવે છે તેને માહિતી કહે છે, અર્થાત માહિતી એ કોઈ પણ વિષય, વસ્તુ, વ્યક્તિ, પ્રસંગ, ઘટના કે પ્રક્રિયા અંગેની ઊંડાણપૂર્વકની સ્પષ્ટતા મેળવવાનું એક સાધન છે.

કેટલાક નિષ્ણાતો માને છે કે "માહિતી એ પ્રત્યાયનની મદદથી સંચારણ કરવામાં આવેલ હકીકતો છે."

**૨.૨ પ્રત્યાયનની સંકલ્પના** : પ્રત્યાયન-કોમ્યુનિકેશન એ લેટિન શબ્દ કોમ્યુનિઝ (Communis) ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ કોમન (Common) થાય. Common means shared by all. આમ, પ્રત્યાયન એટલે 'બધાની ભાગીદારી જેમાં હોય તે' - એવો થાય છે. વર્ગખંડમાં શિક્ષણકાર્ય સાથે જોડાયેલ બધાની (શિક્ષક, વિદ્યાર્થી, કેટલાક સાધનો, કેટલીક પ્રયુક્તિઓ) ભાગીદારી હોય છે માટે વર્ગકાર્ય પ્રત્યાયન આધારિત છે. ટૂંકમાં, 'માહિતીની આપ-લે એટલે પ્રત્યાયન'.

**૨.૩ માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીની સંકલ્પના** :

માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીને અંગ્રેજીમાં Infromation and Communication Technology (ICT) કહે છે. સનસનવાલ માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીને આ રીતે રજૂ કરે છે : ''માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી એ સમાજની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઉન્નતિ માટે માહિતીના અસરકારક સંચાલન, સંગ્રહ, પુનઃપ્રાપ્તિ, સંસ્કરણ, પ્રત્યાયન અને વહેંચણી માટે સોફ્ટવેર અને હાર્ડવેરનો ઉપયોગ છે.''

UNESCO, (૧૯૯૮) અનુસાર, ''માહિતીનું નિયમન અને સંસ્કરણમાં ઉપયોગમાં લેવાયેલ વૈજ્ઞાનિક, ટેકનોલૉજીકલ અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓ અને સંચાલન પ્રયુક્તિઓ અને કમ્પ્યૂટર્સ અને તેની માણસ અને યંત્ર તથા સંબંધિત સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતો સાથેની આંતરક્રિયા છે.''


આમ, માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી એ ચોક્કસ પર્યાવરણમાં ઇચ્છિત પ્રકારની માહિતીનું એકત્રીકરણ, સંગ્રહ, હસ્તોપયોજન, સંસ્કરણ અને પ્રત્યાયનનું આધુનિક વિજ્ઞાન છે. ઈન્ફોર્મેશન ટેકનોલૉજી એ પ્રત્યાયન ટેકનોલૉજી અને કમ્પ્યૂટર ટેકનોલૉજીનાં સંકલનથી પ્રાપ્ત થયેલ માઇક્રો ઈલેક્ટ્રોનિક્સ આધારિત ટેકનોલૉજી છે.

**૩.૦ શિક્ષણમાં માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી (ICT)ના અમલીકરણના હેતુઓ**

૧. શિક્ષણની સેવાઓ અને પદ્ધતિઓમાં વિવિધતા લાવવા માટે.
૨. માહિતી અને શિક્ષણની સમાન તક પ્રાપ્ત થઈ શકે તે માટે.
૩. રોજબરોજની અધ્યયન–અધ્યાપન અને વ્યસ્થાપન પ્રક્રિયાને રસપ્રદ, અસરકારક, પારદર્શક અને ગુણવત્તાલક્ષી બનાવવા માટે.
૪. ટેકનોલૉજીનો દરેક ક્ષેત્રમાં ઉપયોગ કરી શકે, ભવિષ્યમાં થનાર નવા આયામોને સ્વીકારી શકે, તેનો ઉચિત ઉપયોગ કરી શકે, તેવાં કૌશલ્યોના વિકાસ માટે.
૫. ટેકનોલૉજીના ફાયદા અને ગેરફાયદાઓથી માહિતગાર થઈ શકે તે માટે.
૬. સાંસ્કૃતિક વારસાનાં વિવિધ પાસાંઓને ઓળખી શકે, જાળવી શકે, રસ દાખવી શકે તે માટે.
૭. અધ્યેતા પોતાની રસરુચિ મુજબ, કોઈપણ સ્થળે, કોઈપણ સમયે સ્વતંત્ર રીતે ઓપન સોર્સ, ડિસટન્સ લર્નિંગ દ્વારા જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરી સ્વ-વિકાસ કરી શકે તે માટે.
૮. અભ્યાસક્રમને સમૃદ્ધ અને ગુણવત્તાલક્ષી બનાવવા માટે.

**૪.૦ માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીનો શિક્ષણમાં વિનિયોગ** : માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી આધુનિક સમયના ઘડતરમાં ખૂબ જ ટૂંકા સમયમાં પાયાની ભૂમિકા ભજવી રહી છે. હવે ઘણાં દેશો ICT ને સમજવા, પાયાનાં કૌશલ્યોમાં પારંગત થવા, મુખ્ય શિક્ષણનાં ભાગ રૂપે તેનો ઉપયોગ કરવા લાગ્યા છે. યુનેસ્કોએ પણ શિક્ષણમાં પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિઓના સ્થાને ICTનાં ઉપયોગ વધારવાની સલાહ આપી છે. શિક્ષણનાં ધ્યેયોને સિધ્ધ કરવા ICT આધારિત શૈક્ષણિક સોફ્ટવેર અને મટીરિયલનું નિર્માણ કરવાને પ્રાથમિક્તા આપેલ છે. તેમજ પરંપરાગત ટેકનોલૉજી અને ICT વચ્ચે સંતુલન જાળવવા પણ કહેલ છે. તેના ભાગરૂપે અનેક દેશોએ શિક્ષણમાં રેડિયો, ટેલિવિઝન, પ્રિન્ટ સ્વરૂપ, કમ્પ્યૂટર, ઓનલાઇન પ્રોગ્રામ, ઇન્ટરનેટ, ઓડિયો, વીડિયો, ઇ-બૂક, મોબાઇલ એપ્સ વગેરે માધ્યમોના સંતુલિત ઉપયોગને પ્રાધાન્ય આપ્યું છે.

માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીનાં બે મુખ્ય ક્ષેત્રો કોમ્યુનિકેશન ટેકનૉલોજી અને કમ્પ્યૂટર ટેકનોલૉજી શિક્ષણની મુખ્ય ત્રણ પ્રક્રિયાઓ અધ્યાપન, મૂલ્યાંકન અને સંશોધન સંબંધિત સમસ્યાઓને ઉકેલવામાં મોટો ફાળો આપી શકે તેમ છે. આ માટે શિક્ષણનાં વિદ્યાર્થીઓએ માહિતીનું સ્વરૂપ, પ્રત્યાયન સિદ્ધાંતો અને કમ્પ્યૂટરનો યોગ્ય રીતે પરિચય મેળવી તેનો વિદ્યાર્થીઓના પક્ષે સ્વ-અધ્યયન તથા શિક્ષકના પક્ષે અધ્યાપન, મૂલ્યાંકન અને સંશોધનકાર્યમાં શ્રેષ્ઠ રીતે કેમ ઉપયોગ થઈ શકે તે સમજવાનો સતત પ્રયત્ન કરવાનો રહે છે. શિક્ષણનાં સંદર્ભમાં ICT નો વિનિયોગ માટેની આકૃતિમાં દર્શાવેલ છે.



**૫.૦ ICT દ્વારા થતા અધ્યયનને અસરકારક બનાવતા પરિબળો**

● અસરકારક અધ્યયન માટેની પહેલી અને અનિવાર્ય શરત એકાગ્રતા છે. એકાગ્રતા માટે પ્રેરણ જરૂરી છે. ICT દ્વારા થતા અધ્યાપનીય કાર્યક્રમથી પ્રેરણ મળી રહે છે. પરિણામે સમગ્ર અધ્યયન કાર્યની અસરકારકતા વધે છે.

● ICTના ઉપયોગ દ્વારા થતા અધ્યયનના પ્રારંભે અધ્યેતાઓને જાણ કરો કે આ પદ્ધતિથી અભ્યાસ કરવાથી તેઓ શું-શું શીખી શકશે. આ માટે ટૂંકાગાળાના તેમજ લાંબાગાળાના હેતુઓ નિશ્ચિત કરો.

● વિદ્યાર્થીઓને શીખવતી વખતે પ્રશ્નો પૂછવામાં આવે કે તેઓની જિજ્ઞાસાને પોષે તેવી માહિતી-પ્રશ્નો રજૂ કરવામાં આવે તો તેઓ બમણા વેગે શીખી શકે છે. સમયાંતરે પૂછાતા પ્રશ્નોનાં ઉત્તરો સ્વમૂલ્યાંકનની તક પૂરી પાડે છે. જે વિદ્યાર્થીઓના પક્ષે આંતરિક પ્રેરણ પૂરું પાડી એકાગ્રતા વધારવામાં સહાય કરે છે.

● અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓને તેઓ જે જાણતા હોય, જેનાથી તેઓ પરિચિત હોય તેવા જ્ઞાનને જો શીખવાની નવી સામગ્રી સાથે સાંકળવામાં આવે તો વિદ્યાર્થીઓએ નવી માહિતી સારી રીતે સમજી શકે. આથી અભ્યાસને અંતે અધ્યેતાઓ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

● ICT આધારિત શિક્ષણ બધા જ વિદ્યાર્થીઓની બધી જ જરૂરિયાતો હંમેશાં સંતોષી શકે નહીં. આથી શૈક્ષણિક યોજનાઓમાં માહિતીની રજૂઆતમાં વિવિધતા જળવાય તે જરૂરી બને છે. જે મોટાભાગના વિદ્યાર્થીઓની શીખવાની શૈલીને અનુરૂપ અનુકૂળતા કરી આપે છે. અધ્યયન વાતાવરણનું નિર્માણ કરવામાં વિદ્યાર્થીની સ્વાયતતા સાથે અન્ય વિદ્યાર્થીઓ સાથેના સહકારનું પણ શીખવાની પ્રક્રિયામાં મહત્વ છે. જૂથમાં વિદ્યાર્થીઓ પરસ્પર એકબીજા પાસેથી ઘણું શીખે છે.

● ICT આધારિત શિક્ષણમાં વિદ્યાર્થીઓની સક્રિય સામેલગીરીને પોષતા સોફ્ટવેરની પસંદગી કરવી જોઈએ. સોફ્ટવેર પૂરતા યોગ્ય ઉદાહરણો, પ્રેરણ, પ્રતિપોષણ, ગ્રાફિક્સ ધરાવતા હોવા જોઈએ. ઉપરાંત સોફ્ટવેરના સંચાલન પર અધ્યેતા નિયંત્રણ કરી શકતો હોવો જોઈએ. આવા સોફ્ટવેર સમયાંતરે સ્વ-મૂલ્યાંકન અને મહાવરાથી અર્થપૂર્ણ અધ્યયન કરવાની તક પૂરી પાડે છે. સોફ્ટવેર નિર્માણ માટે પણ સોફ્ટવેર પસંદગીના આધારોને ધ્યાનમાં લેવા જોઈએ.

**૬.૦ માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી (ICT) આધારિત શિક્ષણના ફાયદાઓ** : અધ્યયન-અધ્યાપનની અન્ય પ્રયુક્તિઓ કરતાં માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી(ICT) આધારિત શિક્ષણના ફાયદાઓ આ મુજબ વર્ણવી શકાય.

૧. વિદ્યાર્થી સ્વ-અધ્યયન સ્વ-ગતિથી કરી શકે છે કે સહકારથી નાના જૂથમાં શીખી શકે છે.

૨. ICT દ્વારા અધ્યયન-અધ્યાપન દરમિયાન અધ્યેતાને સતત પ્રતિચાર મળતો હોવાથી શિક્ષણકાર્ય જીવંત, રસપ્રદ, અસરકારક બને છે.

૩. વિવિધ રીતે અધ્યયન-અધ્યાપન સામગ્રી બનાવી શકાય છે. એક વખત તૈયાર કરેલી સામગ્રી વારંવાર ઉપયોગમાં લઈ શકાય છે. નોટબેંક, ગ્રાફબેંક, ચાર્ટબેંક, ટેબલ બેંક, પ્રશ્નબેંક બનાવી શકાય છે.

૪. પોતે આપેલા પ્રતિચારોને અનુરૂપ પ્રતિપોષણ તાત્કાલિક મેળવી શકે છે.

૫. અધ્યયનના તબક્કાઓ સમયાનુસાર ગોઠવી શકાય છે.

૬. વિદ્યાર્થી પોતાની જાતે, પોતાની રીતે અધ્યયન કરી શકે છે.

૭. મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ અપ્રત્યક્ષ અનુભવો પૂરા પાડી શકાય છે.

૮. વિદ્યાર્થી ઇન્ટરનેટના ઉપયોગ દ્વારા કોઈપણ ઓપન યુનિવર્સિટી જેવી સંસ્થાઓના કેટલાક અભ્યાસક્રમો પોતાની રીતે શીખી ડિગ્રી મેળવી શકે છે.

૯. ICT વ્યક્તિને વૈશ્વિક બનાવે છે. જ્ઞાનના વિસ્ફોટને કારણે વ્યક્તિ વિવિધ પ્રકારની માહિતી ઇન્ટરનેટ પરથી મેળવી શકે છે. મિત્રો બનાવી શકે છે. મિત્રો સાથે ચેટિંગ (વાતચીત) કરી શકે છે. પોતાની જાતને પોતાની શક્તિ મુજબ વિશ્વ સમક્ષ મૂકી શકે છે.

૧૦. અગણિત વેબસાઇટ વિવિધ પ્રવૃતિઓ,

સંસ્થાગત કાર્યો, માર્કેટિંગના નુસખાઓ, જાહેરાતો, જીવનકાર્ય દરમિયાન કરવાની વિવિધ પ્રવૃતિઓનો પરિચય લઈ શકે છે.

૧૧. એક સંશોધક તરીકે સમસ્યાના નિરાકરણ માટે સોફ્ટવેર મેળવવા, તેવાં જ સંશોધનોનો અભ્યાસ કરવા, માહિતીનું પૃથક્કરણ કરવા, ઇ-લાઈબ્રેરી, વિવિધ માહિતી સ્ત્રોતોનો ઉપયોગ કરી સંશોધનને નવી દિશા આપી શકે છે.

૧૨. માહિતીનું ઝડપી આદાન-પ્રદાન માટે ઈ-બૂક્સ, મોબાઇલ લર્નિંગ, ઈ-લર્નિંગ, સોશિયલ મીડિયા, યુ-ટ્યૂબ, બ્લોગ, વિડિયો, ઓપન રિસોર્સિસ નો ઉપયોગ કરી શકે છે.

**૭.૦ માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી (ICT) આધારિત શિક્ષણની મર્યાદાઓ**

૧. વિદ્યુતપ્રવાહ પર ચાલે છે, તેના અભાવે કાર્ય ન થઈ શકે.

૨. ICT આધારિત અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવાનું કામ દરેક શિક્ષક કરી શકે નહી.

૩. અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવામાં ઘણો સમય લાગે છે અને તે ખર્ચાળ પણ છે.

૪. શિક્ષણના મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો અને કમ્પ્યૂટર સોફ્ટવેર બંનેનું જ્ઞાન ધરાવતાં નિષ્ણાતોની ઊણપ જણાય છે. તેથી સંપૂર્ણ ગુણવત્તાવાળી અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવાનું કામ ખૂબ મહેનત માંગી લે છે.

૫. અમુક વિદ્યાર્થીઓ કે જે નીચો આત્મવિશ્વાસ અને બીજી મનોવૈજ્ઞાનિક મર્યાદાઓ હોય છે તેને માટે ઉત્સાહ અને પ્રેરણની જરૂરિયાત રહે છે. આ જરૂતિયાતો ICT શિક્ષણથી સંતોષાતી નથી.

૬. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે સીધી આંતરક્રિયા થતી નથી.

૭. દરેક શાળામાં ICT માટે જરૂરી ભૌતિક સુવિધા હોતી નથી.

૮. વિદ્યાર્થીઓના દરેક કૌશલ્યોનો વિકાસ કરી શકતો નથી.

૯. શિક્ષણનો અગત્યનો હેતુ અધ્યેતાઓનું સામાજિકરણ કરવું તે છે. પરંતુ અત્યારે બાળકો ICT નાં ભિન્ન સાધનોમાં એટલાં બધાં વ્યસ્ત રહે છે કે સામાજિકરણનાં ભિન્ન માધ્યમો સાથે આંતરક્રિયા લગભગ ગુમાવી દીધી છે.

૧૦. ICTનાં ઉપયોગના કારણે વિદ્યાર્થીના હસ્તાક્ષર, જોડણી અને ભાષાવિકાસ પર પણ વિપરીત અસર જોવા મળી છે. વિદ્યાર્થીઓમાં મૌખિક રજૂઆતની તકો ઘટી છે.

૧૧. ICTનાં ઉપયોગ દ્વારા ભરપૂર માત્રામાં અશ્લીલ સાહિત્ય સરળતાથી ઉપલબ્ધ બન્યું છે. આ સાહિત્ય જાતીય ગૂનાખોરીનું પ્રમાણ વધારે તેવી શક્યતા છે. પરિણામે ગેરજવાબદાર જાતીય વ્યવહારો વધશે.

**૮.૦ શિક્ષણમાં અસરકારક રીતે ICTના અમલીકરણ માટેની ભલામણો** : શિક્ષણમાં અસરકારક રીતે માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી (ICT)ના અમલીકરણ કરવા અહી અમુક ભલામણો કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

૧. તમામ સરકારી, ગ્રાન્ટેડ અને પ્રાઈવેટ શાળાઓ અને કૉલેજોમાં ICT શિક્ષણને લગતી ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત થાય તેવું કરવું જોઈએ.

૨. પ્રાથમિક શાળાથી માંડીને કૉલેજ કક્ષાના શિક્ષકોને ICT ની તાલીમ આપવી જોઈએ.

૩. તાલીમ પામેલ શિક્ષકો ICTનો અસરકારક ઉપયોગ વર્ગખંડમાં કરે તે માટે તેના પર દેખરેખ અને સમયાંતરે મૂલ્યાંકન કરવા પગલાં લેવા જોઈએ.

૪. ICTનો શિક્ષણમાં વિશિષ્ટ ઉપયોગ કરનાર શિક્ષકોને પ્રોત્સાહન આપવાની જોગવાઈ કરવી જોઈએ.

૫. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત રાખવી જોઈએ. આશરે ૩૦ની આસપાસ હોવી જોઈએ.

૬. ICT સાધનોની જાળવણી માટે સરકારે ખાસ જોગવાઇઓ કરવી જોઈએ. વિશેષ ગ્રાન્ટ આપવી જોઈએ.

**૯.૦ ઉપસંહાર** : આમ, આજના માહિતીપ્રધાન યુગમાં માહિતી તેના ઉપભોકતાઓ સુધી પહોંચાડવામાં ગ્રંથાલયો, માહિતીકેન્દ્રો અને ઇન્ટરનેટ સેવાઓ ઉપલભ્ધ બની છે. આ સેવાઓ શિક્ષણમાં વિદ્યાર્થીઓને

જાતે અધ્યયન કરવા અનેક સેવાઓ પૂરી પડે છે. શિક્ષક પોતાના અધ્યાપનકાર્ય, મૂલ્યાંકનકાર્ય અને સંશોધન માટે તેનો સારી રીતે ઉપયોગ કરી શકે છે. શિક્ષક માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજીનો સાચા અર્થમાં ઉપયોગ કરીને પોતાની અધ્યાપન યોજના તૈયાર કરે તો પોતે અસરકારક બની શકે. પોતાના અધ્યાપનકાર્યની અસરકારકતા વધારવા માટે કમ્પ્યૂટર અને તેના પર આધારિત ઇન્ટરનેટ, ઈલેક્ટ્રોનિક ટેક્સ્ટ, હાઇપર મીડિયા વગેરે તેના ખરેખર સહાયક બની રહે તેમ છે. આથી એકવીસમી સદીનો શિક્ષક માહિતી અને પ્રત્યાયન ટેકનોલૉજી (ICT)થી સજ્જ બને તે પ્રવર્તમાન અને ભાવિ સમયની માંગ છે. આમ છતાં સમાજ અને સંસ્કૃતિના ઉત્થાન માટે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોને ક્યારેય ભૂલીએ નહીં.

## "મા"

**જાની દિપાલી કિરીટભાઈ**

**મ. શિક્ષક, સરસ્વતી કુમારશાળા નં. ૧**

મા, મમ્મી, મધર, મૈયા કોઈપણ ભાષામાં માને માટેનો શબ્દ 'મ'થી જ શરૂ થતો મેં જોયો છે. એ દૈવી શક્તિને મનુષ્ય બનવાનું મન થયું અને તે મા બની. જનની એટલે માતા અને જગત-જનની જગદમ્બા એટલે એ દિવ્ય શક્તિ. માતાના અવસાન પછી માતાનો અભાવ કેવો પૉઝિટિવ બની જાય છે. જે મા એ જીવનભર ઘરના ખૂણેખૂણાને અને તેના બાળકના જીવનને તનથી અને મનથી અજવાળ્યો અને ધબકતો રાખ્યો. એ જ ઘર માતાના મૃત્યુ પછી તેના બાળકો માટે ચારધામ બની જાય છે. જે માતા સદેહે જોતી હવે તે સૂક્ષ્મ સ્વરૂપે સર્વરૂપે તેના બાળકોને સાચવતી હોય છે. મને લાગે છે કે ભલે મારી માતા મારી પાસે નથી પરંતુ મને ચોક્કસ ખબર છે કે મારી માતા પ્રકૃતિના પ્રત્યેક પ્રતિકમાં એકાકાર થઈ ગઈ છે અને હર હંમેશ મારી પાસે જ છે.

મા સૂરજ છે, મા તડકો છે. યાદોથી ભરેલી ભીની સાંજ એ મા છે. રાતના અંધારામાં એ આગિયાની જેમ ઝળહળતી દેખાય છે. મા એ શ્વાસોને કાંત્યા છે. ઈશ્વર તો મૂર્તિ સ્વરૂપે દેખાય છે. પણ માનું માતૃત્વ તો નિરાકારને પણ નજરે ચડવા માટે તરસાવે તેવું છે. ઘર હવડ થઈ ગયું હોય તો ય એ ઘરમાં મા જ ધબકતી હોય છે. પર્વતો જેવી તપસ્યા કરનારી માતા સાવ અહંકાર વગરની નમ્ર નાનકડા રજકણ જેવી હોય છે.

મંત્રો અને શ્લોકો અને ઋચાઓ અને ગાથાઓ કેવી રીતે પ્રગટ્યા હશે ? એ પ્રગટ્યા હોય ત્યારે ભીતર કેવું અનુભવાય એ બધી વાતોની તો કલ્પના જ કરવી રહી પણ બાળકના હોઠેથી સંતવાણી જેવું મૌન લઈને પ્રગટતી મા જ હોય છે. નાના-નાના રજવાડાઓ અને સત્તાઓને માટે સિંહાસન ભલે મહત્ત્વના હોય પરંતુ દેહની સમગ્ર વિશ્વની જે ખરી રાજધાની છે તે તો માતૃત્વ છે, મા છે.

મા સર્જનના રહસ્યો જાણતી હોય છે અને જેમ જેમ માતાને સમજતા જઈએ છીએ તેમ તેમ માતા ભલે જગત છોડીને ચાલી નીકળી હોય પણ આપણને તો ભીતર છેક સમાધિ સુધી લઈ જતી હોય છે. મા ના પ્રેમને સમજવાનો ન હોય, અનુભવવાનો હોય. માટે જ મારી માતાને યાદ કરીને હું અમુક પંક્તિઓ લખું છું :

"પર્વતો કરતા જ એની સૌ તપસ્વિતાને નમન,
એય ક્યાંથી ઊંચકે રજકણથી નાની મા જ હો !"
"મને છોડી ગઈ ભીતર સમાધિમાં ઉતારીમા
વિરાસતમાં મને એનું જ તો સંતત્વ દેવાને,
ગઈ ખાલી જ હાથે પણ ગઈ પીડા વધારીમા."
"કરીને ડોકિયા થાકી ગઈ છો ને ક્ષિતિજમાં એ,
પરંતુ જો મને જોતી રહી છે એકધારી મા."
"અમારા શ્વાસની હર ખોટને ભરપાઈ કરવાને,
ફરી ઈશ્વરના ખાતામાં અમે પાછી ઉધારી મા."
"અગમનું મૌન તોડીને જ તો હર પ્રસંગ ટાણે
કહે છે તમારી દીકરી કે ઈશ્વરથી પણ
પ્યારી છે મારી મા."



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય (સન્માન)

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

મેજર સોમનાથ શર્મા, પરમવીર ચક્ર
પરમવીર ચક્ર (મરણોપરાંત) કુમાઉ રેજિમેન્ટ
જન્મ : ૩૧ જાન્યુઆરી, ૧૯૨૩
મૃત્યુ : ૨ નવેમ્બર ૧૯૪૭
(મરણોતર - ભારત - પાક યુદ્ધ)

**પ્રથમ પરમવીર ચક્ર**

"મા ! તને ગર્વ નથી થતો કે તારો દીકરો મા-ભોમની રક્ષા કાજે જાય છે !" અશ્રુભરી આંખે અને ધીમા સ્વરે માએ જણાવ્યું કે આ ઘણું જ જોખમી મિશન છે. અને હોકીની રમતમાં તારા ડાબા હાથે પ્લાસ્ટર આવ્યું છે. તું એક હાથે કઈ રીતે પરિસ્થિતિનો મુકાબલો કરી શકીશ ?

"મા ! મારે જવું જ પડશે. તું એક ફૌજી જવાનની પત્ની છું અને ફૌજી જવાનની માતા છું. તો તું કેવી રીતે ગભરાઈ શકે ? મા, મને ખબર છે કે તું મને કાયર બનવા નહીં દે."

માતા જાણતી હતી કે તે પોતાના પુત્રને આ વિનાશકારી મિશન માટે અવરોધી શકશે નહીં અને તે એ પણ જાણતી હતી કે પોતાનો પુત્ર એ બહાદુર યુવાન છે.

આ બહાદુર યુવાન એટલે પરમવીર ચક્ર વિજેતા મેજર સોમનાથ શર્મા.

તેમનું ફૌજી જીવન ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૨ થી શરૂ થયું; જ્યારે તેઓ ચોથી કુમાઉ રેજિમેન્ટમાં કમિશંડ ઑફિસર તરીકે પ્રવેશ્યા. પણ એમનો ફૌજી કાર્યકાળ બીજા વિશ્વયુદ્ધથી શરૂ થયો અને તેમને મલાયા પાસેના એક રણમાં મોકલવામાં આવ્યા. શરૂઆતથી જ તેઓએ પોતાના પરાક્રમનો મિજાજ દેખાડી દીધો અને એક વિશિષ્ટ પ્રકારના સૈનિકની છાપ ઊભી કરી.

તા. ૨૨ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ જ્યારે પાકિસ્તાને જમ્મુ કાશ્મીર ઉપર આક્રમણ કર્યું ત્યારે સોમનાથ શર્મા ડેલ્ટા કંપની ૪ કુમાઉ રેજિમેન્ટમાં મેજર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યાં હતાં. ૨૩ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ પહેલી ટુકડી અને સૈન્ય સામગ્રી દિલ્હી પાલમ એરપોર્ટથી શ્રીનગર ઉડ્ડયન ભરવાની હતી. સોમનાથ શર્માની કંપનીને પણ કાશ્મીરના રક્ષણ માટે શ્રીનગર એરપોર્ટનું રક્ષણ કરવાનો આદેશ મળ્યો. અને તા. ૩૧ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ શ્રીનગર માટે ઉડ્ડયન ભરવાનું હતું. એ સમયે ડાબા હાથમાં ફ્રેક્ચર હોવાથી તેઓ સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ થયા હતાં. પરંતુ જ્યારે તેમને ખબર પડી કે ૪ કુમાઉ રેજિમેન્ટ યુદ્ધ માટે કાશ્મીર જાય છે તો તેઓ હૉસ્પિટલથી ભાગીને ઑફિસર પાસે પહોંચી ગયા અને પોતાની કંપની સાથે યુદ્ધના મેદાન પર જવાનો આગ્રહ કર્યો. જો કે હાથની ઈજાના કારણે તેમને ના કહેવામાં આવી. પરંતુ સોમનાથ શર્માએ કમાન્ડર છું અને મારી કંપનીના જવાનો અને કાર્યશૈલીથી હું પૂરેપૂરો વાકેફ છું. તેથી મારે મારી કંપની સાથે કાશ્મીર નહીં જવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

મેજર સોમનાથના દૃઢ નિશ્ચયને કોઈ ખાળી શક્યું નહીં. માતાના આશીર્વાદ લેવા તેઓ ઘેર પહોંચ્યા. આ અંગેની પ્રેમાળ માતાની ચિંતા સાહજિક હતી. પરંતુ સોમનાથે કહ્યું, "મા, ચિંતા ના કર. બુલેટે એના ઉપર મારું નામ રાખવું પડશે. મને કોઈ ભય નથી !'

ભય પર જીત મેળવનાર મેજર સોમનાથ શર્મા એમની ટુકડીમાં ઘણા પ્રિય હતા. આથી જ તેમના સાથીઓ પ્યારથી તેમને સોમી સા'બ કહીને સંબોધતા હતા. તેમની બહાદુરી

અને વિવેકપૂર્ણ કથાઓએ તેમને જવાનોની વચ્ચે રાખ્યા હતા. ઘણાં વર્ષો પહેલાં બર્માના યુદ્ધ મોરચે ખેલાયેલી લોહિયાળ લડાઈ આવી જ એક પ્રચલિત ઘટનામાંની એક હતી. બહાદુર નામનો એક સૈનિક ખૂબ જ ગંભીર રીતે ઘવાયો હતો. જંગલમાં ભૂમિ ભાગની પ્રાકૃતિક રચના અપરિચિત અને ભૂલાવામાં નાખનારી હતી છતાં પણ પોતાની વ્યક્તિગત સલામતીની પરવાહ કર્યા વિના મેજર સોમનાથે બહાદુરને ઊંચકીને પોતાના ખભા ઉપર નાંખી દીધો અને સલામત સ્થળ બાજુ દોડવા લાગ્યા.

આ જોઈને તેમના કમાન્ડિંગ ઑફિસરે તેમને ચેતવણી આપી કે તે માણસને પોતાના ખભા પરથી ઉતારી નીચે મૂકી દે અને તેઓ જલ્દીથી કેમ્પ તરફ પાછા આવી જાય.

સોમનાથે નકારમાં પોતાનું માથું હલાવીને ઑફિસરને દૃઢતાથી જવાબ આપ્યો કે સર ! એને ખૂબ જ લોહી વહી ગયું છે અને તે ચાલી શકે તેમ નથી. છતાં પણ સોમનાથ તેને ઊંચકીને ખૂબ જ ઝડપથી દોડતા જતા હતાં અને તેઓ પોતાના મગજને પણ એ રીતે તૈયાર કરતાં હતાં કે ખભા પરનો સૈનિક એ તેમને બોજો ના લાગવા માંડે. જ્યારે સોમનાથ કેમ્પ પર પહોંચ્યા ત્યારે બહાદુરની સારવાર તરત જ ચાલુ થઈ ગઈ અને તેઓ આ કહાની કહેવા માટે જીવિત રહ્યા.

મેજર સોમનાથ શર્માની બહાદુરીનો પરિચય આપતી આવી જ એક ઘટનાનો અહીં આબેહૂબ ચિતાર આપવાનો પ્રયાસ છે.

ઑક્ટોબર ૧૯૪૭ની વાત છે. જ્યારે પંડિત જવાહરલાલ નહેરુને ભૂતપૂર્વ ડેપ્યૂટી કમિશ્નર ડેશ ઈસ્માઈલ ખાન પાસેથી એક સંદેશ મળ્યો કે પાકિસ્તાનથી પાકિસ્તાન-કાશ્મીરની સરહદ ઉપર સશસ્ત્ર આદિવાસીઓ મોકલવામાં આવી રહ્યાં છે જેમાંના કેટલાંકને તો પાકિસ્તાની સરકાર દ્વારા હથિયારો અને પરિવહન સેવા પણ પૂરા પાડવામાં આવી રહ્યાં છે.

બીજી બાજુ કાશ્મીરના મહારાજા હરિસિંગ ભારતના કોઈપણ દસ્તાવેજ ઉપર સહી કરવા આનાકાની કરતાં હતાં. નહેરુએ કોઈ પણ પગલાં લેવાની ના પાડી. પરંતુ બે અઠવાડિયા પઠાણ જાતિના આદિવાસી આફ્રિદી, મહસૂદ, પાકિસ્તાની સૈન્ય વગેરેએ મોટી સંખ્યામાં કાશ્મીરમાં દાખલ થવાનું શરૂ કર્યું. ૨૨ ઑક્ટોબરની રાત્રે આદિવાસીઓએ મુઝફરાબાદમાં આગચંપી કરી. પછી તેઓ શ્રીનગરથી ૫૦ માઈલ દૂર મહુરાના વીજ ઉત્પાદક મથકને અંકુશિત કરવા તરફ આગળ વધ્યા. આવી બધી પરિસ્થિતિમાં મહારાજા હરિસિંગે કાશ્મીર છોડવાનું નક્કી કર્યું. તેઓ તેમના કુટુંબીજનો સાથે જમ્મુ આવી ગયા. એમનું સ્વતંત્ર કાશ્મીરનું સ્વપ્ન ધૂળમાં મળી ગયું. તેમણે ભારતને મદદ માટે પૂછ્યું. આ સંજોગોમાં સરદાર વલ્લભભાઈ પટેલના વફાદાર સહયોગી વી. પી. મેનને જમ્મુ જઈને ભારતના મુદ્રિત દસ્તાવેજ ઉપર મહારાજ હરિસિંગની સહી મેળવી અને તરત જ ગવર્નર જનરલ માઉન્ટબેટન સાથે મિટિંગ માટે દિલ્હી પાછા આવ્યા. હવે કાશ્મીર ભારતીય યુનિયનનો એક ભાગ બની ગયું. અને તેના રક્ષણની જવાબદારી ભારતની બની. પરંતુ હંમેશની જેમ નહેરુના અનિર્ણાયક પગલાંથી સરદાર વલ્લભભાઈ પટેલે પિત્તો ગુમાવ્યો અને તેમણે પૂછ્યું કે જવાહરલાલ, તમને કાશ્મીર જોઈએ છે કે તમે તેને આપી દેવા માંગો છો, "અલબત્ત હું કાશ્મીર માંગું છું. તમે તમારા ઑર્ડર્સ આપો." નહેરુએ કહ્યું.

મેજર સોમનાથ શર્માનો ડાબો હાથ પ્લાસ્ટરમાં હતો. છતાં પણ તેમના કુટુંબીજનો, મિત્રો અને હૉસ્પિટલની સલાહની અવગણના કરીને ૩૧ ઑક્ટોબરની સવારે ટુકડીના ૫૦ જવાનો સાથે આ મિશન માટે શ્રીનગર પહોંચી ગયા. તેમનું કર્તવ્ય કાશ્મીર ઘાટીને પોતાના કબજા હેઠળ રાખવી, આક્રમણખોરોને પાછા હટાવવા અને ભારતના નવા જ સ્વતંત્ર થયેલા રાજ્યનું રક્ષણ કરવાનું હતું.

સોમનાથે એરોડ્રોમ પર ઊભા રહીને પરિસ્થિતિનું અવલોકન કર્યું. જો કે આ હવાઈપટ્ટી અત્યાર સુધી મહારાજના વ્યક્તિગત ઉપયોગ માટે હતી. તેથી વિશાળ કદના પ્લેનને ઉતારવા માટે આ હવાઈ પટ્ટી સક્ષમ નથી તેની જાણ મેજર સોમનાથને તરત જ થઈ ગઈ. પરંતુ ભારતીય વાયુસેનાના બહાદુર સુકાનીઓએ આ હવાઈપટ્ટીની મર્યાદા હોવા છતાં પણ દિલ્હીથી માનવી અને માલસામાન લાવવા લઈ જવાનો નિશ્ચય કર્યો. હવાઈપટ્ટીના જોખમને અવગણીને પ્લેન સતત લેન્ડ થતા રહ્યાં. દુશ્મનોની મોટી સંખ્યા શ્રીનગરની આ હવાઈપટ્ટીથી માત્ર ૬૨ માઈલ જ દૂર હતી. અને મેજર સોમનાથને તેમના

ઑફિસરના શબ્દો યાદ આવ્યા કે કાશ્મીરની કિસ્મત હવે તમારા હાથમાં છે. જો દુશ્મનો આ હવાઈપટ્ટી ઉપર કબજો જમાવવામાં સફળ થઈ જશે તો શ્રીનગર એ ભારતના બીજા ભાગોથી કપાઈ જશે.

બે દિવસ પછી દુશ્મનો કાશ્મીર ઘાટીના શ્રીનગર પાસેના એક ગામ બડગામ પહોંચી ગયા. જે શ્રીનગર હવાઈપટ્ટીથી થોડા જ માઈલ દૂર હતું. આ જાણીને બ્રિગેડિયર એલ. પી. બૉગે સેન, ૧૬૧ ઈન્ફન્ટીના કમાન્ડરે તુરત જ મેજર સોમનાથને એમની કંપની સાથે બડગામ મોરચા પર જવાનો હુકમ કર્યો. ૩જી નવેમ્બરના રોજ સૂર્યની પહેલી કિરણ ફૂટતા પહેલાં તો સોમનાથ પોતાની ટુકડી લઈને પહોંચી ગયા અને દિવસના અગિયાર વાગ્યા સુધી તો તેમણે બડગામ ગામના એક ઊંચા મેદાન પર ટુકડીને લડાયક સ્થિતિ પર તૈનાત કરી દીધી. તેઓ શ્રીનગરની હવાઈ પટ્ટીથી ત્રણ માઈલ પશ્ચિમ દિશા તરફ હતા. તેમની સાથે ૫૦ જવાનો હતા, પણ સામે ૫૦૦ ની સંખ્યામાં ધાડપાડુઓ હુમલો કરવાની તૈયારીમાં હતા.

મેજર સોમનાથ જ્યારે તેમના ઉપરી અધિકારી સાથે ટેલિફોન પર વાતચીત કરી રહ્યાં હતાં ત્યારે ગ્રામવાસીઓનાં એક ટોળાની શંકાસ્પદ હિલચાલથી તેમને સત્તાવાહી અવાજે રોકીને પૂછ્યું કે તમે કોણ છો ? ઊભા રહો. અને પોતાના સંત્રીને તેમની તલાશી લેવા જણાવ્યું. ત્યાં તો કિકિયારીઓ કરતાં તેઓએ પોતાના લાંબા ઝભ્ભામાંથી સંતાડેલા હથિયારો ખેંચી કાઢ્યા અને ગોળીબાર કરવાનું શરૂ કર્યું. મેજર અને તેમની ટુકડી સાવધ હતી એટલે આ ઘટના તરત જ ગંભીર લડાઈમાં પરિણમી. આ ધૃણાસ્પદ ઘટનાથી મેજર સોમનાથને એ સમજાઈ ગયું કે ધાડપાડુઓ ઘણી ખાનગી રીતે તેમના નાક નીચેથી પસાર થઈ ગયા છે. ગ્રામીણ પોશાકમાં સજ્જ થઈને તેઓ પોતાની યોજના સફળ બનાવી શક્યા. આ અણધારી આફત એ સૈન્ય માટે વિપત્તિજનક હતી. લોભી ધાડપાડુઓની મોટી સંખ્યા રસ્તામાં લૂંટફાટ કરતી હવાઈ પટ્ટી પર કબજો જમાવવા તેની નજીક પહોંચી ગઈ હતી. ત્યારે મેજર સોમનાથે કહ્યું, ''આપણે ભલે થોડા છીએ પણ આપણે બહાદુર છીએ. આપણામાં રહેલ સૂઝબૂઝ અને બુદ્ધિ ચાતુર્યથી લડો પણ મેદાન છોડીને ભાગશો નહીં.'' સોમનાથે તેમના સાથીઓને દુશ્મનો સામે લડવા માટે ઉદાહરણરૂપ હિંમત પૂરી પાડી.

બપોરનો ૨.૩૦ નો સમય હતો. ત્યારે દુશ્મનોની સેનાએ એમની ટુકડીને ત્રણેય તરફથી ઘેરીને હુમલો કર્યો. તીવ્ર ગોળી બારોથી સોમનાથની ટુકડી હતપ્રભ બની ગઈ. મેજર સોમનાથે ઘણી કુશળતાથી લશ્કરી વ્યૂહરચનાઓ અપનાવી અને હુમલાનો સફળતાથી સામનો કર્યો. એ પોસ્ટ પર તેઓ પોતાના સામર્થ્ય સાથે ઊભાં રહ્યાં. પરંતુ હુમલો ભયંકર હતો. તેમણે અને તેમના સાથીઓએ હિંમત ભેર ધાડપાડુઓનો સામનો કર્યો. સોમનાથે વાયરલેસ દ્વારા પોતાના બેઝ કેમ્પ પર નિવેદન મોકલ્યું કે અમારા ઉપર તીવ્ર હુમલો થઈ રહ્યો છે અને અમને બીજા વધારે સૈનિકો, સાધનો અને હવાઈ મદદની જરૂર છે. પરંતુ જ્યાં સુધી હવાઈ જહાજ હવાઈ પટ્ટી પર ના પહોંચી શકે ત્યાં સુધી કોઈ પણ પ્રકારની સહાયની અસમર્થતા દર્શાવતા કમાન્ડરે કહ્યું કે ટુકડીનું સંખ્યાબળ ઘટતું જતું હોવાથી તેઓ air-field પરથી હટી જાય. પરંતુ ભારતમાતાના આ વીર સંતાને નકારમાં કહ્યું, "No" દુશ્મનો અમારાથી માત્ર ૫૦ ગજ (યાર્ડ) જ દૂર છે. અમારું સંખ્યાબળ ઓછું છે. અમે અસરકારક રીતે ગોળીબારોનો સામનો કરી રહ્યાં છીએ. છતાં પણ હું એક ઈંચ પણ પીછેહઠ નહીં કરું. અને હું મારી આખરી ગોળી અને આખરી સૈનિક સુધી લડી લઈશ. જ્યાં સુધી વધારાની મદદ નહીં આવી પહોંચે ત્યાં સુધી હું મારા સ્થાન પર નિશ્ચિત રીતે પકડ જમાવી રાખીશ. ''શ્રીનગરની હવાઈપટ્ટી સૈન્ય માટે એક માત્ર જીવાદોરી સમાન હતી તે મેજર સોમનાથ સારી રીતે સમજતાં હતાં.

ભયની આટલી મોટી ભૂતાવળને નજર અંદાજ કરીને સોમનાથે પોતાના સૈનિકોનો જુસ્સો ટકાવી રાખ્યો. દિવસભર હુમલા થતાં રહ્યાં. દિવસભર સોમનાથ પોતાની ડેલ્ટા કંપનીને પ્રોત્સાહિત કરતાં દુશ્મનો સાથે લડતાં રહ્યાં. જમીન પણ અનેકોની લાશોથી ભરાઈ ગઈ. ડાબી જમણી બાજુએથી થતાં ગોળીબારોની અવગણના કરીને સોમનાથ હવાઈ જહાજોને લેન્ડ થવા માટે કપડાંની પટ્ટીઓથી જગ્યા પર ચિન્હો કરતાં ગયાં. તેઓ પોતાના સાથીઓને સતત કહેતાં જ રહ્યાં કે જ્યાં સુધી નવી કુમક આવી ના પહોંચે ત્યાં સુધી આપણે આ જગ્યા પર પકડ જમાવી જ રાખવી

પડશે. વિપરીત સંજોગોમાં પણ તેઓ બધા તેમનું શ્રેષ્ઠ કરવા માટે નિશ્ચયી હતાં. તેઓ જાણતાં હતાં કે સમગ્ર ભારતની દૃષ્ટિ તેમના પર કેન્દ્રિત છે. અને ભારતમાતાનું મસ્તક બચાવવાની જવાબદારી તેમની છે.

જાનહાનિ વધતી જતી હતી. સોમનાથ અને તેમના સાથીઓ બહાદુરીપૂર્વક સામનો કરતાં જતાં હતાં. તેમણે પણ ધાડપાડુઓને પરેશાન કરી મૂક્યાં હતાં. હાથમાં પ્લાસ્ટર હોવા છતાં પણ સોમનાથ પોતાની ટુકડીને સામૂહિક પ્રયાસ માટે ઉત્તેજન આપવા પોતાના પ્લેટ્ન વચ્ચે દોડતા રહ્યાં. અસંખ્ય વિનાશ અને નુકસાનને કારણે પોતાની કંપની અસ્થિર થતી જોઈને 'સોમે' એક હાથે મશીનગન ઉપાડી અને દુશ્મનો તરફ ગોળીબાર ચાલુ કરી ઘણાંને ઈજા પહોંચાડી. આ ભારતમાતાનો સપૂત 'સોમ' હતો. પોતાની માતૃભૂમિ માટે તે મેદાને જંગ છોડીને સરળતાથી ભાગી જનારો નહોતો. સાથીઓએ પણ રણભૂમિમાં પોતાનું કૌવત દર્શાવ્યું. પરંતુ તેમાં કશું જ આશ્ચર્યકારક નહોતું. કારણ કે મેજર સોમનાથ શર્મા તેમના પ્રેરણાસ્રોત હતા. સોમનાથે પોતાની પ્લેટ્નને પોતાનું સર્વસ્વ હોમી દેવાનો પડકાર ફેંક્યો અને લલકાર કર્યો, "Fight".

આખરે ભારતીય જવાનોનો મોટો કાફલો શ્રીનગરની હવાઈપટ્ટી પર આવી પહોંચ્યો ત્યારે દુશ્મનોને નિશ્ચિત રૂપે પાછા ધકેલી દેવાનો વિશ્વાસ પ્રબળ બન્યો. પરંતુ વાસ્તવિકતા એ હતી કે તેઓએ તેમના મૃત્યુને થોડુંક જ પાછું ધકેલ્યું હતું.

એકાએક મોટો ધડાકો થયો, કુમક મદદ માટે પહોંચી ત્યારે તો ત્યાં સ્મશાનવત શાંતિ હતી. નહોતા સંભળાતા બોમ્બ ધડાકાના અવાજ, નહોતી સંભળાતી ગોળીઓની રમઝટ અને નહોતી સંભળાતી સોમનાથ શર્મા નામના સિંહની ગર્જના. બડગામના મોરચા પર ભારતના બાવીસ નરબંકાઓ શહીદીની ચાદર ઓઢીને સૂતા હતા. પણ સામે પક્ષે પાંચસો પાકિસ્તાનીઓની લાશો ઢાળી દીધી હતી. શ્રીનગરનું હવાઈમથક સુરક્ષિત હતું અને કાશ્મીર પચાવી લેવાના પાકિસ્તાનીઓના મનસૂબા પર પાણી ફરી વળ્યું હતું.

મેજર સોમનાથ શર્મા, કંપનીના પ્રિય 'સોમી સા'બ' હવે નહોતા રહ્યાં. તેઓ પોતાની ફરજ પૂર્ણ કરી ચૂક્યા હતા. ત્યારે તેમના ગણવેશના ખિસ્સામાં ભગવદ્‌ગીતા હતી. જ્યાં સુધી સેનાની વધારાની કુમક ના પહોંચી ત્યાં સુધી રોકી રાખ્યા હતા; જ્યાં સુધી તેમના શરીરમાં પ્રાણ હતાં. "હું જીવીશ ત્યાં સુધી એક પણ પાકિસ્તાનીનો પગ કાશ્મીરની ધરતી પર નહીં પડવા દઉં." એ તેમણે સાર્થક કરી બતાવ્યું. મેજર સોમનાથ સાથે ૪ કુમાઉની ડેલ્ટા કંપની શહીદ થઈ ગઈ. આઝાદ ભારતનું આ પ્રથમ યુદ્ધ અને પ્રથમ બલિદાન હતું જે કુરુક્ષેત્રની લડાઈ કરતાં પણ ભીષણ હતું.

"બહાદુરી કા જોહર, ના મુમકિન કા મુમકિન કરે,
હાંસલ કરતા હૈ વો, જો દેશકી રક્ષા મેં જાનકી બાજી લગા દે."

પરમવીર ચક્ર, આ પદક દેખાવમાં ખૂબ જ નાનો લાગે, પરંતુ રણભૂમિમાં શૌર્ય દર્શાવવા બદલનું સર્વોચ્ચ સન્માન છે. મેજર સોમનાથ શર્માએ હિંમત, વીરતા, દૃઢતા તથા નેતૃત્વ શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભારતીય ભૂમિ સેનાના ઇતિહાસમાં તેના જેવું જવલ્લે જ જોવા મળશે. મેજર સોમનાથ શર્મા કાશ્મીરના રક્ષણમાં અને કાશ્મીરને પાકિસ્તાનના હાથમાં જતું રોકવા માટે પોતાની જાન કુરબાન કરનાર પ્રથમ શહીદ હતા. તેમની આ કર્તવ્ય પરાયણતા માટે મરણોપરાંત યુદ્ધ સમયનું સર્વોચ્ચ શૌર્ય સન્માન 'પરમવીર ચક્ર'થી તેમને સન્માનિત કરવામાં આવ્યા. ઈ.સ. ૧૯૫૦માં તેમના પિતા જનરલ અમરનાથ શર્માને આ પદક અર્પણ કરવામાં આવ્યું ત્યારે તેમની આંખો ભીની નહોતી પણ છાતી ગૌરવથી ફૂલી નહોતી સમાતી.

સંજોગની બલિહારી એ હતી કે પ્રથમ પરમવીર ચક્ર મેળવનાર મેજર સોમનાથ શર્મા પરમવીર ચક્રની ડિઝાઈન તૈયાર કરનાર સાવિત્રીદેવીની દીકરીના દિયર હતા.

હિમાચલ પ્રદેશમાં, કાંગરા જિલ્લાના ડાઘ ગામે જન્મેલા મેજર સોમનાથ શર્માના છેલ્લા શબ્દો, "Till the Last Bullet of Last Soilder" આજે ભારતીય સૈન્યના દરેક સિપાહી માટે મુદ્રાલેખ બની ગયો છે.

ડિસેમ્બર ૧૯૪૧માં તેમણે તેમના માતાપિતાને લખેલો પત્ર સૌના માટે એક આદર્શ મિસાલ બની ગયો

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# વિદ્યાર્થી આલમ

## પર્યાવરણ અને આપણે

**શેખ નરરહ** ધો.૧૦, જે.એન. બાલિકા વિદ્યાલય

Only after the last tree has been cut down,
Only after the last river has been poisoned,
Only after the last fish has been caught,
Only then will you find, you can eat money.

પર્યાવરણ એક એવાં વૃક્ષ સમાન છે, જેની એક શાખા માનવજાતિ છે. માનવજાતિનો જન્મ, વિકાસ, અસ્તિત્વ, મૃત્યુ - પર્યાવરણ સાથે સંબંધિત છે. માણસ જાતનાં અસ્તિત્વથી માંડીને વિકાસ સુધી પહોંચવાનું પહેલું પગથિયું પર્યાવરણની યોગ્ય માવજત અને વિકાસ છે.

"સરી જતાં સમય પર કોણે નજર કરી છે ?
ખરી જતાં ફૂલોની કોણે કદર કરી છે ?
પર્યાવરણે આપણને તો ઘણી મદદ કરી છે.
પણ તેનું જતન કરવા કોણે કમર કસી છે ?"

ચારે બાજુ 'પર્યાવરણ બચાવો' નો નારો લગાવવામાં આવે છે પણ 'પર્યાવરણ એટલે શું ?' માનવ સહિત તમામ જીવસૃષ્ટિ જેનાં ઉપર આધાર રાખે છે તે છે પર્યાવરણ. હવા, જે આપણે શ્વાસમાં લઈએ છીએ. જમીન, જે આપણને પોષે છે. પાણી, જેને આપણે પીએ છીએ, પૃથ્વીની આજુબાજુનું વાતાવરણ જે પૃથ્વી પર જીવન શક્ય બનાવે છે, તેમજ અન્ય સજીવો કે જે આપણી સાથે જીવે છે, આ બધાંનો સમન્વય એટલે પર્યાવરણ.

પર્યાવરણ એ આજનો બહુચર્ચિત શબ્દ છે. જે પરિ + આવરણ બે શબ્દોનો બનેલો છે. તેમાં 'પરિ' એટલે 'આસપાસ' અને આવરણ એટલે 'વીંટળાયેલું' આમ, પર્યાવરણ એટલે 'આસપાસ આવેલું' એવો અર્થ તારવી શકાય.

ડાર્વિને ૧૯૫૯માં The Origin of the Species નામનાં તેમનાં વિખ્યાત પુસ્તકમાં પ્રથમવાર જ પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિની મહત્તા તરફ વિશ્વનું ધ્યાન ખેંચ્યું. ત્યાર પછી જર્મન ભૂગોળશાસ્ત્રી ફ્રેડરિક રેટઝેલે પર્યાવરણની સાથે સાથે માનવીની ક્રિયા-પ્રક્રિયાને પણ મહત્વની ગણાવી.

પર્યાવરણનાં મુખ્ય ઘટકો : ૧. પાણી, ૨. જમીન, ૩. હવા, ૪. વનસ્પતિ, ૫. અન્ય સજીવો.

કુદરતે આ તમામ ઘટકોને એકબીજા સાથે એટલી ગાઢ રીતે જોડી લીધાં છે કે કોઈ પણ ઘટકનું જીવન અસ્તિત્વ બીજા વગર શક્ય નથી. પાણી, જમીન, હવા એ ત્રણેય પરિબળો સજીવોની પ્રાથમિક જરૂરિયાત છે. આમાંથી એક પણ વગર સજીવોનું જીવન શક્ય નથી.

પર્યાવરણનાં પ્રકાર : પર્યાવરણનાં મુખ્ય બે પ્રકાર છે.

**૧. પ્રાકૃતિક:** પ્રાકૃતિક પર્યાવરણમાં કુદરતી અસ્તિત્વ ધરાવતાં સજીવ અને નિર્જીવ એમ બંનેનો સમાવેશ થાય છે. આ તત્ત્વોથી બનેલાં આવરણને 'પ્રાકૃતિક' પર્યાવરણ કહીએ છીએ.

**૨. સાંસ્કૃતિક:** માનવીએ જેનું નિર્માણ કર્યું હોય તેને 'સાંસ્કૃતિક' શબ્દથી ઓળખવામાં આવે છે. માનવીએ ગુફાનિવાસ પણ કર્યો અને અવકાશપ્રવાસ પણ કર્યો. આ દરમિયાન માનવીએ પોતાનો સમાજ રચ્યો. માનવીએ સામાજિક, આર્થિક અને રાજકીય પર્યાવરણનું સર્જન કર્યું. આમ, માનવીએ પોતે રચેલાં અનેક ક્ષેત્રો એ તેનું સાંસ્કૃતિક પર્યાવરણ છે.

**પર્યાવરણ અંગે જાગૃતિ :** પર્યાવરણની ગુણવત્તા જે ઝડપે બગડી રહી છે તેનાથી પર્યાવરણવાદીઓ અને સરકાર ચોંકી ગયા છે. અને તેથી હવે પર્યાવરણને જાળવી રાખવાનાં તેમજ તેની ગુણવત્તા વધે તેવાં પ્રયત્નો કરવાનું આયોજન વિશ્વસ્તરે કરવામાં આવે છે. આપણા દેશની સરકારે Article 48A ઉમેર્યો, જેનાં દ્વારા પર્યાવરણની જાળવણી અંગે કેટલીક બાબતો સામાન્ય નાગરિક પર લાદવામાં આવી છે.

પશુ-પંખીઓ, જીવ-જંતુઓ, માનવીઓ અને સમગ્ર સજીવ સૃષ્ટિનો આધાર સ્તંભ છે પર્યાવરણ. વિશાળ, અનંત, અગાધ એવા બ્રહ્માંડમાં અગણિત સૂર્યો અને તેનાં જેવાં ગ્રહો છે. પણ આજ સુધી પૃથ્વી સિવાયનાં કોઈપણ ગ્રહ ઉપર જીવન હોવાનાં પુરાવાઓ મળ્યાં નથી. તેનું એકમાત્ર કારણ છે આપણી વસુંધરાનું પર્યાવરણ. કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ છે –

'વિશાળ જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ'.

પર્યાવરણ અને આપણે સિક્કાની બે બાજુઓ છીએ. અત્યાર સુધી માનવી પર્યાવરણનાં મહત્ત્વને સમજી શક્યો ન હતો. હવે જ્યાં પર્યાવરણનું મહત્ત્વ સમજાયું છે અને એવું પણ સમજાયું છે કે પર્યાવરણ જળવાશે તો  જ માનવીનું અસ્તિત્વ જળવાશે. માનવીને આ સત્ય સમજાતાં તે પર્યાવરણને જાળવવાનાં અને તેને સુધારવાનાં પ્રયત્નો કરે છે.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતિ છે. તંત્રીઓ.**

● **નીટનું પરિણામ જાહેર થયું જેમાં દેશના ટોપ ૨૫માં ગુજરાતના બે વિદ્યાર્થીઓ આવ્યા :** મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટેની આ વર્ષની પ્રથમવારની ફરજિયાત નીટ-પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં દેશના ટોપ ૨૫ વિદ્યાર્થીઓમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓ છે. જ્યારે ટોપ ૫૦૦માં ગુજરાતના ૭થી વધુ વિદ્યાર્થીઓ છે. ગુજરાતમાંથી પરીક્ષા આપનારા અંદાજે ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓમાંથી ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા પાસ કરી હોવાનો અંદાજ છે. જ્યારે ૭૨૦માંથી ૫૦૦થી વધુ માર્ક્સ ધરાવતા અંદાજે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ છે.

● **ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં જૂના કોર્સમાં નાપાસની તમામ વિષયની પરીક્ષા દિવાળી વેકેશનમાં લેવાશે :** ધો. ૧૨ સામાન્ય પ્રવાહનો ૨૦૧૭-૧૮ના વર્ષની સંપૂર્ણ કોર્સ બદલાઈ ગયો છે. ત્યારે જૂના કોર્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની બોર્ડ દ્વારા ફરીથી પરીક્ષા લેવાનો સરકારે નિર્ણય કર્યો છે. શિક્ષણ વિભાગની મંજૂરીથી બોર્ડ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ દિવાળી વેકેશનમાં ધો.૧૨ના જૂનો કોર્સના તમામ વિષયોની બોર્ડ દ્વારા પરીક્ષા લેવાશે. એકથી વધુ અને તમામ વિષયમાં નાપાસ થયેલાની પ્રથમવાર જાહેર બોર્ડ પરીક્ષા દિવાળી વેકેશનમાં લેવાશે જેનો અંદાજે ૨.૫ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે.

● **બોર્ડની સાયન્સની સેમેસ્ટર મુજબની અંતિમ પરીક્ષામાં ૧૧૪ પાસ થયા :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૧-૧૨ સાયન્સની સેમેસ્ટર પદ્ધતિમાં ૨૦૧૧થી લઈને ૨૦૧૭ સુધીમાં જે સેમેસ્ટરમાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ હોય તેઓને અંતિમ તક આપતા તા. ૨૮થી ૩ જુલાઈ સુધી પરીક્ષા લેવામાં આવી હતી. જેમાંથી ૧૧૫ પાસ થયા છે અને ૪૪ નાપાસ થયા છે.

● **ગુણોત્સવના પરિણામમાં થયેલો સુધારો :** સરકારી પ્રાથમિક શાળાના ગુણોત્સવનું પરિણામ આવ્યુ છે. તેમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં A+ ગ્રેડની શાળાઓ પાંચ હતી તેમાં વધારો થયો છે. તે વધીને ૨૧૧૪ થઈ છે. જ્યારે A ગ્રેડની શાળાઓ ૨૬૫થી વધીને ૧૭૬૩૫ની થઈ છે. B ગ્રેડની શાળાઓ ૩૮૨૩થી વધીને ૧૨૫૨૭ની થઈ છે. જેની સામે નબળી ગણાતી C ગ્રેડની શાળાઓની સંખ્યા ૧૨૮૨૭થી ઘટીને ૧૫૯૦ તથા D ગ્રેડમાં ૧૪૫૮૨થી ઘટીને ૩૭૨૪ રહી છે. ગુણોત્સવ-૭ દરમિયાન રાજ્યની ૩૪૨૩૮ પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન કરાયું હતું. કુલ ૫૦૫૨૯૮૦ બાળકોનું મૂલ્યાંકન થયું હતું.

● **બી.કોમ અને બીબીએના અભ્યાસમાં નવા વર્ષથી જી.એસ.ટી.ના પાઠ ઉમેરાશે :** સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સને બીકોમ અને બીબીએના અભ્યાસક્રમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા તારીખ ૧ જુલાઈ ૨૦૧૭થી દેશભરમાં અમલમાં આવેલા જી.એસ.ટી. ટેક્સનો નવા અભ્યાસક્રમમાં ઉમેરો કરવા માટે મળેલી બેઠકમાં બી.કોમ અને બીબીએના સે-૫માં ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ ટેક્સ અંગેનો જે પાઠ્યક્રમ ભણાવવામાં આવે છે તેને રદ કરીને તેના સ્થાને નવો ગુડ્સ અને સર્વિસ ટેક્સનો પાઠ્યક્રમ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

નવા જી.એસ.ટી.ના અભ્યાસક્રમ અંગે અગાઉ યુનિવર્સિટીમાં જુદા જુદા ૧૪૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સાથે યોજવામાં આવેલા પરિસંવાદના સંદર્ભે નવો અભ્યાસક્રમ તૈયાર કરવાની વિચારણા થઈ હતી. આ અંગે યુનિવર્સિટીના કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે નવા પાઠ્યક્રમથી કોમર્સ અને મૅનેજમેન્ટના હજારો વિદ્યાર્થીઓને ફાયદો થશે. આ માટે અધ્યાપકોને નવા પાઠ્યક્રમનું

પ્રશિક્ષણ આપવા સેમિનાર યોજાશે તેમજ વિદ્યાર્થીઓને વિશેષ સ્ટડી મટીરિયલ્સ અપાશે.

● **શાળાઓમાં ડ્રોપ આઉટની ચિંતાનજક સ્થિતિ :** ગુજરાત યુનિવર્સિટીમાં વર્તમાન શિક્ષણ નીતિ અને સમસ્યાઓ પર સેમિનાર યોજાયો હતો. જેમાં શિક્ષણવિદો દ્વારા કરાયેલી ચર્ચા અને વક્તવ્ય મુજબ હાલ સ્કૂલો સ્તરે ડ્રોપ આઉટ વધ્યો હોઈ ઉચ્ચ શિક્ષણનું સ્તર ઘટી રહ્યું છે. ધો.૧૦માં પાસ-નાપાસ પછી ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓ આગળ ભણતા જ નથી જે ખૂબ ગંભીર બાબત છે.

યુનિવર્સિટીના ઝૂલોજી વિભાગ ખાતે યોજાયેલા આ સેમિનારમાં કરાયેલી ચર્ચા અને થયેલા વક્તવ્યો મુજબ શાળા સ્તરે તેમજ ઉચ્ચશિક્ષણ સ્તરે શિક્ષણનું ખાનગીકરણ થઈ રહ્યું છે. આ ઉપરાંત સૌથી ચિંતાની બાબત એ છે કે ધો.૧૦માં વરસોવરસ વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે. આ વર્ષે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરંતુ ધો.૧૦માં પાંચ લાખ પાસ થયા છે અને બાકીના ભણવાનું છોડી દે છે.

ધો.૧૦માંથી ૧૧-૧૨ સાયન્સ-કોમર્સ તેમજ ડિપ્લોમાં ઈજનેરી તથા આઈટીઆઈ સહિતના કોર્સીસમાં ૧૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ લે છે. ત્યારે બાકીના ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ ક્યા જાય છે ? કયા પ્રવાહમાં વળે છે તે વિચારવાની બાબત છે. શાળાઓમાં ડ્રોપ-આઉટ ઘટવાને બદલે વધી રહ્યો છે.

● **આઈઆઈએમએમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી ઈજનેરી ગ્રેજ્યુએટ્સમાં ઘટાડો :** આઈઆઈએમએ અમદાવાદમાં બે વર્ષના પીજીપી, એમબીએ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ અને એક વર્ષના પીજીપી એગ્રીકલ્ચર બિઝનેસ મૅનેજમેન્ટ (એફએબીએમ) સહિતના બંને કોર્સમાં આ વર્ષે વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી છે. જ્યારે એન્જિનિયરિંગ બેકગ્રાઉન્ડ ધરાવતા ગ્રેજ્યુએટ્સની સંખ્યામાં ઘટાડો થયો છે. છેલ્લે બે વર્ષમાં પીજીપીમાં ૧૪ ટકા વિદ્યાર્થિની વધી અને ઈજનેરી વિદ્યાર્થીઓ ૨૩ ટકા ઘટ્યા છે.

**ટૂંકાવીને**

- નીટમાં ગુજરાતના ટોપર્સમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા નહિવત.
- જીએસટી આધારિત સીએનો નવો કોર્સ લોન્ચ પ્રથમ પરીક્ષા મે-૨૦૧૮થી લેવાની સંભાવના.
- એમ.એ.માં જૂનો કોર્સ ભણાવવાનો નિર્ણય.
- ગરીબ વિદ્યાર્થીઓને મફત અપાતી સ્વાધ્યાયપોથીની ગ્રાન્ટ બંધ કરવામાં આવી.
- એક સમાચાર મુજબ હવે વિદ્યાર્થી કૉલેજમાંથી મતદાર તરીકે નામ નોંધાવી શકશે.
- ચાલુ વર્ષે જાહેર કરાયેલા ફાર્મસી મેરિટમાં "બી" ગ્રૂપના ૧૦૫૦૦ અને "એ" ગ્રૂપના માત્ર ૭૦૦ વિદ્યાર્થીઓ. કુલ ૧૧૨૨૦ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ.
- ધો.૧૨ સામાન્ય પછીના ડિગ્રી-ડિપ્લોમાં ફાર્મસી મોક રાઉન્ડમાં ૪૨૭૭ને પ્રવેશ પણ એ બેઠક ખાલી નહિ.

**પરમવીર ચક્ર**

હતો. એમણે લખ્યું હતું, "હું મારી ફરજનું પાલન કરી રહ્યો છું. અહીં મોતનો ક્ષણ માટે ભય ચોક્કસ લાગે છે, પરંતુ જ્યારે હું ગીતામાં ભગવાન કૃષ્ણના શબ્દો યાદ કરું છું તો મારો ભય નાશ પામે છે. ભગવાન કૃષ્ણએ કહ્યું હતું કે આત્મા અમર છે. તો પછી શું ફર્ક પડે છે શરીર હોય કે નાશ પામે ? પિતાજી હું આપને ડરાવવા નથી માંગતો પરંતુ જો મારું મૃત્યુ થાય તો હું આપને વિશ્વાસ અપાવું છું કે હું એક બહાદુર સિપાહીની મોતે મરીશ. મૃત્યુ સમયે મને પ્રાણ જવાનું કોઈ દુ:ખ નહીં હોય. ઈશ્વર આપ સૌની ઉપર કૃપાદૃષ્ટિ રાખે."

ભારતમાતાના આ વીર સપૂતની શહાદત અને રાષ્ટ્રભાવનાને કોટિ કોટિ વંદન કરતાં 'શહીદ' ફિલ્મના હૃદયસ્પર્શી શબ્દોથી અંકિત ગીતની કેટલીક પંક્તિઓથી કદાચ આવનારા સમયના યુવાનોની એક આખી પેઢી પ્રભાવિત થઈ જાય તેવું બને.

'શહીદ તેરી મૌત હી તેરે વતન કી જિંદગી
તેરે લહૂ સે જાગ ઉઠેગી ઈસ ચમનકી જિંદગી
ખીલેંગે ફૂલ ઉસ જગહ પે તું જહાં શહીદ હો,
વતન કી રાહ મેં વતન કે નૌજવાં શહીદ હો.'

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત તમામ શાળાઓમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી લોકશાહી ઢબે કરવામાં આવી હતી. જેમાં કારોબારી સંઘની સોગંધ વિધિ કરવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. શિક્ષકમિત્રોએ ખૂબ જ ઉમદા આયોજન કરવામાં આવ્યું હતું.













Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • ઓગસ્ટ - ૨૦૧૭ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

## મારા રાષ્ટ્રને જગાડ !

રવીન્દ્રનાથ ઠાકુર

જ્યાં મન ભયરહિત અને
મસ્તક ઉન્નત હોય;
જ્યાં જ્ઞાન મુક્ત હોય;
જ્યાંનું જગત ઘરગથ્થુ
દીવાલોથી વહેંચાયેલું ન હોય;
જ્યાં વાણીનું ઉદ્‌ગમ સ્થાન
માત્ર સત્ય જ હોય,
જ્યાં અથાગ પુરુષાર્થ
સંપૂર્ણતાને પામવાને
પ્રયત્ન કરતો હોય;
જ્યાં વિવેક અને બુદ્ધિનું ઝરણું
રણની સૂકી રેતીમાં
લુપ્ત ન થઈ જતું હોય;
જ્યાં મન સતત
વિશાળ વિચારધારામાં
પરોવાયેલું રહેતું હોય
એવા સ્વાતંત્ર્યના સ્વર્ગમાં
હે પ્રભુ !
મારા રાષ્ટ્રને જગાડ !



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.